કમલદલ–૧૧

॥ શ્રી શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

મધુરાષ્ટક રસપાન

સંકલન

દેવેન્દ્ર શાહ

(નિમિત્તમાત્ર)

પુસ્તકનું નામ : **મધુરાષ્ટક રસપાન**©

સંકલન – પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન : દેવેન્દ્ર શાહ
૫૦૨, આંગન એપાર્ટમેન્ટ,
કસક પાસે, ભરૂચ–૩૯૨ ૦૦૧.
ફોન : (૦૨૬૪૨) ૨૨૯૦૪૮
મો. : ૯૪૨૮૧ ૭૬૩૦૨

આવૃત્તિ : ૨૦૧૭ (પ્રથમ)

મૂલ્ય : પ્રયાસ – તત્સુખાર્થ

ન્યોચ્છાવર : રૂપિયા

રવાનગી ખર્ચ : વધારાનો

અર્પણ : જેમણે સૌ પ્રથમ આ મધુરતાનું રસપાન કર્યું તેવા શ્રી મધુરાધિપતિ, શ્રી યમુનાજી તથા શ્રી દમલાજીને સમર્પિત....

બે બોલ

કૃષ્ણ સદાનંદ છે, અગણિતાનંદ છે, પૂર્ણકામ છે છતાં રસાત્મક છે એટલું જ નહિ સર્વરસનું આદિકારણ છે, તેથી જ આપને શ્રુતિ રસોવૈસઃ કહે છે.

લાગે છે કે શ્રીઅચાર્યજીએ આ સ્વરૂપને જ શબ્દ દેહ આપીને આ અષ્ટક પોતાના હૃદયંગત ભાવમાંથી પ્રકટ કર્યું છે. આ રસ તો માણવા યોગ્ય જ છે. આ રસમાં પ્રભુનું સ્વરૂપ, નામ, લીલા, ગુણ તથા લીલા પરિકર સર્વનો દિવ્યરાસ છે, તેથી તો ફલરૂપ છે.

ફલને જાણ્યા કે માણ્યા વગર તેના વિશે કંઈ પણ કહેવું તે અનધિકાર ચેષ્ટા કે ધૃષ્ટતા છે તે જાણવા છતાં પણ કરોડો સૂર્ય–ચંદ્રથી પણ અધિક પ્રકાશમાન પ્રભુને માટે મારા હૃદયના ભાવરૂપ એક નાનકડા દીવડાથી હું આપનો સત્કાર કરવા ચાહું છું, જેમ શ્રી રામચંદ્રજીના સેતુબંધમાં નાનકડી ખિસકોલીનો સહયોગ... શ્રી આચાર્યજી મને ક્ષમા કરીને મારા પર કૃપા કરો....

અનુક્રમણિકા

(૧)

ભૂમિકા

મધુરાષ્ટક શ્રી આચાર્યજીની અદ્‌ભૂત કૃતિ છે. ગાગરમાં સાગર નહિ પણ બિંદુમા સૃષ્ટિ સમાયેલી છે, જેમ પ્રભુએ પોતાના નાનકડા મુખારવિંદમાં માતાજીને વિશ્વદર્શન કરાવ્યું હતું. ફરક એ છે કે એ ભગવદ્‌કૃતિમાં પ્રભુએ માહાત્મ્યજ્ઞાન પ્રકટ કર્યું હતું અને અહીંયાં તો શુદ્ધ રસાત્મક મધુરમ છલકાયું છે. મધુરાધિપતિએ પોતાની દિવ્ય મધુરતાની આડેથી જાણે માયાનો ટેરો ફાડીને ફેંકી દીધો હોય.

આ કાવ્યમાં તો વ્રજની ક્ષુદ્ર રજને પ્રભુએ માથે ચડાવીને મધુરતાનું દાન કરી દીધું છે. શ્રી આચાર્યજીએ કૃપાથી જ આ અત્યંત ગોપ્ય ભગવદ્ સ્વરૂપ આપણા જેવા હીન અધિકારી સામે પણ પ્રકટ કરી દીધું છે પરંતુ તેને માણવા માટે ભકિતરૂપ દષ્ટિ અને ભગવદ્‌કૃપા આવશ્યક છે.

વાર્તા પ્રસંગ બતાવે છે કે શ્રી આચાર્યજી દૈવી પુષ્ટિ જીવોને શોધવા અને પોષવા ભૂતલ પર ખૂલ્લા ચરણારવિંદે ભ્રમણ કરતાં કરતાં ભગવદ્ લીલાસ્થલી શ્રીગોકુલ પધાર્યા ત્યારે શ્રીગોકુલે પોતાનું માહાત્મ્ય તિરોહિત કરી દીધું હતું તેમ જણાય છે તેથી તો શ્રી આચાર્યજી પૂછે છે—આમાં ગોવિંદઘાટ કયો અને ઠકુરાની ઘાટ કયો ? એમ લાગે છે કે શ્રીઆચાર્યજી શ્રીયમુનાજીને જ પૂછે છે, કેમ કે પ્રભુનાં અંતરંગીની શ્રીયમુનાજી શ્રીઠાકોરજીની સમસ્ત લીલાના ભકિતપૂર્વકના સાક્ષી છે. ‘‘વિશુદ્ધ મથુરા તટે સકલ ગોપગોપી વૃતે.’’ શ્રી આચાર્યજી હમણાં વ્રજલીલા સ્થલીના આવેશમાં તેને વિશેષ ઘૂંટવા માગે છે તેથી શ્રીયમુનાજીએ પ્રકટ થઈને પોતાના આધિદૈવિક સ્વરૂપથી સ્થળોનો દિશા નિર્દેશ કર્યો. આથી શ્રી આચાર્યજીના હૃદયમાં વ્રજભાવ અતી ગાઢ થયો અને તે ભાવુક દશામાં આપ શ્રી યમુનાજીની ‘‘નમામિ યમુનામહં’’ શબ્દોથી સ્તુતિ કરે છે.

પરંતુ શ્રીઆચાર્યજી પોતાના ભૂતલ પ્રાકટયનો ઉદ્દેશ ભૂલતા નથી. સહસ્ત્ર પરિવત્સરથી પ્રભુથી વિખૂટા પડીને ભટકી ગયેલા આવિદ્યાગ્રસ્ત પુષ્ટિજીવોને પરમશુદ્ધ—સમ પ્રભુનો મેળાપ કરી આપવાની આપની પ્રતિજ્ઞા છે અને ચિંતા પણ છે, કેમ કે સદોષને પ્રભુ અંગીકાર કરે તેવો સ્પષ્ટ કોઈ શાસ્ત્રોકત માર્ગ જણાતો નથી. જો કે આ જ ચિંતા તો પ્રભુને પણ છે તેથી તો શ્રાવણના અમલ પક્ષની એકાદશીએ પ્રભુ મધ્યરાત્રીએ મર્યાદા કૂદાવીને શ્રીઆચાર્યજીને કહી દે છે.

‘‘બ્રહ્મસંબંધ કરણાત્ સર્વેષાં દેહ જીવયોઃ

સર્વદોષ નિવૃતિઃ હી દોષા પંચવિધા સ્મૃતાઃ

પ્રભુના આવા અતી શુદ્ધ કેવલ પ્રમેય સ્વરૂપના સાક્ષાત્ દર્શન શ્રી આચાર્યજીને થયા ત્યારે આપશ્રીના મુખમાંથી સહજતયા આપના મૂળસ્વરૂપની પ્રશસ્તિ કરતા શબ્દો સરી પડયા... ‘‘અધંર’’ મધુરં વદનં મધુરં.... મધુરાધિપતે રખિલં મધુરમ્....

॥ શ્રીમધુરાષ્ટકમ્ ॥

અધરં મધુરં વદનં મધુરં નયનં મધુરં હસિતં મધુરમ્ ॥
હૃદયં મધુરં ગમનં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૧॥

વચનં મધુરં ચરિતં મધુરં વસનં મધુરં વલિતં મધુરમ્ ॥
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૨॥

વેણુર્ મધુરો રેણુર્ મધુરો પાણિર્ મધુરઃ પાદૌ મધુરૌ ॥
નૃત્યં મધુરં સખ્યં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૩॥

ગીતં મધુરં પીતં મધુરં ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્ ॥
રૂપં મધુરં તિલકં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૪॥

કરણ મધુરં તરણં મધુરં હરણ મધુરં રમણં મધુરમ્ ॥
વમિતં મધુરં શમિતં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૫॥

ગુગ્જા મધુરા માલા મધુરા યમુના મધુરા વીચી મધુરા ॥
સલિલં મધુરં કમલં મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૬॥

ગોપી મધુરા લીલા મધુરા યુક્તં મધુરં મુક્તં મધુરમ્ ॥
દષ્ટં મધુરં શિષ્ટ મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૭॥

ગોપા મધુરા ગાવો મધુરા યષ્ટિર્ મધુરા સૃષ્ટિર્ મધુરા ॥
દલિતં મધુરં ફલિત મધુરં મધુરાધિપતેરખિલં મધુરમ્ ॥૮॥

સૃષ્ટિમાં જે કંઈ મધુરતા છે, રસ છે, આનંદ છે તેનું મૂળ કે હેતુ રસોવૈસઃ કૃષ્ણ છે. સાકરની પૂતળી જેમ સર્વ અંગોએ મીઠી હોય તેમ પ્રભુ પણ કર–પાદ–મુખ–ઉદર સર્વત્ર આનંદ રૂપ છે. આપ આનંદઘન હોવાથી આપની આનંદ દ્રવ રૂપ કૃપા પોતાના પ્રિયજનો પ્રતિ વહેતી રહે છે અને તેનો ભકતોને અનુભવ થાય માટે તો આપે ટેઢો મુકુટ ધરે છે, ટેઢા કૃપાકટાક્ષ કરે છે, ટેઢા ઠાડા રહે છે, લલિત ત્રિભંગી થાય છે... માટે તો શ્રી આચાર્યશ્રી વદે છે. मधुराधिपते रखिलम् मधुरम्

(1) अधरम् मघुरम् १/१ :   ઐશ્વર્ય   સકલસિદ્ધિના હેતુરૂપ

આપના અધર મધુર આનંદ રસને ધારણ કરનાર છે અને આનંદ રસનો દાતા છે. જે શ્રીમદ્ ભાગવતના વેણુગીતના પ્રસંગમાં અધરસુધાના નામે પ્રસિદ્ધ છે. દેવ ભોગ્યા, ભગવદ્ ભોગ્યા અને સર્વાભોગ્યાના પ્રકારો ત્યાં બતાવ્યા છે. શ્રીગુ સાંઈજીએ પોતાનું ચર્વિત તાંબુલ ગોપાલદાસને આપીને તેમના સૂકાભટ્ઠ રણને સાગરમાં પલટી નાખ્યો. આ અધરસુધાની પાછળ પ્રભુની અધરસુધાનું જ સામર્થ્ય હતું.

આ સુધા अघर કોઈથી ધારણ થઈ શકે એવી નથી માત્ર પરમ કૃપા પાત્ર પ્રિય ભકતોજ ભગવદ્ કૃપાથી ધારણ કરી શકે માટે તેને अघर કીધું છે. આપના ઓષ્ઠ ખૂબ જ લોભામણા છે એટલું જ નહિ પણ લીલાર્થે છેતરનારા પણ છે. મા યશોદા લાલન પર રોષે ભરાય ત્યારે આપના ઓષ્ઠ સંકોચાઈ જાય છે અને ગોપીજનોનો ઉપહાસ કર્યા પછી ખિલી પણ જાય છે, તો દુષ્ટોને મારતી વખતે ક્રોધમાં ખેંચાઈ પણ જાય છે, તો કયારેક ભોળા મુગ્ધ બાળકની જેમ બે ઓઠ ખૂલ્લા થઈ મુગ્ધતા પ્રગટ કરે છે.

આપના ઓઠ ગીલોડા જેવા રાતા છે, સુકોમળ છે, સોહામણા છે, રસાળ છે. આપના ઓઠને સ્પર્શ કરવાનું સૌથી વધારે સોભાગ્ય પ્રાપ્ત થયું હોય તો તે મુરલીને છે અને બીજા છે નિત્ય સિદ્ધા શ્રી રાધાજી. આપના ઓષ્ઠ સર્વરસનું પ્રકટ કરીને ભકતોને નિરુધ્ધ કરે છે. પ્રભુનું આ માધુર્ય ધૈર્ય છોડાવી દે તેવું છે.

જેમની અધરસુધા કાનમાં પડતાં ગાયો–વાછરડાં–તૃણ ખાતા રહી ગયા, નદીઓ સ્થિર થઈ ગઈ, વૃક્ષોમાંથી રસ ઝરવા લાગ્યો, હરણીઓ પોતાનો ડરપોક સ્વભાવ છોડી નયનોથી પ્રભુની પૂજા કરવા લાગી ગઈ, પક્ષીઓ મૌન થઈ ગયા. આ જ તો પ્રભુનો ઐશ્વર્ય ધર્મ છે. અને ભગવદ્રૂપ સિદ્ધિ દાતા છે.

(2) वदनं मधुरम १/२ : વીર્યધર્મ સકલસિદ્ધિના હેતુરૂપ

પ્રભુના વદનકમળને પુષ્ટિ ભકતો નિહારે ત્યારે તેમને તો વલ્લભની જ યાદ આવે કેમ કે તેમને તો માર્ગ પર સારી રીતે ચલાવનાર આપના આસ્યરૂપ વલ્લભ જ છે. જે ગોપીજનો પ્રભુનું મુખારવિંદ એક વાર દેખે તે પછી મોહિત થઈ જતી આપનું મુખારવિંદ શિતળતા આપનારું–શાતા દેનારુ, પ્રેમભાવ વધારનારું અને આનંદ આપનારું છે.

આ જ મુખારવિંદના મુખથી બગાસુ ખાતાં માતાને બ્રહ્માંડના દર્શન થયા હતા. ભગવાનની દિવ્ય તામસતાનું પણ આવું માહાત્મ્ય છે કે ભગવાનનું વચન અસત્ય છે તેમ વિચારીને મોઢું ખોલાવનાર માતાને પણ બ્રહ્માંડના દર્શન થયા. આમ પ્રભુ કેટલા દયાળુ છે કે ભગવાનના વચનોમાં અવિશ્વાસ કરનારને પણ પોતાનું માહાત્મ્ય દર્શન કરાવે છે. આમ મુખારવિંદ પ્રેમ અને માહાત્મ્ય બન્નેનાં દર્શન કરાવનાર છે.

ગીતાજી સાંભળતાં અર્જુન શિષ્ય–ભકત સતત ભગવાનના મુખારવિંદને નિરખતો રહ્યો હતો અને કદાચ તેથી જ છેલ્લે તે પ્રભુનો આજ્ઞાંકિત થઈ શરણાગત થઈ ગયો. ભકતોનો નિરોધ થવામાં કારણરૂપ પણ આપનું મુખારવિંદ છે તેથી તો ગોવર્ધન ધરણ લીલા વેળા સાત દિવસ સુધી પ્રભુ સતત વ્રજભકતોની સન્મુખ જ રહ્યા છે.

ભગવાનનું મુખારવિંદ જોતાં જ તેમના પ્રતિના સ્તુતિના શબ્દો સરી પડે છે તેથી તો શ્રીમદ્ ભાગવતમાં જેટલી સ્તુતિ છે તે સ્તુતિ ભગવાનના મુખના પ્રત્યક્ષ કે પરોક્ષ દર્શન કરતાં કરતાં જ કરી છે.

આપનું મુખ મુકિત દેનારું છે તેથી તો મહાભારત યુદ્ધ વેળા જે કોઈ જને મરતાં મરતાં પણ આપના મુખના દર્શન કર્યા તે મુકત થઈ ગયા. આપે મૃત્યુશૈયા પર સુતેલા ભકત ભિષ્મને મુખારવિંદના દર્શન કરાવી છેલ્લી અભિલાષા પૂરી કરી. સુદામા વર્ષો થયા પોતાના મિત્ર–ભગવાનને મળ્યા ન્હોતા તે મળીને તેનું મુખ નિરખવાની ઈચ્છા હતી તે તેની પત્નીની સકામ–ભકિતને બહાણે પૂરી થઈ.

આમ જણાય છે કે ભગવાનના મુખનું વીર્ય ભોગથી લઈને, કામથી લઈને, વૈરાગ્ય અને મુકિતદાન કરવા સુધીનું છે. તેથી અહીં આપનો વીર્ય ધર્મ પ્રકટ થયો. ચંદ્ર જેમ વનસ્પતિનું પોષણ કરે છે તેમ આપનું મુખચંદ્ર ભકતોના ભાવનું પોષણ કરે છે તો આપનું સૂર્ય રૂપ મુખ ભકિત–ભાવને ખિલવનાર છે. ઈન્દ્રિયોવાળા માટે ફલરૂપ આપના મુખારવિંદના દર્શન જ છે.

(3) नयनं मघुरम् १/३ :   યશધર્મ   સકલસિદ્ધિના હેતુરૂપ

જેમ અધર–વદન રસાત્મક છે તેમ નયનો પણ રસાત્મક અને રસ બોધક છે, રસદાયક છે, રસદર્શક છે. આપનાં નયન પણ કમળ સમાન છે તેથી આપના મુખ તથા નેત્રોના મેળાપ માટે ભગવદ્ ભકતો–વ્રજભકતો દિવસનો તાપ સહન કરતાં સાંજે આપના નયનોમાં નયન મળતાં પ્રફૂલ્લીત થઈ જાય છે. આપનાં નયનો અનેક પ્રકારની લીલામાં અનેક પ્રકારના ભાવ પંકટ કરનારા છે. માતાને વ્હાલ કતાં હોય ત્યારે વાત્સલ્યભાવ , ગોપીજનો સાથે પ્રેમાલાપ કરતા કાન્ત ભાવ, મિત્રભાવ સાથે આંખો નચાવતાં સખ્યભાવ, દાનલીલા વખતે ગોપીઓ સાથે ઝઘડો કરતાં નયનોમાં મસ્તીનો ભાવ, તો રાધાજીને મનાવતી વખતે દીનતાનો ભાવ, મોટાભાઈ–બલદેવજીની સેવા કરતાં

દાષ્યભાવ, તો માતાના વાંકમાં આવે ત્યારે ભયનો ભાવ અને અસુરોનો સંહાર કરતી વખતે રુદ્રભાવ. આમ આપનાં નેત્રો અનેક ભાવોથી ભરેલા છે. પરંતુ પોતાના ભકતો માટે તો આપનાં નેત્રો હંમેશાં કૃપાપૂર્ણ જ હોય છે. આપનાં નયનોમાંથી મધુરતા જ દ્રવે છે.

જ્યારે આપે ઉદ્ધવને મુથરાથી ગોકુલ પોતાનો સંદેશ લઈને મોકલ્યો... અને કહ્યું ‘‘ વ્રજ મોહી બિસરત નાહિં...’’ ત્યારે આપના નયનોમાં કેવો ભાવ આવ્યો હશે ? તે તો કલ્પનાતીત છે અને જ્યારે પ્રભુએ ગોપીઓનો સૂક્ષ્મમદ દૂર કરવા અંતર્ધાન લીલા કરી એનાથી વિપ્રયોગનો આનંદ પણ આપ્યો પછી જયારે પ્રકટ થઈ ગોપીજનોની સભામાં બિરાજયા ત્યારે પ્રભુએ જે એકરાર કર્યો કે હું તમારો અઋણી કયારેય નહિ થઈ શકું. તે વેળા પ્રભુના નેત્રોમાં જે ભાવ... તથા જ્યારે આપ કુરુક્ષેત્રમાં ગોપીજનોને મળ્યા ત્યારનો ભાવ. કંસના રંગમંડપમાં પધાર્યા ત્યારે અનેક પ્રકારના ભાવ સૌમાં પેદા કરનારાના નેત્રોની કેટલી વાત કરીએ ? અને તેથી જ ટૂંકમાં નયનં મધુરં આ સમગ્ર લીલા દર્શનથી જણાય છે કે સર્વરસદાતા ભગવાનનો યશ તો તેમના નયનોમાં જ વસ્યો છે. પ્રભુ મધુર નયનોથી ભકતને ભાવસિદ્ધિ દેનારા છે.

हसितं मघुरम् १/४ : શ્રીધર્મ સકલસિદ્ધિના હેતુરૂપ

પ્રભુનુ હાસ્ય પણ મધુર છે. પ્રભુએ હાસ્યવિનોદ કર્યો છે કે જયારે નંદજીના પગરખાં પગમાં પહેરીને નંદજી બનીને ચાલ્યા છે. ઘુંટણીયે ચાલતા તથા જેને આગળ મુખમાં બે જ દંતુડી ફૂટી છે તેને ગોપીઓ ગોદમાં લઈ ખોલાવે છે તે હાસ્ય–આપ પોતાનું જ પ્રતિબિંબ થાંભલામાં જડેલા મણિઓમાં જૂએ છે ત્યારે કરાતું હાસ્ય, રુક્ષ્મણિજી સાથે કરેલો હાસ્યવિનોદ કે જેના કારણે દુઃખથી વ્યાકુળ થઈને પટરાણી જ મૂર્છા પામી ગયા તે પણ હાસ્ય વિનોદ જ હતો ! ગોપીના ઘરમાં દૂધ–દહિંની ચોરી કરવા પધાર્યા પછી જયારે પકડાઈ ગયા ત્યારે મોઢામાં દૂધનો કોગળો ભરેલો હતો, તે ગોપીના મોં પર છાંટીને ભાગ્યા તે પછીનું હાસ્ય.... ગોપીએ જયારે ચોરીકરતા પકડી લીધા અને હાથ પકડીને યશોદાને ત્યાં ફરિયાદ કરવા લઈ આવતી હતી ત્યારે હાથ છોડાવી. ગોપીના જ પુત્રનો હાથ પકડાવી દીધો અને પોતે ચૂપચાપ ઘરમાં પહોંચી ગયા. જયારે ગોપીએ ફરિયાદ કરી અને જશોદાએ ઉઘડો લીધો ત્યારે પ્રભુએ તાલી પાડી જે હાસ્ય કર્યું તે એક હાસ્ય.

આ બધો જ હાસ્ય સચ્ચિનંદના હોવાથી આનંદરૂપ છે, મધુર છે અને મુકિતનો આનંદ કે ભજનાનંદ રૂપ મધુરતા દેનાર છે. ભગવાન જ્યારે ભકતની એકાંતિક ભકિતથી સંતોષ પામે છે કે ભગવાન જ્યારે ભકતની દીનતાથી સંતોષ પામે છે ત્યારે પ્રભુના મુખ પર એક શાંત હાસ્ય ફરકે છે. નટખટ લીલા કરી આવ્યાપછી માતા પાસે ડાહ્યા ડમરા થાય પણ મનમાં તો હાસ્ય ઝલકતું હોય !

પ્રભુ વ્રજમાં આવીને જાણે પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગયા, અવિદ્યા લાગી ગઈ હોય, તેમ જ લાગે ! પ્રભુ સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી આપ સદા પ્રસન્ન રહે છે તેથી ‘હસિતં મધુરમ’ માં આપનો શ્રી ધર્મ પ્રકટ થાય છે. કોઈ પણ પ્રસંગે પ્રભુનું હાસ્ય પણ પોતે આનંદરૂપ હોવાથી તે મધુરું છે, ભકતને નિરોધ સિદ્ધ કરી આપવામાં સાધનરૂપ છે.

हदयं मघुरम् १/५ : જ્ઞાનધર્મ સકલસિદ્ધિના હેતુરૂપ

પ્રભુનું ‘હૃદય, કમળ સમાન હોવાથી ભકતોને સુખ થાય તેવી જ તેમાં ભાવના સદૈવ હોય છે અને આવા ભાવાત્મક હૃદયમાં ભકિતનું આસન પાથરીને ભગવાન પોતાના અંતરંગ ભકતોને બિરાજાવે છે કે જે ભકતોના હૃદયમાં પ્રભુ સર્વદા બિરાજીને લક્ષ્મી સહસ્ત્ર સહિત લીલા કરે છે અને લીલાનુભવ પણ તે ભક્તોને કરાવે છે. આ એવા ભક્તો છે કે જેના હૃદયમાંથી પ્રપંચની વિસ્મૃતિ થઈ ગઈ છે, વિષયાસકિત ધોવાઈ ગઈ છે.

ભક્તે નવધા ભક્તિના સાધનો દ્વારા ભક્તિ સિદ્ધ તો કરે પણ ભગવાનના હૃદયમાં સ્થાન મેળવવા માટે તો પ્રભુની કૃપા જ એક માત્ર સાધન છે. પ્રભુના હૃદયમાં સ્થાન પામવું તે સામિપ્યમુકિત છે. પુષ્ટિમાર્ગીય ભકતો ચાર પ્રકારની મુકિત તો જ ચાહે છે જો તેને ભજનાનંદરૂપ મુકિત મળે ! આ એવી મુકિત છે કે જેમાં માર્યાદિક ચારે પ્રકારની મુકિત તેના વિશષ્ટિ ભાવ સહિત સમાયેલી છે. ભગવાન ભકતમાં અતીવ આસકત થઈ જાય ત્યારે આપ ભકતને પોતાનો સખા માને છે ત્યારે ભકતમાં સારૂપ્યમુક્તિ પ્રકટ થાય છે. ભક્ત જ્યારે ભગવદ્‌સ્વરૂપ ભગવદ્‌લીલાથી પણ પાર નીકળીને જ્યારે ભાવરૂપ બની જાય છે ત્યારે આયુજયમુકિતનો અનુભવ કરે છે. ભગવાનના ધામમાં ભગવાનની સેવા કરવા પ્રત્યેક પળમાં તત્પરતા પ્રકટે છે ત્યારે સાલોકય મુકિત થાય છે.

પ્રભુ જે ભકતોને પોતાનું હૃદય સમર્પી દે છે તે ભકતો તો સુદુર્લભ છે, મહાભાગ્યવાન છે, શુદ્ધપુષ્ટિ છે. આવા ભકતોને પ્રભુ પોતાના જાણે છે તેથી ‘હૃદયં મધુરં’ તે પ્રભુની જ્ઞાનધર્મ પ્રકટ કરનાર છે. આવા ભકતો કે જેને પ્રભુ પોતાનું હૃદય સોંપી દે છે. તેને બીજી કઈ સિદ્ધિ બાકી રહે !

गमनं मघुरम् १/६ : વૈરાગ્યધર્મ સકલસિદ્ધિના હેતુરૂપ

પ્રભુનું ગમન (જવું) મધુર છે. જો કે પ્રિયનું ગમન કયારે ય મધુર ન હોઈ શકે પરંતુ પ્રભુ પ્રિય હોવા ઉપરાંત પૂર્ણ પુરૂષોત્તમ પણ છે. ભકતના હૃદયમાંથી તો પ્રભુ ચાહે તો પણ ગમન ન કરી શકે. પ્રભુનું કીર્તન દ્વારા ભકતના કર્ણ તથા હૃદયમાં આગમન મધુરું છે. અને ભકતને લાગે કે પ્રભુ તો ગમન કરી ગયા ! તેથી પ્રત્યક્ષ ન જણાવાથી થતી આર્તિને સહન ન કરવાથી પ્રભુ ફરી હૃદયમાંથી ગમન કરી પ્રત્યક્ષ આગમન કરે છે ત્યારે ભકતના આંખોમાં જે આંસુ હતા તે હર્ષાશ્રુ બની જાય છે. મધુરમ્ બની જાય છે.

ભૂતલ પર પૃથ્વી પર અસુરોથી પાપનો ભાર વધી ગયો તે પૃથ્વી માટે અસહ્ય બન્યો, દેવો અસુરોથી ત્રસ્ત થઈ ગયા, ગાય બ્રાહ્મણો અને ભકતો માટે ધર્મકાર્ય અને ભજન દુષ્કર થઈ ગયું ત્યારે તેમની આર્તસ્તુતિ સાંભળીને પ્રભુ નિત્યધામમાંથી ગમન કરી ભૂતલ પર પધાર્યા તો અહીં સર્વત્ર મંગલ થઈ ગયું તેનું વર્ણન ભાગવત ૧૦–૩–૧ થી ૭ શ્લોકામાં કર્યું છે.

નિરોધ લક્ષણ ગ્રંથના શ્લોક ૧–૨–૩માં પ્રભુનું ગોકુળથી વૃંદાવનમાં ગમન વ્રજભકતોને દુઃખદાયક ભલે લાગ્યું પણ શ્રીઆચાર્યજી કહે છે – તેવું દુઃખમને કયારે થશે ? મતલબ કે તે દુઃખમાં

પણ મધુરતા જ હશે. સાંજે પ્રભુનું વનમાંથી ગમન અને વ્રજમાં આગમન કેટલું મધુરું છે તે પણ ત્યાં બતાવ્યું છે. ભગવાનનો સંદેશો લઈને મથુરાથી ગમન કરીને અહી વ્રજમાં આવેલા ઉદ્ધવ માટે તથા વ્રજવાસીઓ માટે કેવો મધુરો ઉત્સવ બની ગયો.

પ્રભુનું આ ભૂતલ પરથી નિત્યલીલામાં ગમન જો કે અર્જુન–કુંતાજી ઉદ્ધવ વ–ભકતો માટે અસહ્ય હોવા છતાં તેમાં વિપ્રયોગાનંદની મધુરતા તો હતી જ. પ્રભુનું મથુરાગમન ગોપીઓ માટે મધુરતાની ઉત્તરાવસ્થા હતી, તેમના પ્રેમને ગાઢો કરવાની પ્રક્રિયા જ હતી, માટે જ મધુર હતી. પ્રભુ ભકતોની સન્મુખ અને હૃદયમાં મધુર સ્વરૂપે બિરાજે છે અને મધુરતાનો અહેસાસ કરાવે છે.

एकोहं बहुस्याम् ના નાતે કણકણમાં પોતે જ પોતાનો આનંદ લે છે છતાં પ્રભુ ગમન કરી જાય ત્યારે ભકતોને પૂરા પ્રપંચમાંથી શુદ્ધ વૈરાગ્ય આવી જાય છે. મથુરામાં બિરાજતા પ્રભુ માટે વ્રજભકતો ગમન કરી ગયા છે તેથી જ આપ કહે છે : 'વ્રજ મોહે બિસરત નાહિ' આ વચનોમાં કેટલી બધી ગાઢ મધુરતા છે ! આ વૈરાગ્ય ધર્મ છે.''

वचनं मघुरम् २/१ : ઐશ્વર્યધર્મ ભગવદ્રતિ વર્ધકત્વ સિદ્ધિ

ભગવાનનું વચન ધર્મરૂપ છે, પવિત્ર કરનારું છે. ભગવાનનું વચન ભગવાનમાં રતિ વધારનારું છે. વેણુનાદ સાંભળીને વ્રજસિમંતિનીઓ અર્ધરાત્રિએ અનેક અવરોધોને અવગણીને પણ વનમાં આવ્યા, ત્યારે ભગવાને પાછા જાઓ કહ્યું તે ભગવાનના પરોક્ષ વચનો હતા અને જ્યારે ભગવાને તેઓને એમ કહ્યું કે આ તમારો ધર્મ નથી, પાછા જાઓ... ત્યારે તે વચનો સાંભળવાથી તેમની રીત ભગવાનમાં વધી, ઘટી નહિ, તેથી તો તેઓ પાછા ન જ ગયા, કેમ કે ભગવાનનાં વચનો મધુર છે. રતિવર્ધક છે તો લઘુરાસ રૂપ ફલ પણ મધુરું પ્રાપ્ત થયું ને ?

નંદ યશોદાને ભગવાનની કાલીઘેલી તુતરાતી બોલી કેટલી મધુરી લાગતી હતી, કેટલી રતિવર્ધક બની રહેતી હતી ! દાન લીલામાં પણ દાની ભગવાન અને ગોરસ વેચનારી ગોપીની વચ્ચે જે વિવાદ ભગવાન જગાડતા હતા તેમાં કડવાશ નહોતી પણ મધુરતા જ હતી, રતિવર્ધક જ હતી. પ્રભુ જ્યારે વૃદાવનમાં ગાયો ચારવા જતા ત્યારે ગાયોને હીં હીં હીં કહીને હંકારતા ત્યારે તે સાંભળવું ગાયોને મધુરું લાગવાથી તેનામાં દૂધનો અનેક ઘણો વધારો થતો. અર્જુન અને ઉધ્ધવને ભગવાને અનુક્રમે ગીતા અને ભાગવતના અગીયારમા સ્કંધમાં જે બોધ વચનો કહ્યાં તેમાં ધર્મથી ય વિશેષ માધુર્ય હતું, તેના પ્રત્યાઘાતરૂપે તો અર્જુને કહ્યું ,''કરિષ્યે, વચનં તવ.''

ભગવાનનાં વચન જ વેદ ગણાય છે. સર્વશાસ્ત્રો ભગવદ્વાણી છે. તેનું ફલ માત્ર મુકિત નથી પણ ભગવદ્રતિ છે, જો તેને ધર્મશાસ્ત્ર ન જાણે પણ ભગવદ્વાણી જાણે તો ! ગોપીઓની સભામાં ભગવાનને ગોપીઓએ ત્રણ પ્રશ્નો પૂછયા તેના પ્રત્યુત્તર રૂપે ભગવાને જે વચન કહ્યાં તે ભકિતરૂપ હતાં, માત્ર પ્રેમરૂપ ન્હોતા કે ન્હોતા માહત્મ્યરૂપ ! તેથી તો ભગવાને પોતાનું વચન પૂર્ણકરવા રાસલીલાના મધુર આનંદનું દાન કર્યું.

ભગવાને રામાવતારમાં ઋષિઓને વચન આપ્યું હતું, ચિરહરણ લીલામાં વચન આપ્યું હતું અને શ્રુતિરૂપાઓને વચન આપ્યું હતું. તે સત્યસંકલ્પપણું સિદ્ધ કરી બતાવ્યું. આ પ્રેમભીની સત્ય સંકલ્પતા જ તો ભગવાનનું ઐશ્ચર્ય છે કે જે રતિવર્ધક છે.

चरितं मघुरम् २/२ : વીર્યધર્મ ભગવદ્રતિ વર્ધકત્વ સિદ્ધિ

ભગવાનના ચારિત્રો મંગલમય છે, મંગલકારક છે તેથી તો ભગવદ્ કથાને ભગવદ્ ચરિતને ભગવદ્સેવા સમાન ફલદાયી શાસ્ત્રો માને છે. આખું ભાગવત પુરાણ ભગવદ્ ચરિત્રોથી ભરેલુ છે અને આચાર્યજીએ ભાગવતશાસ્ત્રનો અર્થ ભગવાનની આનંદમયી લીલા કર્યો છે. જો કે સર્વલીલા–ચરિત્રો મુકિતદાયક હોવા છતાં ભગવાનની વ્રજલીલાના ચરિત્રો તો ભકિતદાયક પણ છે. ભગવાનનાં ચરિત્રો તો ભકતો માટે જીવનયાપનનું સાધન છે. ભકતો આ ચરિત્ર શ્રવણનને જ ફલરૂપ માને છે.

ભગવાને પોતાના બાળ ચરિત્રોથી વ્રજના અબુધ, અજ્ઞાન, નિઃસાધન જનોનો ઉદ્ધાર કર્યો. આ એવો અત્યુત્તમ ઉદ્ધાર છે કે તેની આગળ સર્વમુકિત મો છૂપાવે. ભગવાનનું ચરિત્ર ધર્મીસ્વરૂપ જ છે જેમાં ભગવાનના ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય વ ધર્મો પ્રકટ કરતા અનેક ચરિત્ર છે. ભગવાન અને ભગવાનના ચરિત્રોમાં અભેદ છે. ભગવાને ગોકુળમાં માતા–પિતા નંદ–યશોદા સમક્ષ પ્રકટ કરેલ ચરિત્રો, શ્રુતિરૂપા, ઋષિરૂપા તથા નિત્યસિદ્ધા રાધાજી સમક્ષ તથા પુલિન્દીનીઓ પ્રતિ અને યજ્ઞપત્નીઓ પ્રતિ પ્રકટ કરેલા ચરિત્રો અદ્ભૂત છે.

વનમાં ગોપબાળો સાથે કરેલ લીલા, વનમાંના જડ ચિજો તથા વૃક્ષો, પશુ, પક્ષી, ગાયો સાથે કરેલ લીલા ચરિત્રોનો જોટો જડે તેમ નથી. ભગવાને અસૂરોઅને દેવો સાથે પણ વ્રજમાં અનેક ચરિત્રો દ્વારા લીલા પ્રકટ કરી છે. આ બધાં જ ચરિત્રો સૌ કોઈ સાનુભવીને સુખદાયક જ માત્ર ન્હોતા પણ પરમાનંદનું દાન કરનારા હતા.

ભગવાને જડ–ચેતન–પશુ–પંખી–સૂર–અસૂર સર્વની સામે વિવિધ ચરિત્રો પ્રકટ કરીને ફલદાન તો મધુર જ કર્યું. આ જ તો પ્રભુનું વીર્ય પ્રકટ કરે છે. ભગવાન આવા ચરિત્રો દ્વારા ખાસ કરીને ભકતોની પ્રભુ પ્રતિની રતિમાં વધારો કરે છે. આ પણ એક પ્રકારની સિદ્ધિનું દાન છે.

આ મધુર ભકતોના અધિપતિ આખા જ મધુર છે રસોવૈસઃ છે. પરમાનંદ સાગર છે.

वसनं मघुरम् २/३ : યશધર્મ ભગવદ્રતિ વર્ધકત્વ સિદ્ધિ

ભગવાને વ્રજમાં જે વસ્ત્રો ધારણ કર્યા છે તેનો પ્રકાર ગોવાળોના વસ્ત્રો જેવો જ હોવા છતાં તેમાં કંઈક પ્રભુની છટા, વિવિધતા પ્રકટ થાય છે, તેથી તો તે મધુર છે. સૌ ભકતોને પ્રભુના વસ્ત્રો પણ પ્રિય લાગે છે.

કદંબ પર ચઢીને પ્રભુ ગાયોને પોતાના પ્રતિ પાછી વાળવા જ્યારે પટકો–ઉપરણા હવામાં

લહેરાવે છે તે જાણે પ્રભુનો યશ ગાતી ધ્વજા ન હોય ! તેમ જાણીને ગાયો પણ દૂધથી ભરેલા થાણ હોવા છતાં દોડતી દોડતી આવે છે. જેમ ગાયોને પ્રભુ પ્રિય છે તેમ પ્રભુને ગાયો, તેથી તો પ્રભુનાં વસ્ત્રો ગાયોની ખુરરજથી આચ્છાદિત હોય છે. ત્યારે સંધ્યા સમયે પ્રભુ તેવા વેશમાં જ વ્રજમાં પ્રવેશ કરે છે.

વ્રજભકતો વ્રજનારિઓને આવા વસ્ત્રધારી પ્રભુ બહુ પ્રિય લાગે છે. માતા યશોદાજી લાલનને અનેક પ્રકારના રંગબેરંગી વસ્ત્રોથી પ્રભુને સજાવે છે. માતાને એ નથી સમજાતું કે વસ્ત્રોના કારણે મારો લાલ શોભે છે કે લાલનને કારણે વસ્ત્રો શોભે છે ? પ્રભુને પીળું પિતાબંર અતીશય પ્રિય છે કેમ કે પોતાના પ્રિયતમા નિત્યસિદ્ધા રાધિકાજીનો દેહવર્ણ પીળો છે. પ્રભુના પીળા પિતાંબર ઉપર તો વ્રજની ગોપીઓ ભાન ભૂલી જાય છે. જો કે દુષ્ટો માટે આ પીળું પિતાબંર માયાનું રૂપ છે. ભગવાન પોતાના સ્વરૂપને અભકતોથી છૂપાવે છે.

પ્રભુએ જયારે વ્રજલીલા સંકેલી અને મથુરાલીલા કરવા બંધુ બલદેવજી તથા કાકા અક્રૂરજી સાથે પધાર્યા ત્યારે હૃદયમાં ડુમો ભરાવાથી જે બોલી કે રડી નથી શકતી તેવી ભાવુક ગોપીઓ અનીમેષ નયને ભગવાનના ફરકતા પિતાંબર અને પટુકાને આંખો ખેંચી ખેંચીને નિહાળતી હતી. ત્યારે તેમના હૃદયમાં ભગવાનના યશકથાઓ સમાન જ આ વસ્ત્રો હતા.

ભગવાને વ્રજભકતોને સાંત્વના આપવા મિત્ર ઉદ્ધવને ગોકુલ મોકલ્યા ત્યારે દૂરથી રથમાં ઉદ્ધવના પીળા પિતાંબર તથા વસ્ત્રો જોઈને એવો જ આભાસ થયો કે અમારા પ્રભુ પધાર્યા છે. ભગવાનના વસ્ત્રોરૂપ ધ્વજા વ્રજ ભકતોના હૃદયમાં સદા ફરકતી રહે છે. તેથી અહીં પ્રભુ પોતાનો યશ ધર્મ પ્રકટ કરે છે. પ્રભુના વસ્ત્રો ભકતના હૃદયમાં મધુરતાના ભાવ પ્રગટ કરે છે કેમ કે વસનં મધુરમ્.

वलितं मधुरम् २/४ : શ્રીધર્મ ભગવદ્‌રતિ વર્ધકત્વ સિદ્ધિ

ભગવાન ભકતને રોકી રાખે કે અવરોધ કરે તે પણ મધુર હોય છે. દાનલીલમાં પ્રભુ ગોપીઓને વૃંદાવનની ગલીઓમાં રોકે છે, ચારે બાજુથી ઘેરી લે છે. તેમની લૌકિક વ્યાવૃત્તિને (દૂધ દહી વેચવારૂપ) અટકાવી દે છે. છાસ વલોવતી માતાનો હાથ પકડી લઈને રોકે છે. કુમારિકાઓનું ચિરહરણ કરીને જલમાં રોકી લે છે. આ બધું રોક–ટોક આખરે તો ભકતોનું ચિત્ત પોતાના સ્વરૂપમાં રોકી રાખવા માટે છે. અને આપનું સ્વરૂપ મધુરમ્ હોવાથી આ વલિતં પણ મધુર બની રહે છે.

ગોકુળગામના નિજજનોને ઈન્દ્રપૂજા કરતાં રોકી પોતાના જ અવર સ્વરૂપ ગિરિશજજીમાં પ્રીતિ કરાવે છે. અન્યાશ્રાપ કરતા તેમને રોકે છે. એકબાજુ વેણુનાદ કરીને ગોપીઓને પોતાના લૌકિક કાર્યોમાં રોક લગાવે છે, પોતાના પુત્ર–પતિ પ્રત્યેની ફરજમાં રોક લગાવે છે અને ત્યારબાદ તેઓ દોડતી અધરાતે વનમાં આવે છે ત્યારે ‘પાછા જાઓ’ કહીને રોક લગાવે છે.

પ્રભુ સવારે વાછડાં ચારવા વનમાં પધારે છે પછી આપના મુખદર્શનને ઝંખતી ગોપીઓના સંયોગને રોક લગાવે છે. પ્રભુ અંતર્ધાન લીલા કરે છે પછી ગોપીઓ વિપ્રયોગારૂપ સંન્યાસી બની

જાય છે, જે ભકત્યોત્તર સંન્યાસ છે. પણ તેમની વ્યાકુળતા જાણીને તેની સામે પ્રકટ થઈ જાય છે. આમ સંન્યાસમાં પણ રોક લગાવે છે. છતાં ય બધીજ રોકમાં મધુરતાની જ પ્રાપ્તિ છે. પ્રભુ ભકતને વરદાન આપે કે શાપ અપાવરાવે, સુખ આપે કે દુઃખ આપે, મળે કે વિખૂટા પડે પણ કયારે ય તેમનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ ક્ષીણ નથી થવા દેતા બલ્કે વધારે છે, આ જ તો પ્રભુનો શ્રીધર્મ છે. પ્રભુ પ્રેમમાર્ગ પર ચાલનારને તેમાં રોક નથી લગાવતા તે જ પ્રેમની સ્વતંત્રતા યાને શ્રી છે. પ્રભુ ભકતની રતિમાં ઉત્કટતા લાવે છે, આ બહાણે પ્રભુ ભકતથી આવરિત જ હંમશો રહે છે આ જ તો વલિતં મધુરમ્ છે.

चलितं मधुरम् २/५ : જ્ઞાનધર્મ ભગવદ્‌રતિ વર્ધકત્વ સિદ્ધિ

પ્રભુનું ચાલવું મધુરું લાગે છે ભકતોને. પ્રભુ ઘુંટણભર (રીંગણલીલા) ચાલે છે. પ્રભુના વિરાટ સ્વરૂપમાં ઘુંટણ અસૂરલોક છે તેથી ઘૂંટણીયે ચાલીને અસુરોને રગદોળે છે. આમ દેવલોકો માટે આ મધુરમ્ બની રહે છે.

પ્રભુ બના બને છે ત્યારે ભકતને આપની ચાલ અટપટી લાગે છે. સવારે પ્રભુ ગાય વાછરડાં ચરાવવા નીકળે ત્યારે ગોપીઓને લાગે છે કે પ્રભુની ચાલ ઢીલી છે અને સાંજે ગાયો ચરાવીને આવે ત્યારે ચાલમાં ઉત્સાહ જણાય છે, આ ભકતોનો ભાવ છે. ખંડિતાના પદોમાં આવે છે તેમ સવારે પ્રભુ કોઈ ગોપીને ત્યાંથી સીધા જ જેને કાલે વચન આપ્યું હતું ત્યાં આવે છે ત્યારે આપની ચાલમાં ક્ષોભ જણાય છે છતાંય ચાલ તો મધુરમ્ જ છે. પ્રભુએ જયારે ચાનુર–વ મલ્લોનો પડકાર ઝીલી લીધો ત્યારે આપની ચાલમાં શૌર્ય ઝરકતું હતું અને કંસને ઊંચા આસન પરથી નીચે ફેંકયો ત્યારે આપની ચાલમાં એક સંતોષ હતો કે હવે ગો–બ્રાહ્મણ, માતા–પિતાને સુખચેન થશે.

ગુરૂ સાંદીપનીની આજ્ઞાથી વનમાં સમિધ લેવા જતાં આપની ચાલ શિષ્યની અને ભકત ભિષ્મે પ્રભુને યુદ્ધમાં ઉતરવા માટે મજબૂર કર્યા ત્યારે જે રીતે રથનું પૈડુ ઉઠાવીને આપ ભીષ્મ તરફ દોડયા ત્યારે આપ ભકતના શરણાગત હોવ તેવી ચાલ હતી. સુદામા મિત્ર દ્વારે આવ્યો ત્યારે ખૂલ્લા પગે આપ જે રીતે દોડયા તે જોઈને તો પટરાણીઓ આશ્ચર્ય પામી ગઈ અને કાલીયના માથા પર જે રીતે કૂદકો મારીને ચડી ગયા તે ચાલ ! બંશી બજાવતાં લલિત ત્રિભંગી ચાલ અને ત્રિભંગી કુબ્જાને સુંદરી બનાવવા માટે જે રીતે આપ ચાલ ચાલ્યા તે ચાલ, મગરે પકડેલા ગજેન્દ્રની આર્તભરી સ્તુતિ સાંભળીને દોડેલા હરિ, ગિરિરાજ પરથી મહાપ્રભુને ભેટવા દોડી આવતા પ્રભુ. જેમ ચોપાટ ખેલનાર દરેક ચાલ બુદ્ધિ–જ્ઞાનપૂર્વક ચાલે છે તેમ પ્રભુની પ્રત્યેક ચાલમાં પ્રભુનું ગૂઢજ્ઞાન છૂપાયેલું છે પરંતુ જ્ઞાન હોવા છતાં આપની ચાલમાં તો ભકતોને મધુરતા જ જણાય છે અને આપની પ્રત્યેક ચાલ ભક્તમાં રતિવર્ધન કરનારી છે. પ્રેમકા પંથ સૂના ન કભિ જહાં સે થકૂ મૈં વહાં સે ચલો તુમ.

भ्रमितं मधुरम् २/६ : વૈરાગ્યધર્મ ભગવદ્‌રતિ વર્ધકત્વ સિદ્ધિ

ઉદ્દેશ્યહીન દશામાં લીલા ભાવથી ભટકવું તે ભ્રમણ, કોઈની પાછળ પાછળ ભમવું, કોઈને છેતરવા માટે, ભ્રમિત કરવા માટે ભમવું અથવા ભકતોથી

વિંટળાયેલા રહેવું આ બધા ભ્રમણ છે.

રાસલીલા તો ફલ પ્રકરણ અંતર્ગત, પરમઆનંદમયી લીલા છે, જેમાં ભકતો અને ભગવાન દિવ્ય આનંદના ઉદ્રેકમાં ભ્રમણ મંડલાકારમાં કરે છે. આ લીલામાં તો મધુરતાની પરાકાષ્ટા છે જે ભકતો પ્રભુમાં અતીશય આસકત છે અને જેઓએ બીજે બધેથી મન હટાવી લીધું છે તેવા અનન્ય સમર્પિત ભકતોની પાછળ પ્રભુ ભ્રમણ કરે છે.

વ્રજવાસીઓ કે જે અબૂધ, અજ્ઞાની તથા સાધનહીન છે પરંતુ ભોળા છે અને કનૈયામાં આસકત છે તેમના ઉદ્ધારની જવાબદારી પ્રભુએ સ્વયં લીધી છે, તેમના ખાતર તો પ્રભુ ત્રિલોકનાથ હોવા છતાં ગોપવેશધારી બન્યા છે આ પણ પ્રભુનું ભ્રમણ છે અને આવા માહાત્મ્યયુકત પ્રભુ વનમાં ગાયોની પાછળ ભમે (ભ્રમણ) છે.

પ્રભુ આવા વેશધારી બન્યા હોવાથી તેમનું પ્રભુત્વ પ્રગટ નથી થતું તેથી તો ઈન્દ્રને પણ ભ્રમ થયો અને વ્રજને ડૂબાડું તેવી શેખી હાંકી તથા બ્રહ્મા વ્રજવાસીઓના વાછડા–ગાયો–ગોપબાળોને ચોરી ગયા પણ પ્રભુની આ પરીક્ષા લેનાર જ્ઞાની બ્રહ્મા જ ભોંઠા પડયા. બ્રહ્મા પણ ભ્રમિત થયા અથવા કહો કે પ્રભુ એ સર્વને ભમાવ્યા, ભટકાવ્યા, ભ્રમિત કર્યા.

ગોપીઓ પનઘટ પર જલ ભરવા જાય કે દહિં–માખણ વેચવા જાય કે ઘરકામમાં રત હે તો પણ પ્રભુ તેમનું ચિત્ત નિરુદ્ધ કરવા તેમની આગળ પાછળ જ ફર્યા કરતા હતા. આ પ્રભુનું ભ્રમણ ફલાત્મક છે મધુરું છે. પ્રભુ વનમાં ગોપ બાળકોથી વિંટળાયેલા રહે છે, ગોકુળમાં વ્રજસિમંતિનિઓ કે કુમારીકાઓ કે નંદ–યશોદા–રોહિણી– વ. થી. હંમેશાં વિંટળાયેલા રહે છે.

ભગવાન પોતાનું માહાત્મ્ય વિસરીને આ નિઃસાધન ભકતો કે જેમના માટે આપે ગોકુલપતિ બનવાનું સ્વીકાર્યું છે તેમાં આપનો વૈરાગ્ય ધર્મ પ્રકટ થાય છે અને પ્રભુનો આ વૈરાગ્ય ધર્મ વ્રજભકતોની રતિનું વર્ધન કરે છે. જે કંઈ મધુરતા છે તેનો હેતું પ્રભુ છે કેમ કે આપ પૂરા–અશેષ મધુર છો, આપ પ્રેમી–મધુર ભકતોના અધિપતિ છો.

वेणु मधुर ३/१ : ઐશ્વર્યધર્મ ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃત્તકત્વ સિદ્ધિ

વેણુ પ્રભુની સંગીની છે. પછી મધુર કેમ ન હોય ! વેણુને પ્રભુના અધરનો સ્પર્શ થાય છે તેનાથી વિશેષ શું અમૃત છે ? વેણુનાદ થકી ગોપીઓ અને ભગવાનનું જોડાણ–સાયુજય થાય છે. વેણું વાંસના લાકડામાંથી બને છે, છેદાય છે, તાઢ–તડકો સહે છે છતાં તેની વાણીમાં કટુતા નથી આવતી, તેની વાણી મધુર છે. વેણુ માત્ર ગોપીઓને જ આનંદ આપે છે તેમ નહિ. ગાય– હરણાં–વૃક્ષ–વાદળ–વ અનેકને પ્રભુ સુધી પહોંચાડનારી ગુરુરૂપ નૌકા હોવા છતાં તેનામાં ગુરુત્વપણાનો ભાવ નથી માટે વેણુ મધુર છે. અનેક કીર્તનોમાં ગોપીજનોના મુખેથી વેણુ માટે દ્વેષ પ્રગટ થતો જણાય છે પરંતુ વેણુએ કોઈનોય દ્વેષ નથી કર્યો.

હોરી લીલામાં ગોપીઓ ભગવાનની વેણુ છીનવી લે પછી પ્રભુ પોતાના અહંકાર છોડી દે છે અને ગોપીજનોને આધીન થઈ જઈ બધી શકતો કબૂલે છે એટલે કે વેણુ તો પ્રભુની દુઃખતી નસ છે, સર્વોત્કૃષ્ટ પ્રિય છે. રાસલીલામાં પ્રભુ પ્રત્યેક ગોપી સાથે રાસ તો કરે છે પણ ત્યાં ય વેણુનું તો વિશિષ્ટ સ્થાન છે જ

બર્હાપીડં નટવરવપુ કર્ણયો કર્ણીકારમ... રન્ધ્રાન્ વેણો રધરસુધયા પુરયન્ ગોપ વૃંદૈઃ

વનમાંથી પધારતા પ્રભુની ગોપીઓ ભલે રાહ જોતી હોય પણ પ્રભુ તો વેણુ વગાડીને પોતાના મિત્રોને વનમાં પ્રસન્ન કરી રહ્યા છે. કેમ કે વેણુ મધુર છે. વનમાં ગાયો ચારવા જતી વખતે ગોપબાળો શીંગી વ અનેક હાથવગા ગામઠી વાજિંત્રો સાથે લઈ જાય છે પણ તે સૌમાં વેણુ શિરમોર છે. વેણુ સૂર છેડે છે, શબ્દ નથી ઉચ્ચારાતા છતાં અર્થ તો સમજાય છે એ જ તો વેણુની મધુરતા છે.

લઘુરાસ માટે નિમિત્ત તો વેણુ બની છે. ભગવાન જે અવ્યકત કહેવા માગે છે તે વેણુ દ્વારા કહે છે એટલી બધી તે ભગવાનની અંતરંગ છે. વેણુનું ઐશ્વર્ય લાગે છે કે ઈશ્વરથી પણ અધિક છે ! તે નિર્ગુણ છે અને માટે તો પ્રભુને પ્રિય છે અને તેથી જ તે મધુર છે. આ વેણુનાદ કાનમાંથી હૃદયમાં જાય છે એટલે ભગવદ્ સંબંધ થવામાં આવતા પ્રતિબંધો દૂર થાય છે.

रेणु मघुर ३/२ : વીર્યધર્મ ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃત્તકત્વ સિદ્ધિ

રેણુ એટલે રજ. તે નથી સાત્વિક કે નથી તામસ તે તો રાજસ છે માટે મધુર છે. સાત્વિકતા વૈરાગ્ય પ્રતિ લઈ જાય અને તામસત્તા દ્વેષ પ્રતિ લઈ જાય ! ભગવાનના ચરણને સ્પર્શેલી રેણુ ભકતોને ક્ષણમાત્રમાં ભવપાર કરાવી દેનારી અલૌકિક નૌકા છે. આ જે રેણુ છે તે તો ગાયોની ખરિથી સ્પર્શીને ઉડેલી છે અને આ રેણુ તો ગોકુલની ધરતી–પૃથ્વીનો સૂક્ષ્માતિ સૂક્ષ્મ અંશ છે, જે પૃથ્વીએ પ્રભુને આર્તસ્વરે ભૂતલ પર પધારી દુઃખ દૂર કરવા વિનંતી કરી હતી, જેની વિનંતીને પ્રભુએ શિરોમાન્ય કરી હતી. આ રેણુનો સ્પર્શ ભગવાના વાંકડીયાં કેશને થાય છે. આ બતાવે છે કે ભગવાન પોતાના અનન્ય દાસને કેટલું સન્માન આપે છે ! ધૂળમાં શું મધુરતા હોય, છતાં તેને પ્રભુદત્ત મધુરતા પ્રાપ્ત થઈ છે તેથી તો તે સ્વયં ભકતોને પ્રભુસંગરૂપ મધુરતા પ્રદાન કરનારી થઈ ગઈ છે. રેણુ અહંકાર ન કરવાનો બોધ પોતાના જીવનદર્શનથી આપે છે. વેણુ પ્રભુના અધરને સ્પર્શ કરે છે જયારે રેણુ ચરણને સ્પર્શ કરે છે તો ત્યાંથી તે સીધી પ્રભુની ચોટી સુધી પહોંચી જાય છે. યમુનાજીના જળમાં જળ કરતાં રજની અધિકતા છે તેમ તેથી તો કહ્યું છે.

પૂતના વ્રજના બાળકોને ખાઈ ગઈ હતી તેઓને રાક્ષસી સ્પર્શ થયો હતો. પ્રભુએ પૂતનાના પયપાનાના બહાણે તે બાળકોને પોતામાં સમાવી લીધા છતાં એમના ઉદ્ધાર માટે તો ભગવાનની ચરણ રજ જ જોઈએ. તેથી તો ભગવાને માટી ખાધી હતી કે જેને પ્રભુના ચરણનો સ્પર્શ થયો હતો. આ રજનો વિસ્તાર બ્રહ્માંડ જેટલો થઈ ગયો તેમ પ્રભુએ મોં ખોલીને માતાને બતાવ્યું. આ રજનું અતૂલ્ય પરાક્રમ છે. તેથી તો પ્રભુ રેણુમાં પોતાનો વીર્ય ધર્મ પ્રકટ કરી રહ્યા છે. આ સૂક્ષ્મ રેણુ ભગવાન અને

ભકતો વચ્ચે આવતા પ્રતિબંધોને દૂર કરનાર છે, તે ઉપરના પ્રસંગથી જોયું. માટે 'રેણુ મધુરઃ'

पाणिः मधुरः ३/३ : યશધર્મ ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃત્તકત્વ સિદ્ધિ

પ્રભુનો શ્રીહસ્ત મધુર છે કેમ કે પ્રભુ સ્વયં સર્વપ્રકારે મધુર છે. પ્રભુના શ્રી હસ્ત આપની ક્રિયાશકિત છે, જેનાથી આપ અનેક કાર્યો લીલા રૂપે કરી રહ્યા છે. દેખાવમાં તે લીલા તામસ– રાજસ કે સાત્વિક લાગે પણ હકીકતમાં તે દિવ્ય નિર્ગુણ અલૌકિક રસાત્મક છે. તેથી તો શ્રી આચાર્યજીએ ભાગવતાર્થ પ્રકરણમાં ભગવાનની સર્વલીલાને આનંદમયી કહી છે–ચાહે તે પુષ્ટિલીલા હોય કે મર્યાદાલીલા. ભકતોના ભાવને પોતામાં નિરુદ્ધ કરવા આપે વામ શ્રી હસ્તથી ગિરિરાજને ધારણ કરી પુષ્ટિ લીલા કરી છે, તો ઈન્દ્રને બોધપાઠ આપી મર્યાદા લીલા પણ કરી છે. આપશ્રી હસ્તથી વાંસળી બજાવી છે, ભકતોને પોતાના બાહુમાં સમાવી લે છે, ગાયોને દોહી દે છે, ભકતની વેણી ગુંથી દે છે. સાંદિપની (ગુરુ) પત્નીને હાથ લાંબો કરી દોહણી લાવી દે છે, કંસનો ચોટલો પકડી પછાડે છે, કુબજાને હડપચીથી પકડી સુંદરી બનાવે છે. ગાયોને પંપાળે છે, હાથ લાંબો કરી ગાયોને બોલાવે છે, માતાજીના ગળે હાથ વીંટાળી વ્હાલ કરે છે, તો રડતાં રડતાં આંખો લૂછે છે, રાસલીલામાં ગોપીના ગળામાં ભૂજા લગાવે છે, બગલારૂપ બકાસૂરની ચાંચો પકડી ચીરી નાખે છે, ભીમને હાથથી ઈશારો કરી જરાસંધના બે ફાડીયા કરવાની સલાહ આપે છે, તો ભકતોના માથે શ્રીહસ્ત મુકીને સાંત્વના–આશીષ પણ આપે છે, ગોપ બાળકોના સ્કંધ પર હાથ મૂકી વનવિહાર કરે છે, તો હાથ મુખ પર મૂકી ગાયો દૂર જતી રહી તેમને બોલાવે છે, પોતાના શ્રીહસ્તથી ગોપબાળોના મોઢામાં કોળીયો મૂકે છે, તો હાથમાં કોળીયો પકડીને બ્રહ્માજી જે ગાયો વગેરેને ચોરી ગયા તેમને શોધવા દોડે છે, ચાણુર વગેરે સાથે મલ્લયુદ્ધ કરે છે, તો વનમાં ગોળ બાળકો સાથે પણ મલ્લયુદ્ધની ક્રિડા કરે છે, બળદેવજી પોઢયા છે તો ચરણ દબાવે છે, તો જે પારધીએ પ્રભુના ચરણમાં તીર માર્યુ તેને ક્ષમા આપે છે, દ્રૌપદીના ખેંચાતા ચિરને પૂરે છે, તો વનમાં દુર્વાસા આવે છે ત્યારે અક્ષય પાત્રમાંથી નાનુસુ ભાજીનું પત્તું શોધીને આરોગે છે, વિદુર પત્નીના શ્રી હસ્તમાંથી કેળાની છાલ લઈ આરોગે છે, તો સુદામા પત્નીએ મોકલેલા પૌંઆ શ્રીહસ્તમાં મુઠી લઈને ફાકે છે.

ભગવાનની શ્રીહસ્ત દ્વારા કરેલી લીલાનો પાર નથી બધી જ લીલા આનંદરૂપ હોવાથી મધુર પણ છે અને ભગવાનનો યશધર્મ પ્રકટ કરનારી છે.

पादौ मधुरौ ३/४ : શ્રીધર્મ ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃત્તકત્વ સિદ્ધિ

મધુરાધિપતિના બન્ને ચરણ મધુર છે, એટલા માટે કે એક ચરણ શ્રીમદ્ ભાગવત છે તો બીજો ચરણ સત્સંગ છે. શ્રીમદ્ ભાગવતમાં મધુર ભગવદ્ ચરિત્ર છે જે દક્ષિણ ચરણ છે તો સત્=ભગવદીય દ્વારા કરાતો ભગવદ્ ચરિત્રનો સંગ તે સામેવાળાના ભાવનું વિશેષ પોષણ કરનાર વામ ચરણ છે. બન્નેય મધુર છે, મુકિતદાતા છે, પરમાનંદ દાતા છે. આપના ચરણો પણ સમસ્ત સૃષ્ટિની ક્રિયાશકિતના હેતુરૂપ છે. પણ વ્રજમાં તો આ ચરણોની લીલા કયારેક કદંબ પર ચઢે તો

કયારેક કાલીયને નાથવા જલમાં ધુબાકો મારે, તો કયારેક ગાયો પાછળ દોડે, તો કયારેક નૃત્ય પણ કરે. આ ચરણસેવા તો દાસધર્મનું પ્રતિપાદન કરે છે. આ ચરણોનું પૂજન તો યુધિષ્ઠિરે અશ્વમેઘ યજ્ઞમાં કર્યુ હતું. આ ભકતો માટે આ ચરણથી અધિક કોઈ સુખ નથી. આ પાદનો સ્પર્શ જેના મસ્તકે થાય તે ભાગ્યવાન, બલિને આ પાદનો સ્પર્શ તેની પીઠ પર થયો તો ભગવાન તેના રક્ષક બનીને રહ્યા. બાલગોપાલે પોતાના જ પાદને દંડવત્ પ્રણામ કર્યા છે, ગિરિરાજ પૂજન વખતે. હારેલો ઈન્દ્ર આ પાદકમલમાં આશ્રિત થયો હતો. આ પાદની છાપ વ્રજની ભૂમિ પર અંકિત થતી તેથી પૃથ્વી પોતાને બડભાગી માનતી હતી.

પ્રભુ વનમાં પધારી જાય પછી આર્ત ગોપીઓ આ પાદ–છાપને નિહારીને વાસરતાપનું નિવારણ કરતી. ગોપીઓ આ પાદને પોતાના સ્તન પર ધરી વિરહતાપનું નિવારણ કરતી હતી, એટલું જ નહિ વનમાં પ્રભુ જે શ્રમિત થયા તે પાદને શાતા પણ દેતા હતા.

ભગવાનના ચરણો આપનું અક્ષરધામ છે. જ્ઞાનીઓની મુકિતનું સ્થાન છે. આપને માટે તો આપના પાદ સ્વતંત્ર છે. સમસ્ત દુઃખ, ભય, શોક, તાપ જયાં વિરમી જાય છે, તેથી તો તે આપનો શ્રીધર્મ છે. આપના પાદ આપનો શ્રીધર્મ છે કે જે ભગવત્ સંબંધ પ્રતિબંધ નિવૃત કરનાર છે, જ્ઞાનનું આ જ કાર્ય છે. અક્ષર ભગવાનનું જ્ઞાનધામ છે. ભકિતની વ્યાખ્યામાં પણ ભગવત્ માહાત્મ્ય આગળ પ્રતિબંધ નિવૃત્ત કરતું ચાલે છે તેની પાછળ પ્રેમ સરળતાથી ચાલી આવે છે.

नृत्यं मधुरम ३/५ : જ્ઞાનધર્મ ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃત્તકત્વ સિદ્ધિ

પ્રભુનું નૃત્ય તો મધુરું જ છે. લઘુરાસમાં તથા મહારાસમાં ગોપિકાઓ સાથે ભગવાને નૃત્ય કર્યું, તેમાં શૃંગાર રસ પ્રકટ થયો માટે તો તેને ફલ પ્રકરણ કહ્યું છે.

ગોપીજનોના મનને પ્રભુમાં નિરુદ્ધ કરવા આપ છછીયા ભર છાછ પે નાચ નચાયે'' અનુસાર ભગવાન નગણ્ય કારણને આગળ કરીને પણ વ્રજભકતોને પોતા તરફ આકર્ષણ કરાવડાવે છે. અહી વાત્સલ્ય રસ છે. નાનો સો કનૈયો ચાલતાં શીખ્યો એટલે નાચતો નાચતો ચાલે છે તેથી માત–પિતાના મનને રંજિત કરે છે. તો કાલીયની ઈન્દ્રિયોની વૃતિનું મર્દન કરવા માટે બળજબરીથી તેની ફણા પર એવું કઠોર નૃત્ય કર્યું કે તેની ફણામાંથી લોહી વહેવા લાગ્યું. પ્રભુ આવી રુદ્ર લીલા કરે તો પણ તે મધુરમ્ જ હોય છે, કેમ કે નાગ અને નાગ પત્નીઓનું કલ્યાણ કર્યુ તથા વ્રજભકતોનો ઈન્દ્રિયાધ્યાસ દૂર કર્યો. આમ પ્રભુનું નૃત્ય પણ મધુર છે.

પ્રભુ તો વનમાં મોર સાથે પણ નૃત્ય કરે છે, એમ કરીને ગોપ બાળકોના ચિત્તને પોતામાં નિરુદ્ધ કરે છે. દીપાવલી પર ગાયોને ખેલાવે છે ત્યારે પણ પોતે નૃત્ય કરે છે. હકીકતમાં તો પ્રભુ પોતાની ઈચ્છા મુજબ આખી સૃષ્ટિના જડ–જીવને નચાવે છે.

આધુનિક ભકતો ભકિતની તલ્લીનતામાં નૃત્ય કરવા લાગે તો પ્રભુ પણ તેમની વચ્ચે નૃત્ય કરે

છે. પ્રભુ તો મોહિનીનું સ્વરૂપ ધારણ કરીને વૈરાગી અને જ્ઞાની મહાદેવજી સાથે નાચીને તેમને પણ નચાવ્યા. તેથી જણાય છે કે પ્રભુ તો જ્ઞાનીના પણ જ્ઞાની છે. જ્ઞાનીને જ્ઞાન દેવા નચાવે છે તો ભકતના જ્ઞાનને વિસ્મૃત કરવા પોતે નાચે છે તેથી નૃત્યં મધુરમ્‌માં પ્રભુનો જ્ઞાનધર્મ પ્રકટ થાય છે. માહાત્મ્ય જ્ઞાનને કારણે ભગવત્ પ્રાપ્તિમાં પ્રતિબંધો દૂર થાય છે.

सख्यम् मधुरम् ३/६ : વૈરાગ્ય ધર્મ ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃત્તકત્વ સિદ્ધિ

સખ્યભકિતમાં શુદ્ધ મધુરતા પ્રકટ થતી રહે છે. પ્રભુ ગોવિન્દસ્વામી સાથે ખેલે છે ત્યારે મધુરો પ્રેમ પણ પ્રકટ થાય છે, તો મધુરો વિવાદ પણ પ્રકટ થાય છે. ગોપબાળકો સાથે આપે સંખ્યભાવ નિભાવ્યો છે. સખ્યભાવ આસકિતની પૂર્ણકળા ન ખિલે ત્યાં સુધી ન થાય. પ્રભુ વગર કુંભનદાસ રહી શકતા નથી, તે જાણ્યું ત્યારે ગુસાંઈજીએ કહ્યું – તમારી યાત્રા થઈ ચૂકી. ચત્રભૂજ દાસની સખ્યભકિતમાં તેમને ચોરી ખેલમાં પકડાવીને આબરૂ ખોવડાવી.

શ્રી આચાર્યજી જડ એવા મેઘમાં પણ પ્રભુ પ્રત્યેની સંખ્યભકિત દેખે છે કેમ કે ગરમીમાં મેઘ પ્રભુને છાંયો કરે છે અને ઝીણી ઝીણી બુંદો વરસાવે છે. આમ તે પ્રભુના સુખનાં સતત વિચાર કરી સખ્યપણું નભાવે છે. ભકતની મધુરતા પ્રભુ પ્રતિ વહે છે. સખ્યભાવમાં પોતાનુ સુખ વિસરાઈ જાય છે તેથી તો આ સખ્યમ્ મધુરમ્‌માં પ્રભુનો વૈરાગ્ય ધર્મ પ્રકટ થાય છે. સખ્ય ભકિતમાં ભગવાન અને ભકત વચ્ચે કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ નથી આવતો.

પ્રભુ ઉદ્ધવને મિત્ર જાણે છે તેથી કહે છે– ઊધો મોંસો ન્યૂન નહિ. અર્જુન જીવનભર પ્રભુનો સખા બનીને રહ્યો પરંતુ ગીતા જ્ઞાન પછી તે શિષ્ય– શરણાગત બની ગયો તેથી સખ્યભાવ વેળા પ્રભુ સાથે લીધેલી છૂટછાટ તેમને હવે કઠી અને અફસોસ પ્રકટ કર્યો. સખ્યભાવ ખાંડાની ધાર જેવો છે. ભગવાન પ્રતિ ભાવની પ્રબળતામાં માહાત્મ્ય વિસરાઈ ન જાય તે મહત્વનું છે કેમ કે હકિકતમાં પ્રભુ સાથે સખ્ય–સમાનતાનો ભાવ તો પ્રભુ નિભાવે છે તે આપની કૃપા છે અને તે તો આપણા હૃદયમાં ભગવત્ પ્રેમ–મધુરતા વધારવા માટે જ.

गीतं मधुरम् ४/१ : ઐશ્વર્ય ધર્મ ભગવત્ સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

પ્રભુના મુખમાંથી જે શબ્દો સરે છે તે મધુર જ હોય છે, તેમાં પદ્ય જેવી રસાળતા હોય છે, તેથી તે વચનો ગીત કહેવાય છે. પ્રભુના મુખમાંથી સહજતાયે સરી પડેલું સર્વોત્કૃષ્ટ ગીત તે વેદ. ‘અર્જુન માટે ગાયેલું ગીત તો ગીતા (ભગવદ્ –ગીતા) ના નામથી પ્રસિદ્ધ છે. ભગવાનનું ગીત માત્ર કર્ણપ્રિય કે હૃદય પ્રિય જ નથી હોતું પણ કલ્યાણપ્રદ હોય છે અને તે સર્વનું કલ્યાણ કરનાર હોય છે. ભગવદ્ ગીતા અર્જુન માટે હોવા છતાં સર્વના માટે બંધનમુકિતના ઉપચારરૂપ છે.

આ બધા ગીતો ભગવાનના વિવિધ આવેશમાં ગવાયેલા હોય છે અને ત્યારે પ્રભુનું સ્વરૂપ તદ્ અનુરૂપ હોય છે. યજ્ઞ અને જ્ઞાનરૂપ ભગવાને વેદ ગાયું. તો શિષ્ય માટે ગીતા ગાઈ તો ભકતો માટે શ્રીમદ્ ભાગવત્ વ્યાસજીના હૃદય–મુખમાં બિરાજીને ગાયું, જેમ ગોપાલદાસ રૂપાલવાળાના હૃદયમાં બેસીને શ્રીગુસાંઈજીએ નવાખ્યાન ગાયાં તે પ્રકારે.

ભગવાને પોતાની અવતારલીલા કે જેમાં પૂર્ણ પુરૂષોત્તમરૂપે પ્રકટ થયા કૃષ્ણ નામથી, ત્યારે ગોકુળમાં જે લીલાઓ વ્રજભકતો માટે કરી તેમાંના પ્રસિદ્ધ ગીત વેણુગીત, ગોપીગીત, પ્રણયગીત, યુગલગીત, ભ્રમરગીત વગેરે છે. આ બધાં ગીતો ગાયાં છે ભકતોએ પરંતુ ભગવાન માટે ગાયા છે તેથી તો તે મધુરમ્ છે. આ બધા જ ગીતોમાં અન્વય તરીકે ભગવદ્‌રતિ છે પરંતુ દરેકમાં પ્રસંગ–ભાવ વ્યતિરેક છે. હોરીમાં પણ ગીતો ગાયાં છે, સાંઝીમાં, ડોલમાં, પલનામાં, પ્રભુને પોઢાવતાં, દાનલીલામાં. એમ અનેક પ્રસંગે ભકતો વિવિધ ભાવો પ્રદર્શિત કરતાં ગીતો ગાય છે. રાસલીલામાં ગીતો ભકતોએ પણ ગાયા છે, ભગવાને પણ ગાયાં છે અને સમૂહમાં પણ ગવાયાં છે પણ તેના શબ્દો પ્રસિદ્ધ નથી કેમ કે ગૂઢ છે કેમ કે ભાવના અંગ રૂપે શબ્દ કે સૂર છે. વેદ, ગીતા, ભાગવતમાં પ્રભુનું ઐશ્વર્ય પ્રગટ થાય છે તો વેણુગીત વગેરેમાં ભકતોનું ઐશ્વર્ય પ્રકટ થાય છે. આ બધાં જ ગીતો ભગવત્ સંબંધ સંપાદકત્વ રૂપ સિદ્ધિ પ્રદાન કરનારા છે.

पीतं मधुरम् ४/२ : વીર્ય ધર્મ ભગવત્ સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

ભગવાન ભકતોના સ્નેહનું પાન કરે છે. સ્નેહ મધુર છે, કેમ કે નિષ્કામ છે, એકાન્તિક છે, સમર્પિત છે. ભગવાન ભકતોનો સ્નેહ મુખથી પાન કરે છે, વાણીથી પાન કરે છે, દષ્ટિથી પાન કરે છે, શ્રવણથી પાન કરે છે અને સ્પર્શથી પાન કરે છે. ભગવાન ભકતના સ્નેહના ભોકતા બને તે જ ભકતનો મોક્ષ છે, સૌભાગ્ય છે. ભગવાનનું પાન માર્યાદિક પણ હોઈ શકે કે પુષ્ટિ પણ હોઈ શકે, તેભકતના અધિકાર પર આધારીત છે.

ભગવાન ‘માતાના હાથે દૂધનું પાન કે ધૈયાનું પાન માત્ર નથી કરતા પણ માતામાં રહેલા વાત્સલ્યભાવનું પાન કરે છે. ગોપી છકહારી બની આવે છે ત્યારે કંઈક પેય પીવરાવે છે, ગોપીના ઘરે દૂધ પીવે છે કે પ્રભુ છાસ પીવા માટે નાચે છે. દાન લીલામાં જબરદસ્તીથી છાસ–દહીં પીવે તો ધૂપમાં ઉત્થાપન સમયે ખોબો ધરીને જલ પીવાની ગોપી પાસે માંગણી કરે છે, ત્યારે ખોબો ઢીલો રાખી જલ ખાલી કરીને દષ્ટિથી ગોપીને પીવે છે. પ્રભુ પોતાના કર્ણથી ભકતોના મુખે ગવાતા પોતાના જ યશનું પાન કરે છે. સવારના પહોરમાં કોઈ ગોપીને ત્યાં પ્રભુ આવી ચઢે ત્યારે તે ગોપી ઉપાલંભના વચનો ખંડિતારૂપે કહે તે વાણીનું પાન કરે છે. રાત્રે પોઢતાં માતાના મુખે હાલરડું કે કહાની સાંભળતા વાણીનું પાન કરે છે. દાનલીલામાં કરગરતી કે ધમકી આપતી ગોપીની વાણી પીવે છે. તો રાસલીલા વેળા ભકતોના સ્પર્શનું પાન કરે છે, કરાવે છે. રાધાજી માન કરે ત્યારે આપની મૂકહઠનું પાન કરે છે.

ભગવાનનું પાન ભકતોને મધુર લાગે છે અને ભકતો દ્વારા સ્નેહ ભર્યું કરાવાતું પાન પ્રભુને પ્રિય લાગે છે. ભગવાન સર્વેન્દ્રિયોથી ભકતોનાં વિવિધ સ્નેહાત્મક ભાવોનું પાન કરવા સમર્થ છે. આ જ તો પ્રભુનો વીર્ય ધર્મ. અને આમ ભકત દ્વારા ભગવાન પાન કરે છે તેથી ભકતને ભગવદ્ સંપાદકત્વ થાય છે.

भुकतं मधुरम् ४/३ : યશ ધર્મ ભગવત્ સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

પ્રાકૃત ભોગનું પરિણામ દુઃખકારક હોય છે અને પ્રાકૃત વૈરાગ્યનું પરિણામ સુખકારક હોય છે પરંતુ પ્રભુ તો અપાકૃત છે અને લીલાભાવથી ભોગ કરે છે તથા ભકતોને કૃતાર્થ કરવા ભોગ કરે છે, ભકતોની પ્રભુ પ્રત્યેની ભકિતને ઉભારવા ભોગ કરે છે માટે તે સુખદ છે, મધુરમ્ છે.

અનેક કાલાવાલા પછી પ્રભુ યશોદાજીના હાથે દૂધ પીવે છે, કલેઉ કરે છે, ભોજન કરે છે વગેરે તેજ રીતે સખાઓ તથા બળદેવજીની વિનંતી થતાં છકહારીણીનો પ્રેમભર્યો આગ્રહ જાણી આરોગે છે અને અરે, સખા મિત્રોનું જૂઠન પણ આરોગે છે, તેથી તો બ્રહ્માજીને મોહ થયો કે શું આ પરબ્રહ્મ હોય ?

ભગવાન તો ભકતોના આત્માના, સર્વ ઈન્દ્રિયો સહિત ભોગ કરે છે. હકિકતમાં તો એક ભગવાન જ માત્ર ભોકતા છે. પોતે આખી સૃષ્ટિ પોતાના લીલાર્થે બનાવી છે તેથી જડસૃષ્ટિ અને જીવસૃષ્ટિ સર્વ કંઈ ભોગ્ય છે, છતાં ય આસુરીભાવવાળાઓ પોતાને ભોકતા સમજે છે. ભગવાનનું ભોગવવું સહજ છે, તેમાં વિષયતા નથી. અને ભગવાન પોતે પોતાનો જ ભોગ કરે છે કેમ કે તેમનાથી અન્ય કાંઈ છે જ નહિ, બ્રહ્મવાદ પ્રમાણે. પરંતુ ભગવાન ભકતોમાં ભાવવશ કે ભકતોના દુઃખ હરવા આરોગે છે. આપણા ઘરમાં આપણા માથે બિરાજતા પ્રભુ આપણા અહંતા મમતાત્મક વિષયોને આરોગે છે. તે તો પદ્મનાભદાસના છોલાં કે સંભલવારા દામોદરદાસને ત્યાંના મિષ્ટાન્ન પણ આરોગે છે. અરે નારાયણદાસ બ્રહ્મચારીની ગરમ ખીર આરોગે છે. અને હરિવંશ પાઠકનો દોલનો મનોરથ પણ માણે છે. વિદુરની ભાજી કે વિદુરપત્નીના કેળાંના છીલકાં કે દ્રૌપદીનું જૂઠન ભાજીનું પત્તું આરોગીને પણ પ્રસન્નતા વ્યક્ત કરે છે, તો દુર્યોધનના છપ્પનભોગને પણ ઠુકરાવે છે. પ્રભુ તો વનમાં શીલા ઉપર કે જંગા પર મુકીને છાક આરોગે છે, તો કુંજમાં સ્વામિનીજીના શ્રીહસ્તે પ્રેમને પણ માણે છે. ભીલડીઓના મેવા કે, ભીલડીનું જુઠન પણ આરોગે છે. અપરસનો વિચાર કર્યા વગર પણ આરોગે છે. તો અત્યંત અપરસવાળા યજ્ઞ કર્તા બ્રાહ્મણોના હાથનું નથી આરોગતા અને બ્રાહ્મણ પત્નીનું માગીને આરોગે છે. જ્ઞાની રાજા જનકને ત્યાં તથા પ્રેમી ભકત બ્રાહ્મણને ત્યાં એક સાથે જ આરોગે છે. ગિરિરાજ રૂપે અન્નકૂટ આરોગે છે તો ઉપેન્દ્ર બનીને ઈન્દ્રાસનનો પણ ભોગ કરે છે. બલિરાજા પાસેથી ત્રણ ડગ પૃથ્વીના બહાણે ત્રણે ભુવન પરની સત્તા છીનવી લઈને ભોગવે છે તો બલિનું રક્ષકપણું પણ ભોગવે છે. અને અર્જુનનું સારથીપણું પણ ભોગવે છે. તો દ્વારકાના મહેલમાં અનેક રંગરાગ સહિત ગૃહસ્થપણું પણ ભોગે છે. ગદાધરદાસની જલની લોટી આરોગે છે તો રામાનંદ પંડિતની જલેબી તો બંગાળના બ્રાહ્મણના ગોળ વડાં આરોગે છે. શ્રી ગુસાંઈજીના બનાવેલા વડી ભાત અરોગે છે તો શિશુપાલની ગાળોને ભોગવે છે. જરાસંઘથી ભાગવાનું પણ ભોગવે છે. તો સોનાની દ્વારકા પણ ભોગવે છે.

આપ પિતાપણું પુત્રપણું, બંધુપણું મિત્રપણું, કાન્ત પણું, જારપણું, ગુરૂપણું, ભાઈ પણું, એમ સેંકડો સંબંધોને ભકિતના કારણે ભોગવવા તત્પર રહે છે. તો જ્ઞાની માટે આ બધા સંબંધોમાં વૈરાગ્ય પણ ભોગવે છે અને પોતે નિર્ગુણ પણું ભોગવવા સાથે ઐશ્વર્યદિ છ ધર્મોને પણ ભોગવે છે.

અષ્ટસખાના કીર્તનોને ભોગવે છે તો દુષ્ટ બનાવટી ચતુર્ભૂજ વાસુદેવનો ઉપાલંભ પણ ભોગવે છે. પરંતુ ભગગાનને સૌથી પ્રિય જે ભોગવવું ગમે છે તે ભકતનો અનન્ય આશ્રય અને સમર્પણ ભાવ છે. તે માણવા તો આપ વૈકુંઠમાંથી નાનકડા ગોકુલમાં પધાર્યા અને તે પછી પણ ધરવ ન થતાં શ્રીઆચાર્યજીના સેવકોના ઘરે ઘરે પધાર્યા. ભગવાનના ભકતની સેવા લેવાનો ભોગ ભકતનું સૌભાગ્ય છે, સુદુર્લભ છે જે જપ તપ જ્ઞાન કે કર્મથી નથી મળતું, તે તો ભગવાનની કૃપાથી તથા ભકતની ભકિતના સંમિશ્રણથી જ મળે છે. પુષ્ટિ એ પ્રભુનો યશ છે તો ભકિત એ ભકતનો યશ છે, તે એવો નિત્યયશ છે કે જેને કાલ–કર્મ–સ્વભાવનું સામ્રાજય શાસિત કરી શકતું નથી, તે તો માત્ર અને માત્ર પોતાના અતીવપ્રિય કૃષ્ણને જ આધીન છે. ભગવાનનું ભુકતં જ ભકતને ભગવત્ પ્રિયત્વ સંપાદક છે. આથી જ તો ભુકતં મધુરમ્ છે.

सुप्तं मधुरम् ४/४ : શ્રીધર્મ ભગવત્ સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

નિદ્રા તો અજ્ઞાનરૂપ તામસ છે પરંતુ પ્રભુનું પોઢવું પણ લીલા છે અને જે કોઈ લીલા હોય તે આનંદરૂપ જ હોય. પ્રભુ પોઢે છે ત્યારે પોતાની સમગ્ર શકિતઓને પોઢાવી પછી પોઢે છે. ભગવાન જો કે પોઢતા નથી પણ આપની જ્ઞાનશકિત ક્રિયાશકિત બન્નેને શાંત કરી દે છે તેથી સર્વ પ્રવૃત્તિ સ્થગિત થાય છે પણ નિવૃત્તિ તો ચાલુ છે તેથી ભાવ શકિત કદી નથી પોઢતી. ત્યારે પણ પ્રભુ નિત્યલીલામાં, ભકત હૃદયોમાં તો લીલા કરતા જ રહે છે તથા પ્રત્યક્ષ પણ લીલા કરતા રહે છે.

યશોદાજીના ભવનમાં સુખશૈયા પર પ્રભુ પોઢે છે ત્યારે આપનું રૂપ લાવણ્ય ભકત–માતા નિહાર્યા જ કરે છે. અને નિકુંજલીલામાં પ્રભુ સ્વામિનીજી સાથે પોઢે છે ત્યારે સખીજનો આપના પોઢેલા સ્વરૂપને જાલરંધ્રમાંથી નિહાળી પ્રસન્નહૃદય થાય છે. વનમાં ગાય બાળકોની ગોદમાં પ્રભુ પોઢે છે ત્યારે આ સેવાનો લ્હાવો લેનાર પોતાને બડભાગી માને છે.

શ્રી આચાર્યજીને નવનિત પ્રિયજીમાં ખૂબ આસકિત હતી પણ તે સ્વરૂપ તો ગજ્જનના માથે બિરાજતું હતું. અંતર્યામી પ્રભુ ગજ્જન સહિત આપને ત્યાં પધાર્યા અને મહાપ્રભુજીની સાથે પોઢવા જીદ કરી પણ પુષ્ટિમાર્ગના પ્રણેતાએ પુષ્ટિભકિતમાર્ગ પ્રભુને મર્યાદા બતાવીને બીજે દિવસે જુદી પલંગડીમાં પોઢાવ્યા–વ્રજની ડોસીને પોતાના ઠાકોરજી પોઢે પછી વાંદરાનો ડર લાગતો તો બીજીને વાઘનો ડર લાગતો તો ત્રીજી ડોશી પાસે પ્રભુ પોઢયા પણ લડતી બીલાડીથી બહુ ડર્યા. આ એ પ્રભુ છે કે જેમણે નૃસિંહ સ્વરૂપે હિરણ્યકશિયુ પર ક્રોધ કરીને માર્યો ત્યારે ખુદ લક્ષ્મીજી પણ પ્રભુના આ રૂદ્ર સ્વરૂપથી ડરી ગયા હતા.

ભકતો માટે તો પ્રભુની સર્વલીલા ભગવદ્રૂપ છે કેમ કે ધર્મ અને ધર્મીમાં તેઓ અભેદ જૂએ છે તેથી ભકતો તો પ્રભુની સર્વલીલામાં આનંદના જ દર્શન કરે છે. પ્રભુ ચાહે ત્યારે પૂરી સૃષ્ટિને પોઢાડે છે તે જ પ્રભુની સ્વતંત્રતા એટલે કે શ્રી છે. પ્રભુના જાગૃત સ્વરૂપ કરતાં પોઢેલા સ્વરૂપમાં અધિક સૌંદર્ય છે તે જ તો આપનો શ્રી ધર્મ છે, જે ભગવત્ સ્વરૂપ સંપાદક છે. સંયોગ કરતાં વિપ્રયોગની

વિશેષ શોભા છે.

रूपम् मधुरम् ४/५ : જ્ઞાનધર્મ ભગવત સ્વરૂપ સંપાદકત્વ સિદ્ધિ

ભગવાનના નામ અને રૂપ બન્ને જીવને બંધનમાંથી મુક્ત કરનાર છે અને મોક્ષમાંથી ઉપર ઉઠાવીને ભજનનાનંદનું દાન કરનાર છે. પરંતુ રૂપની ખૂબી એ છે કે રૂપ ભકતને ભગવાનમાં મોહિત કરી દે છે તેથી તેને સંસાર પ્રતિ અભાવ થઈ જાય છે અને પ્રપંચની વિસ્મૃતિ થાય છે તથા ભગવાન સિવાય સર્વમાં સમભાવ થઈ જાય છે. માટે રૂપમ્ મધુરમ્ છે.

હિલગના પદોમાં રૂપ જ અવલંબન જણાય છે. ‘રૂપ દેખી નૈના પલક લાગે નહિ.’ વ્રજમાં પ્રભુની જાગવાથી પોઢવા સુધીની સર્વ લીલામાં રૂપની પ્રધાનતા જણાય છે. પ્રભુના અનવતાર કાળમાં નામ નાવડી છે ભવસાગર તરવાની, પરંતુ બખૂબી મહાપ્રભુજીએ ઘરે ઘરે કૃષ્ણ પધરાવીને ઘરે ઘરે ગોકુળ વૃંદાવન પ્રકટ કરી દીધું તેથી ફરી રૂપ ચિત્તાકર્ષક બનવા લાગ્યું.

વ્રજમાં પ્રભુ પ્રકટ થયા છે તે જાણવામાં આવતાં જ શ્રુતિરૂપા ગોપીઓ આત્માના શૃંગાર કરીને નંદભવન પ્રતિ જાણે વેગથી આનંદપૂર્વક દોડી કેમ કે સહસ્ત્રવર્ષોથી તેમની દષ્ટિ કૃષ્ણરૂપના દર્શન માટે તલસતી હતી. પ્રભુ વનમાં પધારે છે ત્યારે ગોપીઓ અન્યની આંખોથી કનૈયાના રૂપના દર્શન કરે છે. મૃગલીની આંખોથી દર્શન કરે છે. ગાયો, વાછરડાં, વ.ની નજરથી નજર પ્રભુમાં મિલાવે છે અને સાંજે પ્રભુ વનમાંથી વ્રજમાં પધારે છે ત્યારે આપના રૂપ દર્શન માટે બ્હાવરી સી બની ગઈ હોય છે. ગાયોના પગની રજ ઉડતી દેખાય ત્યારથી જ આંખો ખેંચી ખેંચીને રૂપ દર્શન માટે તલપે છે. સાંજે દીવાટાણે દીવો કરવાના બહાણે તથા વારંવાર અલોવાઈ જાય તેવા બ્હાણે નંદભવનમાં આવી રૂપ દર્શન કરી જાય છે. ખિરકમાં ગાય દોહી દેવાને નિમિત્તે આવે છે. સવારે દહિં વેચવા જતી વેળા વળી વચ્ચે આવી જાય તો કોઈક જગાવવા આવી જાય તો કોઈ યશોદાને સહાયરૂપ થવા સ્નાન–શૃંગાર વખતે આવી જાય તો કોઈ છકહારી થઈને છાક લઈને વનમાં જઈ રૂપદર્શન કરી આવે. તો કાંઈ નટખટની ફરિયાદના નામે આવે પણ એ નક્કી કે રૂપ દર્શન ભગવત્ સંબંધ કરાવનાર પ્રભુ તરફથી સિદ્ધિનું ભકતને દાન છે. ભગવાનને બધાના અંતરના ભાવનું જ્ઞાન છે તેથી આપ દરેકને તે પ્રકારે રૂપદર્શન કરાવે છે.

तीलकं मधुरम् ४/६ : વૈરાગ્ય ધર્મ પ્રભુ સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

ભગવાનની ઓળખ કપાળમાં ઉર્ધ્વપુન્ડ્ર તીલકથી. તેથી ભકતો પણ ભગવાનના ચરણારવિન્દની ભાવનાથી મસ્તક પર તીલક કરે છે. કૃષ્ણ પરબ્રહ્મ છે તે જણાવવા આચાર્યશ્રી તેમને સર્વથી ઉપર ધારણ કરાતું તીલકં મધુરમ્ કહ્યું છે.

આપ પૂર્ણપુરૂષોત્તમ પૂર્ણાનંદ છે. આપ સર્વશ્રેષ્ઠ હોવાથી સર્વના પૂજનીય છો તે વાત યુધિષ્ઠિરે કરેલા રાજસૂય યજ્ઞમાં સિદ્ધ થયું. સહદેવે પોતાનો મત એ પ્રમાણે પ્રકટ કર્યો હતો. પ્રભુ

દેવાધિદેવ છે, નરશ્રેષ્ઠ અલ્પબુધ્ધિવાળા માને છે, છતાં ભગવાને પોતાની શ્રેષ્ઠતા કયારે ય આગળ નથી કરી કેમ કે આપનામાં વૈરાગ્યધર્મ પ્રબળ છે. આપે કંસને માર્યો, આપ મથુરાધિપતિ થયા હોત તો સૌએ આપને વધાવી લીધા હોત, છતાં આપે તો ઉગ્રસેનને મથુરાધિપતિ બનાવ્યા અને દ્વારકા નરેશ પણ એમને જ બનાવ્યા. કદાચ આપને ગોકુલનાથ થવાથી અધિક કાંઈ નહિ લાગતું હોય !

પ્રભુના વૈરાગ્યમાં પણ મધુરતા છે. તેથી તો આપ હૃદયસમ્રાટ છો. આપે પાંડવોને મહાભારતનું યુદ્ધ જીતાડી આપ્યું, એક રથ હાંકનાર સારથી બનીને કે જે સારથીપણાની ગાળ તો કર્ણને જીવનભર ચૂભતી રહી હતી કે તે સારથીપુત્ર છે. આ વૈરાગ્ય અજોડ છે. આપે દુર્યોધનના મહેમાન થવાનું નહિ સ્વીકારીને વિદુરના ઘરે મહેમાન બન્યા. હકિકતમાં આપ ભાવતીલક છો. ભકતો માટે આપ તિલક સમાન છો. ભકતોના મસ્તક એટલે કે બુધ્ધિમાં બિરાજીને આપ તેમને પ્રેરણા કરો છો. बुद्धिप्रेरक कृष्णस्य पादपद्मं प्रसिदतु જે પ્રભુને બુદ્ધિમાં અને હૃદયમાં બિરાજાવીને પોતે તેમના ચરણની સેવા કરે છે તેને પ્રભુ સંબંધ સંપાદન થવા રૂપ સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે. અને તેને બાકી સર્વ પ્રપંચ અને સંસારમાં વૈરાગ્ય પ્રકટ થાય છે. માટે તો શ્રી આચાર્યજી કહે છે–તીલકં મધુરમ્.

करणं मधुरम् ५/१ : ઐશ્વર્ય ધર્મ ભકતકલેશ નિવૃતકત્વ સિદ્ધિ

પ્રભુની પ્રત્યેક કૃતિ મધુર છે પણ તેની મધુરતા અનુભવવા માટે ભકતદષ્ટિ જોઈએ. શિશુપાલ કે પૌન્ડ્રકને કે સાલ્વને કે પૂતનાને કયાં પ્રભુની કૃતિમાં મધુરતા લાગી હતી ? શક્કરખોટનું સાકર જીવન ખરના પ્રાણ જ હરે. ભકતો શક્કરખોર છે અને ભગવાનના દ્વેષી ખરબુદ્ધિના હોવાથી પોતાના પ્રાણ ખૂવે છે.

ભગવાનનું હસવું, જાગવું, ખેલવું, દોડવું, ચોરી કરવી, ઝૂંટવી લેવું, મારવું વ. સર્વકૃતિ મધુર જ છે. ભગવાને કાલીયની ફણાઓને પોતાના નૃત્યથી લોહીલુહાણ કરી પણ તેનું નાગ તરીકેનું દ્વેષત્વ–અહંકારત્વ પ્રભુએ નાબુદ કર્યું, પ્રભુએ તેને મુકિતનાદ્વારે લાવીને મૂકી દીધો. એટલું જ નહિ તેના શિર ઉપર તીલકરૂપ થઈને ચરણચિન્હ સ્થાપ્યા. તીલક મધુરમ્ પણ થયો. ભગવાનની આકૃતિ પણ મધુર જ છે.

ગોપીઓના સૂતા છોકરાંને જગાડવા, ડરાવવા, રડાવવા, ગોપીનાં ઘરનાં સિકા પરથી માખણાદિ ખાવું ઢોળવું, ફોડવું વ પણ તેમને પ્રપંચમાંથી દૂર કરી ભગવાનમાં આસકિત કરાવવા માટે હતું તેથી ભગવાનની આ કૃતિ મધુરમ્ છે. પુતનાન મારી પણ તેને માતૃગતિ આપી. ગોકુલ છોડી પ્રભુ મથુરા–દ્વારકા પધાર્યા, પાછું વળીને જોયું પણ નહિ છતાં ‘વ્રજ મોહ બિસરત નાહિ’ એમ કહીને વ્રજવાસીઓના હૃદય રૂપી કેદમાં પ્રેમપાસથી બંધાઈને પૂરાઈ ગયા. કેટલી બધી મધુરતા !

પ્રભુની કૃતિ એક કાંકરે અનેક પક્ષીઓને વિંધનાર હોય છે. જરાસંઘને યુદ્ધમાં માર્યો હોત. અનેક નિદોષોની બન્ને પક્ષે ખુવારી થાત. અહીં તો પાંડવોનું કાર્ય સિધ્ધ થયું, કેદમાં પૂરાએલા

રાજાઓ છૂટયા અને ભગવદ્ભકત થયા. ભૂતલ પરથી એક બળવાન અસૂરનો નાશ પણ થયો છતાં પોતે રાજય તેના પૂત્રને આપ્યું આ આપનું ઐશ્વર્ય.

પ્રભુની કરણી સર્વ સ્થળે આપની ઈશ્વરતા પ્રકટ કરે છે તેથી તો ગોવર્ધનલીલા પછી વ્રજવાસીઓએ પ્રભુની ઈશ્વરતા જાણીને વૈકુંઠદર્શનની ઈચ્છા પ્રકટ કરી હતી. પ્રભુની દરેક કૃતિ ભકતનો કલેશ નિવૃત્ત કરવા જ હોય છે, તે દરેક પ્રસંગ પરથી જાણી શકાય છે.

तरणं मधुरम् ५/२ : વીર્યધર્મ. ભકતકલેશ નિવૃતકત્વ સિદ્ધિ

ભગવાનનું તરવું પણ મધુર છે. ભગવાન વ્રજ ભકતો સાથે જલ ક્રિડા કરે છે. તે મધુર લીલા છે. રાસલીલા પછી પ્રભુ ગોપીજનો સાથે શ્રી યમુના જલમાં ક્રિડા કરતા હતા તે સ્મરશ્રમ જલ યમુનાજીએ ધારણ કર્યું, તે જીવો ને તારવા માટે શકિતમાન હતું તેમ યમુનાષ્ટકમાં કહ્યું છે.

ભકત સંસારમાં તરતો હોય પણ જો તે ભગવાન સાથે પ્રેમ કરી બેસે તો ભગવાન તેની સાથે સંસારમાં તરવા આવી જાય છે, તે પછી તે ભકતને સંસારનો ય ડર નથી રહેતો, તે અભય થઈ જાય છે. કેમ કે સમસ્ત સંસાર ને તારવાને શકિતમાન તરવૈયો તેની સાથે છે.

જલમાં સ્નાન કરતા દુબળા પતલા કૃષ્ણદાસની પાસે આવીને વાસુદેવ દાસ તરતાં તરતાં છાંટા ઉડાડવા લાગ્યા તૈયાર કૃષ્ણદાસે તેમનો અનાયાસ હાથ પકડી લીધો જે તે છોડાવી ન શકયા ત્યારે મહાપ્રભુજીએ દામોદર દાસને કહ્યું–દેખ દમલા, ભગવદીય જેનો હાથ પકડે તેને છોડતા નથી. જો ભગવદીય સંસારમાં હાથ પકડે અને પછી તારે તો પછી ભગવાનની તો વાત જ કયાં કરવી ? ભગવાનના નામમાં ભૂલથી તરનારો અજામીલ તરી ગયો.

ભગવાન રૂપ સંસારમાં કુબજા તરવા આવી તો તે પણ તરી ગઈ. ભગવાનને સકામતાથી ભજે તે તરે તો નિષ્કામને તો કેવું અગાધ ફળ મળે ? તેથી જ આચાર્યજીએ બ્રહ્મસંબંધ મંત્રનું રહસ્ય સમજાવતાં જીવને ભગવાન સાથે રાખી ને સંસારમાં તરવાની ટેવ પાડી. સંસારમાં રહીને ભગવાનને ભજવાથી સંસાર તરી જવાય પણ ભગવાન સાથે રહી ને સંસારને ભજે તો સંસાર સાગરમાં ડૂબી જવાય.

ભગવાનની કૃપા કે ભગવાન સાથે રાખી સંસારમાં તરનારને ભગવાન પથરાને તારે તેમ તારે છે, આ જ તો ભગવાનનો વીર્ય ધર્મ છે કે જે ભકતનો સંસારરૂપ કલેશ નિવૃત્ત કરે છે. ભગવાનનું તરવું અને તારવું બંનેય મધુરમ્ છે.

हरणं मधुरम् ५/३ : યશધર્મ. ભકતકલેશ નિવૃતકત્વ સિદ્ધિ

ભગવાન કોઈકના દુઃખ હરિ લે, તો કોઈના ચિત્ત હરિ લે, તો કોઈની સંપત્તિ હરિ લે, કે કોઈના વસ્ત્ર હરિ લે, તો કોઈનું પારિજાતક વૃક્ષ હરિ લે, તો કોઈના પ્રાણ હરિ લે, તો કોઈનો સંસાર હરિ લે, તો કોઈનો વૈરાગ્ય હરિ લે, તો કોઈનું સુખ હરિ લે, કોઈની શાન્તિ હરિ લે, કોઈનો કલેશ હરિ લે, ભગવાન હરિ નામ વાળા હોવાથી હરણ કરવું તે આપનો સ્વભાવ છે. પરંતુ, જે કંઈ કરે છે તે આપને

માટે આનંદમયી લીલા છે અને જેનું હરાયું તેના ઉપર તો કૃપા જ થઈ છે. જેનું પરિણામ ભવિષ્યમાં જણાય.

ભગવાને એક જ આર્ત ભરી દર્દનાક પ્રાર્થનાથી ગજેન્દ્રને મગરના મુખમાંથી છોડાવ્યો જેમાં ગજેન્દ્રની ભકિત પ્રગટ થઈ તેથી તેનો તો મગરથી ય મોક્ષ (છૂટકારો) થયો અને તેની જડયોનીમાંથી પણ છૂટકારો થયો પણ સાથે મગરની મુકિત થઈ. ભગવાનના સાક્ષાત્ રૂપદર્શનથી, લીલાનુભવથી ગોપીજનોના ચિત્ત હરાઈ ગયા, એવાં કે તેમનું ચિત્ત સંસારમાંથી નિવૃત્ત થઈ ગયું. પરિણામે તેમને ભજનાનંદ મળ્યો, મધુરતા મળી.

ભગવાને પાંડવોની સંપત્તિ–રાજય વ હરિ લીધા તો તેઓ ભગવાનના ભકત બની ગયા. માટે તો કુંતીજી હરિ પાસે દુઃખની માગણી કરે છે. કાત્યાયની વ્રતધારી કુમારિકાઓ વસ્ત્રહીન જલમાં સ્નાન કરવા ગઈ તો ભગવાને તેમના સાંસારિક વસ્ત્રો હરિ લીધા અને જયારે તેમણે ભગવાન–પતિ સમક્ષ લજ્જા છોડી તો ભગવાને દિવ્યવસ્ત્રો આપી ગૂઢ પુંભાવનું દાન કરી રાસલીલાનું સુખ આપવાનું વચન આપ્યું.

ઈન્દ્રની ભગવાનમાં દઢભકિત નથી તેથી તેનામાં સમર્પણ ભાવ નથી. ભોગભાવ છે. તેથી તેને ભાન કરાવવા ભગવાને પારિજાતકનું વૃક્ષ હરિ લીધું. તેનું રાજય તો ભગવાનનું દીધેલું છે. તે વાત તે વારંવાર ભૂલી જાય છે. ભગવાનનો જે દ્વેષ કરે છે તેના પ્રાણ ભગવાન હરિ લે છે. પૌંડ્રક, શિશુપાલ, પૂતના વ ના પ્રાણ ભગવાને હરિ તો લીધા છતાં મુકુંદ હોવાના કારણે મુકિત પણ આપી. ભગવાન ભકતના કલ્યાણ માટે તેનો સંસાર હરિ લે છે. ઉદ્ધવનું ગોપીઓ દ્વારા જ્ઞાન હરાવ્યું. વૈરાગીને આચાર્યજીનો સેવક કરાવી વૈરાગ્ય હરાવ્યો. પદ્મનાભદાસ મહાપ્રભુજીના સંગનું સુખ લેવા અડેલ ગયા તો તે પ્રભુએ (મથુરેશજીએ) તે સુખ હરિ લીધું. હરિ લીધા પછી પણ અનેક ઘણું નવારૂપમાં દે છે તે આપનો યશ છે. આપ ભકતના કલેશના નિવર્તક છે.

रमणं मधुरं ५/४ : શ્રી ધર્મ ભકતકલેશ નિવર્તકત્વ સિદ્ધિ

આ સૃષ્ટિ ન્હોતી ત્યારે ભગવાન એકલા જ હતા. પોતે તો આનંદઘન છે પણ આનંદને માણવા માટે બીજું જોઈએ. તેને ભોગવે તો આનંદનો અનુભવ થાય. તેથી આપે બીજાની ઈચ્છા કરી. આનંદની અનુભૂતિ કરવી તે રમણ. ભગવાન જ ભોકતા છે, ભગવાને પોતાનામાંથી જ સૃષ્ટિ કરી તેથી સર્વકાંઈ પ્રભુ માટે ભોગ્ય છે, તેથી ભગવાન પોતે પોતાના જ અવર સ્વરૂપ સાથે રમણ કરે છે. ભગવાન પોતાનો રતિભાવ બીજામાં મૂકે છે અને કામભાવ પોતાનામાં રાખે છે, આમ રમણ ચાલે છે. આ રમણ નિર્લેપ ભાવવાળું હોવાથી, વિષયતા વિહિન હોવાથી, સહજ હોવાથી મધુર છે. જે બંધન કરે તે અમધુર પણ પ્રભુનું રમણ બંધનકારક નથી.

ગોપીજનનો ભગવાન સાથેનો રાસ દેખાવમાં ભલે ભૌતિક લાગે પણ તેમાં પ્રભુ પોતે પોતાના જ સ્વરૂપ સાથે ખેલે છે અને ગોપીજનો કે જે ભગવાનના અંશ છે તે પોતાના અંશી સાથે રમણ કરે છે,

તે ભાવ અકબંધ હોવાથી તેમનું રમણ અપ્રાકૃત છે. અપ્રાકૃત બધું જ મધુર હોય છે.

દુર્વાસા સદા ભૂખ્યા–જમ્યા પછી પણ અને કૃષ્ણ બ્રહ્મચારી–અનેક સ્ત્રીઓ સાથે રમણ છતાં–તે એટલા માટે કે તેમની ક્રિયા અને ભાવ નોખા રહે છે માટે રમણં મધુરં છે.

ભગવાને વ્રજમાં પ્રગટ થઈને અનેક આનંદમયી રમણલીલાઓ વ્રજસિમંતિનીઓ સાથે કરી છે. ગોપીના ઘરમાં કે ગિરિરાજની ગુફામાં કે યમુના કિનારાની કુંજોમાં કે યમુના જલ વિહારમાં કે નૌકાવિહારમાં કે ઉપવનની કુંજોમાં.

સોળહજાર એકસો આઠ રાણીઓ સાથે પણ રમણ કર્યું છે પરંતુ આ લીલામાં નથી શાસ્ત્રો દોષ ગણાવતા કે નથી ભકતોને તે બંધનકારક થતું કેમ કે આ લીલા અપ્રાકૃત ભગવાન કરે છે, તેથી રમણ મધુર. તેથી જ અહીં શ્રીધર્મ પ્રગટ થાય છે. શૃંગારરસ સર્વરસમાં શ્રેષ્ઠ છે તેથી પણ શ્રી તો છે જ અને રમણ તો ભકતના કલેશનું નિવર્તન કરનાર છે જ તે તો નિશ્ચિત છે.

वमितं मधुरम् ५/५ : જ્ઞાન ધર્મ. ભકતકલેશ નિવર્તકત્વ સિદ્ધિ.

ભગવદાસકિત થવા માટે શ્રી આચાર્યજીએ સર્વદા સેવા અને સર્વદા કથા, કંઈપણ પ્રયોજન વગર, સહજ દાસભાવથી કરવાનો બોધ આપ્યો છે. આપ એ પણ બતાવે છે કે ગુણગાન અને ભગવાનમાં અભેદ છે. ગુણગાન દ્વારા ભગવાન ભકતનાં કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશે છે અને અતીશય વિરહકલેશ થાય ત્યારે કીર્તન દ્વારા બહાર પ્રકટ થાય છે. આ અંદરથી બહાર પ્રકટ થવાની ભગવાનની લીલાને વમિતં મુધરમ્ કહ્યું છે. આનાથી ભકતના કલેશનું નિવર્તન થાય છે.

વાર્તામાં આવે છે કે ભગવાન માગી માગીને આરોગતા એટલે કે ભગવાન પોતાના મનનો ભાવ બહાર પ્રકટ કરતા. આ પણ વમિતં મધુરમ્ છે. ભગવાને અર્જુનને ગીતોપદેશ કર્યો તે પણ વમિતં છે. ભગવાન પોતાનું ચર્વિત તાંબુલ પોતાના પ્રિય ભકતને લેવરાવે તે પણ વમિતં અને જલક્રિડામાં મોઢામાં જલ ભરી ભકતો પ્રતિ ઉડારે તે પણ વમિતં તથા કોઈ ગોપીના ત્યાં ભગવાન ચોરી કરવા પધાર્યા, ગોપી તાકીને જ બેઠી હતી કે કનૈયો આવે તો આજે તો પકડું. જેવી ગોપી આવી કે કનૈયાએ મોઢામાં દૂધ ભરીને તેનો કોગળો ગોપીના મોં પર કર્યો (વમિતં) અને ગોપી કાંઈ જોઈ ન શકી તેથી કનૈયો ભાગી ગયો, આમ પ્રભુનું વમિતં પણ માધુર્ય લીલા છે.

ભગવાન પોતાનામાંથી જ પોતાના રમણ માટે સૃષ્ટિનું સર્જન કરે છે તેમના પાલન પોષણની વ્યવસ્થા ગોઠવે છે અને જ્યારે સૃષ્ટિના વિસર્જનનો વિચાર કરે ત્યારે પોતાનામાં સમાવી દે છે. ફરી જ્યારે સૃષ્ટિ કરવાનો મનોરથ કરે ત્યારે પોતાની અંદર રહેલી સૃષ્ટિને બહાર પ્રકટાવે છે આ વમિતં છે, મધુરમ્ છે. ભકતોને સૃષ્ટિલીલા સમયે ભગવદ્સેવા કરવાનો લાભ મળે છે આમ સહસ્ત્ર પરિવત્સરથી જે ભગવદ્ સાયુજયને કારણે સેવા છૂટી ગઈ હતી તેનો જે કલેશ હતો તે ભગવાન વમિતં દ્વારા નિવર્તન કરે છે. ભગવાન જાણે છે કે ભકતને શાની અપેક્ષા છે તેથી અહીં ભગવાન પોતાનો જ્ઞાનધર્મ પ્રકટ કરે છે.

शमितं मधुरम् ५/६ : વૈરાગ્યધર્મ. ભકતકલે શ નિવર્તકત્વ સિદ્ધિ

ભગવાને જેનું વમિતં કર્યું તેનું શમિતં પણ કરે છે. એટલે કે પ્રકટ કરેલી સૃષ્ટિને પોતામાં સમાવીને સર્વ પ્રવૃત્તિને અટકાવીને નિવૃત્તિ લે તેને શમિતં કહીયે. ભગવાનની આ પ્રલય લીલા થાય ત્યારે અસુરો સહિત સર્વ ભગવત્ સાયુજય પામે. તેનાથી વિશેષ મુધરતા કઈ ? અને તેનાથી વિશેષ ઉદારતા કઈ ?

ભગવાને જયારે વેણુનાદ કર્યો ત્યારે જ અંતઃગૃહગતા ગોપીજનો હતા તે પ્રભુ મિલન માટે ઘરબહાર નિકળી ન શકયા, પ્રતિબંધો આડે આવ્યા, ત્યારે તેમને ખૂબ જ વિરહ તાપ થયો તે વમિતં. અને પ્રભુએ ત્યારે ત્યાં સાક્ષાત્ પ્રકટ થઈને તેમને એવો ગાઢ આશ્લષ આપ્યો કે તેમનો બધો જ વિરહ તાપ શાંત થઈ ગયો આ શમિતં મધુરમ્. અહીં ભકતકલેશ નિવર્તક સિદ્ધિ પ્રગટ થાય છે.

ગોપો અને ગાયો સાથે ભગવાન વનમાં ગાયો ચરાવે છે ત્યારે કેટલીક ગાયો ચરવાના લોભમાં ખૂબ દૂર ચાલી જાય છે. ત્યાં વનમાં દાવાનલ પ્રજવલી ઊઠે છે, તે જોઈને ગોપબાલો આકૃળવ્યાકુળ થઈ જાય છે. ત્યારે ભગવાન તેમની આંખો બંધ કરાવી, વનમાંનો દાવાનળ પી ગયા, દાવાનળ શાંત થઈ ગયો. ભકતોના હૈયામાંનો કલેશ પણ શાંત થયો તથા અંતઃકરણાધ્યાસ પણ શમી ગયો. શમીતં મધુરં. કયારેક દુઃસંગ વશ કે સ્વભાવ વશ કે કાલવશ કે કર્મવશ ભકતને આસુરાવેશ આવે તો પ્રભુ કૃપા કરીને તે આસુરાવેશનું સમન કરે છે. શમિતં મધુરમ્.

ભગવાન હર પ્રકારે ભકતના કલેશને શાન્ત કરીને સુખદાન કરે છે, તે સિવાય અન્યમાં આપને વૈરાગ્ય છે અને ભકતોને પણ તેથી બોધ મળે છે કે ભગવદ્ સંબંધિ પ્રવૃત્તિ સિવાય અન્ય બધાંમાંથી મનની વૃત્તિને કાઢવા પ્રયત્ન કરવો. ભગવાને ભકત દ્રૌપદીને ખાતર જૂઠન ભાજીનું પત્તુ આરોગ્યું અને દસહજાર શિષ્યો સહિત દુર્વાસાની ભૂખમાં રહેલી દુર્વાસનાને શાંત કરી. શમિતં મધુરમ્. ભગવાને નંદયશોદા તથા વસુદેવ–દેવકીને આગળના જન્મોમાં આપેલું વરદાન તથા શ્રુતિઓ અને રામચંદ્રરૂપે ઋષિઓને જે વરદાન આપ્યા હતા તે સત્ય કર્યા તેથી તે સૌની દિવ્યઈચ્છાઓ સંતોષાઈ, ઈચ્છા સમિત થઈ, દિવ્યતા તેમનામાં વ્યાપી રહી. શમિતં મધુરમ્.

गुंजा मधुरा ६/१ : ઐશ્વર્ય ધર્મ. ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ સિદ્ધિ

નિર્ધનને અચાનક કુબેર બનાવી દેવામાં આવે, કુબેરથી ય અધિક ઐશ્વર્યરૂપ ભગવત્ પ્રિયત્વ પ્રાપ્ત થઈ જાય તો તેના હૃદયમાં ભાવની કેટલી બધી ભરતી આવે ? તેવાનો સેવક ધર્મ કેટલો વિરાટ થાય ? તેનું ભગવાન પ્રતિ ઋણત્વ કેટલું અસીમ થાય ? તે તો કલ્પનાનો જ વિષય છે. જેનું કોઈ મૂલ્ય નથી,

જે ફૂલ નથી, જેમાં કોમળતા નથી, જેમાં સુગંધ નથી, જેમાં રંગોની કે આકારની ખાસ કોઈ નવીન વિવિધતા નથી, જે કાંટાળા વાડની ક્ષુદ્ર વેલી પર થાય છે, જે કહેવાય છે ફળ પણ ખાવામાં કામ નથી આવતી, જે ફળ જેવી કોમળ નથી–તેવા ગુંજાફળની માળા બનાવીને પ્રભુએ બંશીની જેમ હંમેશાં

પોતાના કંઠમાં ધારણ કરીને સર્વ માળાઓમાં પ્રધાન પણાનો અધિકાર આપ્યો. નિઃસાધનના સાધન ભગવાન થયા તો તેવી ગુંજા માટે મધુરા શબ્દ સિવાય બધા જ શબ્દો ઉણા પડે. ગુંજા મધુરાઃ

જે અમધુર હતી તે પ્રભુ કૃપાથી અને પ્રભુ સંગે મધુરા થઈ ગઈ. પ્રભુનું સામિપ્ય સુખ, સ્પર્શ સુખ સર્વદા પામતી રહી. જો રાતી હોય તો રાજસ ભાવની પ્રબળતા, શ્યામ હોય તો તામસ ભાવની પ્રબળતા અને સફેદ હોય તો સાત્વિક ભાવની પ્રબળતા તેનામાં હોવા છતાં, સગુણ હોવા છતાં, નિર્ગુણ પ્રભુએ તેને પોતાના કૃપાબળથી નિર્ગુણ બનાવી. ભગવાનના કર્તુમ્ અકુર્તમ્ અન્યથાકર્તુમ્ સામર્થ્યનું આ જીવતું જાગતું ઉદાહરણ છે. ગુંજાએ ભગવત્ પ્રાપ્તિના કોઈ સાધનો પણ નથી કરેલા જણાતા. કદાચ તેનો નિઃસાધનતાનો ભાવ એટલે તો દીનતાની પરાકાષ્ઠા જ. નિઃસાધનજનાત્મા પ્રભુ તે જચી ગઈ ! ગુંજા મધુરા હોવા છતાં તેને પોતાની પ્રસંશા પસંદ નથી, તેનું લક્ષ્ય અને ધ્યાન તથા શ્રુતિ તો ભગવાન પ્રતિ છે, તેથી તો તેનો લાભ–પૂજાર્થ ભાવ શૂન્ય થઈ શકયો છે. પ્રભુ પોતાનો પ્રાગટયોત્સવ નંદમહોત્સવ અને જન્માષ્ટમીના દિવસે ભકતો થકી મનાવે છે પણ પોતે તો ગુંજામાળાનો જન્મોત્સવ ઉજવે છે કે તે દિવસે દર વર્ષે આપ નવીન ગુંજામાળાને ધારણ કરે છે, પ્રભુની મહોદારતાનો અંત નથી, આ જ તો મોટાઓનું ઐશ્વર્ય છે, નાના એવા ક્ષુદ્રને પણ ભગવત્ પ્રિયત્વ સંપાદન કરાવે છે.

माला मधुरा ६/२ :   વીર્ય ધર્મ.   ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ સિદ્ધિ.

ભગવાન પોતાના શ્રી કંઠમાં અનેક પ્રકારની માલાઓ દ્વારા ભકતોના ભાવને ધારણ કરે છે. મોતી, પરવાળા, હીરા, લાખ, ફૂલ, તુલસી, સુવર્ણ, રૂપું, ચંદન, વ.ની માળાઓ ધારણ કરે છે. ભગવદ્ શ્રીઅંગના સ્પર્શનો તેમણે સંપાદન કરેલ અધિકાર અને ભગવાનનું પ્રિયત્વ તે બેનું સંયોજન થાય પછી તે મધુરમ્ જ હોય. ભકતો પોતાની બે બાંહો ભગવાનના કંઠમાં નાખે છે, રાસલીલા યાદ કરીને... , માલા રૂપે આ ભાવ મુધરભાવ છે. અનેક ભકતો એક સાથે એક જ પ્રભુના એક જ કંઠમાં અનેક ભાવથી અનેક બાંહો કંઠમાં પરોવે છે. અને છતાં પ્રભુ સૌના ભાવને અનુકૂળ પ્રતિભાવ આપી સૌને પ્રસન્ન–સંતુષ્ટ કરી શકે છે અહીં ભગવાન વીર્ય ધર્મ પ્રકટ કરે છે. આ રીતે ભકતોને પ્રભુ પોતાનું પ્રિયત્વ સંપાદન કરાવે છે.

પ્રભુ ગાયો ચારવા વનમાં પધારતા, તે પછી જ્યારે સાંજે ગાયોને ભેગી કરી વ્રજ તરફ પાછા વળતાં ત્યારે ગોપમિત્રો રસ્તામાંથી પ્રાપ્ત થતા ફૂલોને પરોવી પરોવીને બનાવેલી માળા પ્રભુને ધરાવતા જેને પ્રભુ વૈજયંતિમાળાના નામે સન્માન આપતા. સંકેતવનમાં રાધાજીનાં પ્રભુ સાથે લગ્ન યોજાયા ત્યારે રાધાજીએ જે સુંદર ફૂલમાળા પોતાના સ્વહસ્તથી તૈયાર કરી પ્રભુના કંઠમાં આરોપી તે વરમાળા પણ મધુર છે. શ્રીગિરિરાજજીનો અન્નકૂટ કર્યો ત્યારે ભાત ઉપર જે તુલસીની માળા ચડાવવામાં આવી તે પણ પ્રભુનું પ્રિયત્વ થાય તે માટે હતી. ઉત્સવ ઉપર માતાજી સોના રૂપાની તથા હીરા–મોતીની વિવિધરંગી માળા ધારણ કરાવતા, ઉષ્ણકાળની ગરમીમાં ભગવદ્ સુખાર્થ ગોપીજનો પુષ્પમાળ, ચંદનની માળા વ. તૈયાર કરીને પ્રભુને ધારણ કરાવતા જેમાં તેમનો મધુર પ્રેમ જ પ્રગટ

થાય છે. પ્રભુ સ્ત્રી હૃદયવાળા, કોમળ દીનતાભર્યા હૃદયવાળા પ્રતિ વિશેષ પક્ષપાત કરે છે .માલા પણ સ્ત્રીલિંગ છે. ભકતો ભગવાનની પ્રસાદી માળાને ધારણ કરે છે અને આખરે તેને સુંઘીને મસ્તકે ચડાવી પવિત્ર જલમાં વહેતીકરે છે. આવું માલાનું સૌભાગ્ય ભગવાનને કારણે છે.

यमुना मधुरा ६/३ :   યશ ધર્મ.   ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ સિદ્ધિ.

પ્રભુએ યમુનાજીને તુર્યપ્રિયા માન્યા છે નહિ કે ચતુર્થ પ્રિયા. યમુનાજી ગંગાજી–લક્ષ્મીજી–દ્વારકાની પટરાણીઓ, ચંદ્રાવલીજી વ. સર્વ કરવાં કંઈક વિશિષ્ટ છે. આપ શુદ્ધ નિર્ગુણ ભાવનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ છે. તેથી તો પ્રભુ અને મહાપ્રભુજી માટે આપ અતીવ પ્રિય છો. મહાપ્રભુજીએ યમુનાષ્ટક નામે જે સ્તુતિ કરી છે તે અજોડ સ્તુતિ છે. તે મધુર ફળ રૂપ જ માત્ર નથી પણ ફળોમાં રહેલી મધુરતા છે. યમુના મધુરા. રાસ વખતે પ્રભુના સુખનો વિચાર કરનારાં તથા સર્વ ગોપીજનોના સુખનો વિચાર કરીને રાસના દષ્ટા બની રહ્યા, પરંતુ હકિકતમાં સમગ્ર રાસ આપના હૃદયરૂપી વૃંદાવનમાં જ રમાયો અને જલ રૂપે આપની સાન્નિધ્યમાં થયો અને રાસમાંના ચરમ સુખનો અર્ક એ તો પ્રભુએ વ્રજ ભકતો સાથે જલક્રિડા કરી ત્યારે સાથે એકઠો કરી લીધો. તે સ્મરશ્રમજલણુભિઃ આપે તેને આત્મસાત કરી લીધો. આ પરમફલ અને આપ બન્નેનું એવું અજોડ સાયુજય થઈ ગયું કે આપ સર્વદાસર્વભાવેન કૃષ્ણમય થઈ ગયા. યમુનાજી શા માટે મધુરા છે તે શ્રીઆચાર્યજીએ આઠે શ્લોકથી સિદ્ધ કરી દીધું જ છે. પ્રભુના હૃદયમાં યમુનાજીનું વિશિષ્ટ સ્થાન છે તેથી તો યમુનાજી પ્રભુની લીલાર્થે આપના પ્રાગટય પહેલાં પધાર્યા છે. પ્રભુની બધી જ દિવ્ય મધુર લીલા આપના તટ પર જ થઈ છે. આપનો યશ આપના કિનારે કલ્લોલ કરતા પક્ષીરૂપ ધારણ કરેલ હંસ, મોર, કોયલ, પોપટ ગાય છે. શ્રીયમુનાજી પુષ્ટિ પ્રભુના પ્રિય હોવાથી જ કૃપા અવતાર છે. આપના નેત્રો, ચરણો, મુખારવિંદ સર્વત્ર પરથી પ્રભુથી વિખૂટા પડેલા દૈવી જીવો ઉપર કૃપા વર્ષ્યા કરે છે. ભકતની થોડીક ભકિતને તે ઘણી કરીને જાણે છે. તેથી આપ ભકિતરૂપ પણ છો. આપ ભકતની બડાઈ પ્રભુ આગળ કરીને ભકતને પ્રિયત્વ પ્રાપ્ત કરાવો છો. તેથી ભકતો આપનો યશ ગાયા કરે છે આપમાં અને પ્રભુમા સ્વરૂમાં ભેદ ન હોવાથી આપનો યશ તે પ્રભુનો જ યશ છે.

विचि मधुरा ६/४ :   શ્રી ધર્મ.   ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ સિદ્ધિ

શ્રીમયુનાજી સ્વયં ભકિત સ્વરૂપા છે તેથી તેમના આધિભૌતિક સ્વરૂપ જલના તરંગો પણ ભકિતરૂપ છે. શ્રી ગોકુલના ગોવિન્દઘાટ ઉપર જ્યારે શ્રીમહાપ્રભુજી ભગવદ્ રમણ સ્થળનું સ્મરણ કરતા હતા ત્યારે યમુનાજીની ભકિત લહેરો–તરંગોમાં રહેલી ભકિતનો સાનુભવ શ્રીઆચાર્યજીને થયો હશે અને આપના હૃદયમાં પણ બિરાજી રહેલ પ્રભુના કારણે ભકિતના સ્પંદનો તિવ્ર થતાં આપના મુખમાંથી શ્રીયમુનાષ્ટક સરી પડયું હશે. શ્રીયમુનાજી પોતાનો ભકિતનો સ્વભાવ પ્રકટ કરવા તો નથી ચાહતા પણ ભકિત તિવ્ર બની જાય તો વ્યસનાવસ્થામાં ભાન પણ ન રહે અને અંગેઅંગમાં રોમાંચ થાય. યમુનાજીના તરંગો–વિચિ જ તો યુમનાજીના રોમાંચ છે. શ્રીયમુનાજીના

આ ભાવને નિરખવા માટે ભકતદષ્ટિ જોઈએ. શ્રીઆચાર્યજી યમુનાષ્ટકમાં કહે છે.– ''તરંગભૂજકંકણ પ્રકટ મુકિતકા વાલુકા'' શ્રીમયુનાજીની શોભા આ ભકિતરૂપી તરંગો છે તેથી તેને આભૂષણ ગણી સુહાગની નિશાની તરીકે સદા શ્રીહસ્તમાં પહેરી રાખે છે. આ કંકણોમાં મોતી–મુકિતકા જડયા છે. યમુનાજીમાં જલ કરતાં રજ વિશેષ છે કે જેને આચાર્યજી મુકિતકા કહે છે. મુકિતના તો ત્યાં ટોપલાંને ટોપલા છે જોઈએ એટલી લઈ લ્યો પણ ભકતો તો તે રજમાં પ્રભુનો ચરણસ્પર્શ શોધે છે, જૂએ છે. તેના માટે તો એક રજ અતૂલ્ય ભજનાનંદદાતા છે. આજ તો પ્રભુના તુર્યપ્રિયા યુમનાજીના વિચિનો શ્રીધર્મ છે. અને તેથી તો વિચિ ભગવત્‌પ્રિયત્વ પ્રાપક છે. શ્રીયમુનાજીના તરંગો ઉપરથી જે લહેરો વાય છે તે પુષ્પિત–સુગંધિત હોવાના કારણે પ્રભુના મનને પ્રસન્ન કરનાર છે, તેવો ભકતનો ભકિતભાવ છે. તેથી આચાર્યજી કહે છે–તટસ્થ નવકાનન પ્રકટ મોદ પુષ્પાંબુના. શ્રીયમુનાજી નિર્ગુણા છે તેથી તો ધર્મરૂપા ગંગાજીનો સંગ કરે કે કમલ ઉપર વિરાજતા મોહક સ્વભાવવાળા લક્ષ્મીજીનો સંગ કરે, છતાં આપનું ચિત્ત તો પ્રભુચરણથી તલભર પણ ખસતું નથી. આપની માનસી, નિરોધ, કૃતાર્થતા સિદ્ધદશાની છે કેમ કે આપ અને પ્રભુમાં અભેદ છે.

सलिलं मधुरम् ६/५ : જ્ઞાનધર્મ. ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ સિદ્ધિ

શ્રીયમુનાજીનું જલ માત્ર પ્રભુનું ચરણામૃત જ નથી પરંતુ સ–લિલ સકળ લીલાયુક્ત છે, તેથી આચાર્યજી યમુનાષ્ટકમાં કહે છે સ્મરસ્મર જલાણુભિઃ સકલગાત્રજૈ સંગમઃ. પ્રભુના પ્રત્યેક અંગ વિવિધ લીલા સ્થલી છે, વિવિધ લીલાને પ્રકટ કરનાર છે, વિવિધ લીલાને જતાવનાર છે. આ સકળ અંગોનો સ્પર્શ યમુનાજળને થયેલો છે. એટલું જ નહિ સ્મરશ્રમ જલાણુ છે એટલે કે પ્રભુની મધુર લીલા યુકત છે. મધુરમ્ છે માટે જ સલિલમ્ મધુરમ્

પ્રભુ ભકતો સાથે નૌકાવિહાર કરે છે માટે સલિલની કૃતાર્થતા છે અને આ જળ પ્રભુને આનંદ આપે છે. માટે મધુર છે. (૩) પ્રભુ પનઘટલીલા કરે છે તો ઉષ્ણકાળમાં ગોપીના ઘરે ઉત્થાપન સમયે પધારી ઓકમાં જળ ભરીને પીવે છે, હોળીના માધુર્ય ઉત્સવમાં તો રંગ કે કેસુડાથી યુકત જલને વ્રજભકતો ઉપર છાંટીને ભકતોને આનંદ–મધુરતાથી તરબોળ કરી દે છે. પ્રભુ ગોપીજનો સાથે જલવિહાર જલક્રિડા પણ કરે છે, તો જલમાં નિવસ્ત્ર સ્નાન કરતી કુમારિકાઓ સાથે ચિરહરણ લીલા કરીને તેમને મધુર–રસના દાનનું વચન આપે છે. પ્રભુ ઉષ્ણકાળમાં ગાયો ચારવા વનમાં વિહાર કરે છે ત્યારે આકાશમાંના વાદળમાં પોતાનો બંધુભાવ પ્રકટ કરી, સખ્યભાવ પ્રકટ કરીને પ્રભુને છાંયો કરે છે અને ધીમી ધીમી જલની ફુહાર વરસાવીને ઠંડક આપવાની સેવા કરે છે. તો વર્ષાકાળમાં તો સલિલં–સલિલ. પ્રભુ વનમાંથી ભિંજાયેલા ઘરે પધારે છે તો વર્ષાના જળથી બચવા કુંજમાં છાક લીલા કરે છે આ બધી જ જળ–સલિલથી થતી લીલા છે તેથી મધુર છે. આ જલમાં ઉગતા કમળ પ્રભુને બહુ પ્રિય છે તેથી આપ શ્રીહસ્તમાં ધારણ કરે છે. ભગવદ્‌ભકતો આ જલજ કમલની ઉપમા આપનાશ્રીહસ્ત, ચરણ, મુખ, હૃદય, નેત્ર વગેરે સાથે કરે છે. ભગવાનનાં સર્વ અંગને સ્પર્શીલ

યમુનાજળ હોવાથી તે પ્રભુના સ્વરૂપમાં ભકિત સાથે ભગવદ્ સ્વરૂપ જ્ઞાન સંપાદક છે અને ભગવત્ પ્રિયત્વ સંપાદક પણ છે. તેથી અહીં ભગવાનનો જ્ઞાન ધર્મ પ્રકટ થયો.

कमलं मधुरम् ६/६ : વૈરાગ્ય ધર્મ. ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ સિદ્ધિ

કમલ મધુર છે કેમ કે કમલનો સંબંધ શ્રીયમુનાજી સાથે છે. જ્યારે ભગવાનના તુર્યપ્રિયા એવા શ્રીયમુનાજી મધુરતાની સાક્ષાત્ મૂર્તિ હોય તો પછી તેમના જલપ્રવાહમાં પ્રકટ થતા કમલ પણ મધુરમ્ જ હોય. કમલ જલમાં રહેવા છતાં નિર્લેપ રહે છે. જલમાં તો પંક પણ હોય, નાના મોટા જીવ કે જંતુ પણ હોય, તે બધાં તામસ, રાજસ કે સાત્વિક હોઈ શકે. હંસ હોય, પોપટ હોય, છતાં કમલ સૌથી અલિપ્ત રહે છે. આ જ તો પ્રભુના વૈરાગ્યધર્મને પ્રકટ કરે છે. વૈરાગ્ય ધર્મ નિર્ગુણભાવ સુધી પહોંચવાનું અંતીમ પગથીયું છે. કમલ યમુનાજીના જ પ્રતિક સમાન છે. તેને જોતાં જ મન પ્રસન્ન થાય તેવો તેનો વર્ણ છે. મન પ્રસન્ન થાય તેવી મંદ સુગંધ છે. સ્પર્શ મધુરો લાગે તેવી કોમળતા છે, અણીશુદ્ધ છે, તેથી સર્વપ્રકારે પ્રભુને લાયક છે. પ્રભુને તો કમલ સાથે નિત્યસંબંધ છે તેથી તો પ્રભુના ચરણકમલ, નાભિકમલ, હૃદયકમલ, હસ્તકમલ, મુખકમલ, નેત્રકમલ, પ્રભુ પોતાના શ્રીહસ્તમાં પણ કમલ ધારણ કરે છે, કપોલ ઉપર પણ કમલની આકૃતિ કરાવે છે. તેથી કમલમ્ મધુરમ્. જો કમલ જેવા પ્રભુને લાયક થઈએ તો ભગવત્–પ્રિયત્વ સંપાદન થાય. શ્રીયમુનાજીની કૃપાથી કમલત્વ પ્રાપ્ત થાય. શ્રીયમુનાજીનો સેવક યમુનાજીના બેટ પર આવી ચડયો પણ કિનારે જવા નૌકા ન્હોતી તો શ્રીયમુનાજીએ કૃપા કરીને કમલનો પૂલ બનાવી આપી તેને કિનારે લાવી આણ્યો. વ્રજમાંથી શ્રીનાથજી મેવાડ પધારતા હતા ત્યારે કિસનગઢ પાસે શ્રીનાથજીએ કમલ લાવી આપવાની જીદ કરી હતી અને જણાવ્યું હતું કે બાજુમાં પુષ્કર નામે સરોવર છે ત્યાં ઘણા કમલ છે. પ્રભુને કમલ બહુ જ પ્રિય છે તેથી તો પ્રભુ ભકતોના નિર્મલ કમલ સમાન હૃદયમાં બિરાજે છે. પ્રભુના નાભિકમલમાંથી બ્રહ્માજી પ્રકટ થયા છે, જેમને આપે સૌ પ્રથમ પોતાની સ્વરૂપ લીલાનું ચતુશ્લોકી ભાગવત કહીને સમજાવ્યું. પ્રભુનુ વ્રજ પણ કમલાકાર માનેલું છે કેમ કે કમલં મધુરમ્

गोपीमघुरा ७/१ : ઐશ્વર્ય ધર્મ. તનુનવત્વ સંપાદકત્વ સિદ્ધિ

ગોપી પ્રેમની ધ્વજા છે તેથી ગોપીઓ મધુર છે. જેમના માટે ભગવાન સર્વસાધનરૂપ બન્યાં તે ગોપીઓ તેથી મધુર છે. જેમના માટે ભગવાન સર્વ સાધનરૂપ બન્યા તે ગોપીઓ તેથી તો ભગવાનના ઐશ્વર્યધર્મ રૂપ છે. ભૂતલ ઉપર વ્રજના એક નાનકડા ગોકુલગામમાં પ્રગટેલી ગોપી કયાં ? અને બલિરાજા સમાન ત્રણે લોકના અધિપતિ સમ્રાટને પણ પોતાના ચરણથી નમાવનાર કયાં તથા જેમનો અંગુઠો ઉપરના લોકોને છેદીને સૂરસરિતાને ભૂતલ પર પધરાવનાર કયાં ? છતાં પ્રભુએ એવી ગોપીઓ સાથે પ્રાકૃત જેમ લીલા કરી. ગોપીઓને દિવ્યતનુ પ્રભુએ આપ્યું હતું તેથી તો તેઓ ભગવાન સાથે રાસલીલાનો આનંદ લઈ શકયા. તનુનવત્વ પ્રાપ્ત થવું તે પ્રભુનો ઐશ્વર્ય ધર્મ સિદ્ધ થયો હોય તો જ બને. આવી ગોપીઓ સાથે પ્રભુએ મધુર લીલાઓ જ નહિ અનેક પ્રકારની લીલા

કરી. બાળલીલા પણ કરી, આજ્ઞાકારી થઈને પણ રહ્યા. જે પૂર્ણકામ છે તેને ગોપીઓએ– છછિયાભર છાછ પે નાચ નચાયો. આ ગોપીઓનું પ્રભુ ઉપરનું ઐશ્વર્ય. ગોપીઓનો પ્રભુ પ્રતિનો પ્રેમ પોતાના દેહ ઈન્દ્રિય પ્રાણ દારા અગાર પુત્ર આપ્ત આલોક પરલોક અરે પોતાના આત્માથી પણ અધિક હતો. માટે તો શ્રીઆચાર્યજી પુ.પ્ર.મ. ભેદ ગ્રંથમાં આજ્ઞા કરે છે–શુદ્ધા પ્રેમાતિ દુર્લભા. ભગવાન પણ સ્વમુખથી કહે કે હું કયારેય તમારો અઋણી નહિ થાઉં ! તે ગોપીઓનો મધુરતા–ભાવ તે મધુરતા કેટલી પ્રચૂર હશે ! ગોકુલ છોડી મથુરા ગયા પછી પણ આપ ઉદ્ધવને કહે છે – વ્રજ મોહે બિસરત નાહિ.

સં.નિર્ણયમાં આચાર્યજી અનવતાર કાલીન ભકતોને માટે ગોપીઓને ગુરુસ્થાને સ્થાપે છે. કૌણ્ડાન્યો ગોપિકા પ્રોકતાગુરવ સાધનં ચ યત્. નિઃસાધન ગોપીકાઓને ભગવાનનું વ્યસન થઈ ગયું હતું. તેમને સર્વાત્મભાવ એવો થયો હતો કે સર્વત્ર ભગવાન અને ભગવાનની લીલાનો જ સાનુભવ થતો હતો. મૂળસ્વરૂપે શ્રુતિરૂપા ગોપીઓ વ્રજમાં પરકીયા હતી જયારે ઋષિરૂપા ગોપીઓ સ્વકીયા હતી. સ્ત્રી–અજ્ઞાન, પરાધીન છતાં ભાવના કારણે આ જન્મમાં જ પ્રભુને પામી, આનાથી વિશેષ કયું ઐશ્વર્ય ? અને તેઓ તનનવન્વ પણ પામી.

लीला मधुरा ७/२ : વીર્યધર્મ. તનુનવત્વ સંપાદકત્વ સિદ્ધિ

ભગવાન દ્વારા કરાતી લીલા કે જેમાં ભગવાન પાર્ટી છે તેવી સર્વલીલા મધુરા છે, કેમ કે ભગવાન મધુર છે. ભગવાન અને ભગવાનના ધર્મો તથા ભગવાનની લીલામાં ભેદ નથી. તેથી ભગવાનની લીલા, ગુણ, સ્વરૂપ બધું જ મુકિત / ભજનાનંદરૂપ સુખ આપનાર છે માટે મધુરા છે. દુઃખ નિવૃત્તિરૂપ, મુકિત તો અક્ષરથી પણ મળે. શ્રીમદ્ ભાગવતનો શાસ્ત્રાર્થ ભગવાનની આનંદમયી લીલા. આનંદ સિવાયના કોઈ પણ પ્રયોજનથી કરાતું કર્મ ક્રીડા કે કાર્ય લીલા ન કહેવાય. તેથી તો ભગવાને પોતાના ક્રીડાર્થે સૃષ્ટિ ઉત્પન્ન કરી તેમ શ્રુતિ કહે છે. તેથી ભગવાનની લીલાને મધુરા કહી છે. ભગવાનની પ્રત્યેક લીલા રસાત્મક છે. ભગવાનની તે લીલાને અનુકૂળ થઈ તેમાં સહભાગી થાય તે જીવને પ્રભુ મધુરતા આપે છે, તેનાથી પ્રતિકૂળ હોય તેવું બધું તે જીવ ત્યજી દે છે. જેમ બિલાડી લડતી હતી ત્યારે ડોશીમાના ઠાકોરજી ડરતા હતા અને માજી ઠાકોરજીનો ભય દૂર કરતા હતા તે અનુકૂલસ્ય સંકલ્પ. પણ જયારે ડોશીએ પૂતનાવધનો પ્રસંગ પ્રભુને યાદ કરાવ્યો ત્યારે પ્રતિકૂલનું વિસર્જન ન થયું. ભગવાન ગોપો સાથે સખ્યભાવે લીલા કરે છે તો વ્રજની ગોપીઓ સાથે પ્રિય/કાન્ત ભાવે લીલા કરે છે, વડીલો સાથે વાત્સલ્ય ભાવથી તો અસૂરોને ભય પમાડવાની લીલા કરે છે. ભગવાન કાલીયથી બંધાઈ ગયા ત્યારે કરુણભાવની લીલા કરી. તો વનમાં પ્રભુને પોઢવાની સેજ તૈયાર કરવારૂપ ગોપોની સાથે હાસ્ય ભાવની લીલા પણ કરી. તો પ્રભુ ગોપીઓની આજ્ઞા પ્રમાણે પાટલો લાવી આપતા ગાય દોહી દેતા. વગેરે દાસભાવની લીલા પણ કરી. પ્રભુની આ બધી લીલા સ્વાનંદ માટે હતી પણ તેથી વ્રજવાસીઓના ચિત્ત પ્રભુમાં નિરુદ્ધ થઈ ગયા તેનું કારણ પ્રભુમાં રહેલી દિવ્ય મધુરતા હતી. આ મધુરતા જ પ્રભુનો વીર્ય ધર્મ હતો કે સર્વ વ્રજવાસી પ્રભુમય થઈ ગયા અને

તેમનું તન–મન પ્રભુ અર્થે જ હતું તે તનુનવત્વનું સંપાકદત્વ.

युकतं मघुरम् ७/३ : યશધર્મ. તનુનવત્વ સંપાકદત્વ સિદ્ધિ

જ્યારે પ્રભુ આંતર્રમણ કરી રહ્યા હતા એટલે કે જડ–જીવ સૃષ્ટિ સાથે બહિર્રમણ ન્હોતા કરતા (સૃષ્ટિ નહોતી બનાવી) ત્યારે જડ–જીવ સૃષ્ટિ પ્રભુ સાથે જોડાયેલી–યુકત હતી, પ્રભુના અક્ષરમાં જ સૂક્ષ્મરૂપે રહેલી હતી. તે પછી સૃષ્ટિ બની, પાળી પોષી અને લય કર્યો ત્યારે ફરી તે પ્રભુ સાથે યુકત થઈ. પ્રભુની આ યુકતં લીલા પણ પ્રભુ લીલાર્થે છે તેથી મધુરમ્ છે. સૃષ્ટિકાળ દરિમયાન જે જીવો ભગવત્ કૃપાથી મૃકિતનો રસ્તો જ્ઞાન કે ભકિત માર્ગ પર ચાલીને શોધી કાઢે છે અને સાયુજય મુકિત અક્ષરમાં પામે છે કે ભગવાનમાં પામે છે તે પણ પ્રભુનું યુકત મધુરમ્ છે. અને જે જીવો ભૂતલ પર ભગવદ્ સેવા કરવામાં યુકત છે, તે સિવાય કયાંય યુકત (પ્રવૃત્ત–વ્યાવૃત્ત) નથી તેઓ પણ પ્રભુ સાથે યુકત છે. અને ત્યાં તો મધુરાધિપતિ રખિલ મધુર છે. સૃષ્ટિનું સર્જન–પાલન અને લય કરવા જેવું સામ્થર્ય જે સર્વત્ર પ્રસિદ્ધ છે. સર્વ શાસ્ત્રોમાં અને ભગવદીયોના અનુભવમાં પ્રસિદ્ધ છે. માટે યુકતંમધુરંમાં ભગવાનનો યશ ધર્મ પ્રકટ થાય છે. જે ભકતો આ ભૂતલ ઉપર જ પ્રભુ સાથે નિઃસંદેહ સર્વદા સર્વભાવેન જોડાયેલા રહે છે તેમનું તનુનવત્વ સંપાદન થઈ ગયું જ છે તેથી સાધનાવસ્થાના જીવોને બોધ થાય છે કે પ્રભુ સાથે યુક્ત થવા માટે પ્રભુની સેવા–તનુવિત્તજાથી અને નિર્હેતુક કથા–ભગવદ્ ગુણ લીલા ગાનથી પ્રભુ સાથે જોડાઈ રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. વૈકુંઠમાં બિરાજતા ત્રિલોકનાથ નાનકડા ગોકુળમા પ્રેમીભકતો જે નિઃસાધન છે તેમનું સાધન બનવા તેમની સાથે જોડાયા આ એક અદ્ભૂત કથા છે કેમ કે સામાન્ય રીતે અવિદ્યાગ્રસ્ત જીવ પ્રભુ દત્ત વિદ્યાની સીડી પર ચઢીને વૈકુંઠપતિ પાસે ઘણા પ્રયત્ને આપની કૃપા થાય તો પહોંચી શકે છે જ્યારે અહીં તો વ્રજની ગોપી, ગોવાળ, નાના મોટા વ્રજવાસી, ગોકુળ વૃંદાવનના પશુ પક્ષી વૃક્ષો પહાડ નદી વ સર્વ પર કૃપા કરવા કૃપાનિધિ સામે પધાર્યા. પ્રભુએ એક વિશિષ્ટ ભકિતમાર્ગનું પ્રદર્શન કરાવ્યું. અને સર્વત્ર પ્રભુકૃપાના જ દર્શન કે અનુભૂતિ કરવાવાળા ભકતોથી યુક્ત ઘરે ઘરે થયા. સહસ્ત્ર પરિવત્સરથી વિખૂટા પડેલાને આવીને મળ્યા. યુક્તં મધુરમ્.

मुकतम् मधुरम् ७/४ : શ્રીધર્મ. તનુનવત્વ સંપાદકત્વ સિદ્ધિ

પ્રભુ પોતાના ભકતોને અવિદ્યાથી મુકત કરાવીને પછી પોતાની મધુરતાનો સાચો અનુભવ કરાવે છે. વિષયો ભગવાન હોવા છતાં વિષયોના અનુભવમાં સાચી મધુરતા નથી. પુ.પ્ર.મ. ગ્રંથમાં આચાર્યજી કહે છે – પ્રભુ પોતાના જનો સંગદોષથી પ્રભુવિમુખ થાય તો તેમને શાપ અપાવીને પણ પોતાના કરે છે. પ્રભુની આ સંસારથી મુકત કરાવવાની લીલા પણ ભકતો માટે તો મધુર છે જ, પણ પ્રભુ માટે ય મધુર છે. शापं दापयति क्वचित् – ગીતાજીમાં ભગવાન આજ્ઞા કરે છે–પ્રવાહી જીવોને હું ફરી ફરી સંસાર પ્રવાહમાં ફેંકું છું. પ્રભુ તેઓને પોતાનાથી મુકત રાખે છે અને સંસારથી યુકત રાખે છે. કેમ કે તેમનું વરણ જ પ્રવાહિક જીવ તરીકેનું છે. અધિકારી જીવ એટલે કે શાસ્ત્ર મર્યાદા અનુસાર નિષ્કામ

ભાવે જે ભગવાનને ભજે છે તેને ભગવાન તુરત જ સંસાર સાગરમાં નાવ બનીને મુકત કરે છે. અને જે પ્રેમી ભકત છે પરંતુ દુર્ભાગ્યથી સંસારમાં ભટકી યો છે તેને આપશ્રી મહાપ્રભુજી દ્વારા ખોજ કરાવીને પોતાની સેવા કથાથી યુકત કરે છે જેને કારણે તેની પ્રપંચમાં નિરાસકિત થાય છે અને સંસારથી મુકત થાય છે. ભગવાન તેને તો પોતાનું સ્વરૂપ ગુણ લીલાનો અનુભવ કરાવે છે. ભગવાન તેની સમક્ષ પોતાની આસપાસ વિંટાળેલી માયાને મુકત કરે છે. માટે જ મુકતમ્ મધુરમ્. જ્યારે ભકતને પ્રપંચનો અને સંસારનો સંગ છૂટયો તેથી તે અભય બન્યો. આ પરાધીનતાની નિવૃત્તિ તે પણ પ્રભુ દ્વારા અનુભવાતો શ્રી ધર્મ અને ભગવદ્ સ્વરૂપ ગુણાનંદાનુભવ તે પ્રભુની શોભા, તેનો અનુભવ પણ શ્રીધર્મ. આવો અનુભવ કરાવતા પહેલાં પ્રભુ તેમને તનુનવત્વ સંપાદન કરી આપે છે. વ્રજભકતો ગોવર્ધનધારણ લીલા પછી પ્રભુને ઓળખી ગયા તેથી તેઓએ વેકુંઠધામ દર્શનની ઈચ્છા પ્રકટ કરી તો ભગવાને પ્રેમવશ સકળ વ્રજવાસીઓને બ્રહ્માનંદરૂપ વૈકુંઠમય કરી ફરી તેમાંથી મુકત કરીને પોતાનો ભજનાનંદ આપવા પાછા વ્રજમાં લાવ્યા. આપે વળી અનેક દુષ્ટોને પોતાની ઈચ્છાથી મુકત કર્યા. યમલાર્જુન વૃક્ષોને વૃક્ષયોનિમાંથી મુકત કર્યા, વ્રજવાસીઓને આધિભૌતિક અને આધ્યાત્મિક અવિદ્યાથી મુકત કર્યા, આમ પ્રભુનું મુક્તમ્ મુધરમ્ છે.

द्रष्टम् मधुरम् ૭/૫ : જ્ઞાનધર્મ. તનુનવત્વ સંપાદકત્વ સિદ્ધિ

ભગવાનનો દષ્ટિપાત મધુર છે. પોઢી રહેલા ઘનશ્યામને નિરખવા સવારના પહોરમાં ગોપી આવે છે ત્યારે આપ ધીરે રહીને નેત્રો ખોલીને જે મધુર દષ્ટિપાત કરે છે. તેથી તો ગોપીનો આખો દિવસ જ નહિ જનમારો સુધરી જાય છે. પ્રભુ મા સમક્ષ દષ્ટિ પ્રસરાવી ખાવા—પીવાની ચિજો માંગી માંગીને પ્રભુ આરોગે છે તેથી માતાને શેર લોહી ચઢે છે. નાનો સો કનૈયો નંદજીના પગરખાં પહેરી ઊંચી દષ્ટિ કરી તાતનો પ્રતિભાવ નિહારે છે ત્યારે નંદજી અડધા અડધા થઈ જાય છે. દાનલીલામાં ગોપી સામે આંખો ફેરવીને દાન માગે છે, તેને ડરાવે છે પણ છેલ્લે છેલ્લે પ્રેમભર્યો દષ્ટિપાત કરે છે, તેથી ગોપી બધું ભૂલી જઈ પ્રભુ પર વારી જાય છે. રાધાજી માનમાં બિરાજયા છે, કેમેય કરી માન છૂટતું નથી ત્યારે પ્રભુ નીચી નજરે તેમની ચરણસેવા કરવા હાથ લંબાવે છે, ત્યારે રાધાજી માન છોડી દે છે તે જોઈ પ્રભુ પ્રફૂલ્લ દષ્ટિવાળા થાય છે. ગોપ બાળકો સાથે ખેલવામાં નટખટ કનૈયો ઠગવિદ્યા કરવામાં ચતુર છે તેથી ઠગ જેવી ભોળી નજરે જૂવે છે અને પોતાની વિદ્યા કામ કરી જાય એટલે ત્રાંસી નજરે જોઈને હસી પણ લે છે. મિત્રો સાથે મજાક કરતાં કરતાં આંખોમાં હાસ્ય છલકાઈ જાય છે. તો કોઈ અસૂરનો સંહાર કરતાં ક્રોધભરી દષ્ટિ પાછી તુરત બદલાઈને ઉદાર દષ્ટિ થાય છે તેથી તેનો મોક્ષ થાય છે. પ્રભુનો ભકત જયારે પણ સામે આવે ત્યારે આપની દષ્ટિમાંથી કૃપા વરસતી રહે છે. તો પોતાની દાસભાવે સેવા કરનાર ઉપર પ્રભુ તુષ્ટિપૂર્વકની નજરથી ભકતને કૃતાર્થ કરે છે. અકૂરજી ગોકુળ પધાર્યા ત્યારે ભગવાને તેમને 'કાકા' કહીને જે દષ્ટિ કરી તેથી અક્રૂરના જાણે સર્વ મનોરથો પૂરા થઈ ગયા. હીનજાતીની પુલિંદીનીના વનફળ પ્રભુ આરોગ્યા ત્યારે આપની દષ્ટિ તરફ જોતી ભિલડીઓ ઉપકાર વશ થઈ ગઈ. છકહારી પ્રભુને ભોજન કરાવતાં જે આગ્રહ કરતી ત્યારે પ્રભુ તેના

ભાવ પર વારી જતા તે તો અનોખી દષ્ટિ હતી. અને રાસલીલામાં પ્રભુની શૃંગારાત્મક દષ્ટિને કારણે ભકતોને કામોદેક ચરમસીમાએ થતો. પ્રભુને જ્ઞાન છે કે કયા ભકત પ્રતિ કેવી દષ્ટિ કરવી કે જેનાથી તેનું ચિત પ્રભુમાં નિરુદ્ધ થઈ તેને તનુનવત્વ સંપાદન થાય ? પ્રભુની પ્રત્યેક દષ્ટિમાં મધુરતા સિવાય કંઈ જ નથી.

शिष्टम् मघुरम् ૭/૬ : વૈરાગ્યધર્મ. તનુનવત્વ સંપાકત્વ સિદ્ધિ.

પ્રભુનું અનુસાશન સર્વ પર ચાલે છે. તેથી તો સર્વકોઈ પ્રભુની ઈચ્છા પ્રમાણે ચાલે તેમાં જ શિષ્ટતા છે. 'અનુકુલસ્ય સંકલ્પ પ્રતિકુલ વિસર્જનમ' પ્રભુ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સમર્થ હોવાથી પ્રભુની ઈચ્છાને કોઈ ઉલ્લંઘી શકતું નથી અન્યથા આપના અધિકારી કાલ—કર્મ તેમનો દંડ દેવા તૈયાર જ છે. પ્રભુ શાસક હોવા છતાં પોતે તો તેનાથી અલિપ્ત જ રહે છે તેથી તો પ્રેમપ્રચૂર વ્રજભકતો પ્રભુ પર શાસન કરે છે અને પ્રભુ તેમના શાસનને મધુરતાપૂર્વક સ્વીકારે છે, વ્રજમાં પ્રભુની સાથે રહેતી બંશી જેમ પ્રભુને અનુશાસનમાં રાખે છે. પ્રેમ ભાવના ઉદ્રેકમાં તો પ્રભુની દ્રષ્ટિ પૂરા વિશ્વને પોતાના શાસનમાં દબાવીને રાખે છે.

તેમને જોતાં જ ગાયો એક જગાએ આવી જાય છે અને કહ્યાગરી બની જાય છે. પ્રભુ દાનલીલા કરે છે ત્યારે આ દષ્ટિનો ખાસ ઉપયોગ કરે છે અને શાસક તરીકે દાણ માગે છે. સામાન્ય રીતે શાસક કઠોર હોય છે પરંતુ પ્રભુ તો વજથી ય કઠોર હોવા છતાં પુષ્પથીય પણ કોમળ છે. વ્રજમાં તો પ્રભુની પુષ્ટિનું શાસન છે જે શાસન તો કમળના પુષ્પના શાસન સમાન મધુરું છે અને પ્રભુના શાસીત થવામાં દરેક વ્રજવાસી ગૌરવ અનુભવે છે, પોતાને સદ્ભાગી માને છે. પ્રભુ સર્વના શાસક છે તે ઈન્દ્ર ન સમજયો, પ્રભુએ પગે લગાડયો અને સ્વર્ગના અધિપતિ તરીકે પ્રભુનો અભિષેક કરાવ્યો. દ્વારકાલીલામાં શાસક તરીકે પારિજાતકનું વૃક્ષ સ્વર્ગમાંથી દ્વારકામાં લઈ આવ્યા. બલિને પાતાલમાં ચાંપી શાસકતા સિદ્ધ કરી... નંદજીને લઈ ગયેલા વરૂણના દૂતો પાસેથી તેમને છોડાવ્યા, સાંદિપની ગુરૂના પુત્રો શાસકની રૂએ પાછા લાવી આપ્યા. મિત્ર અર્જુન, પ્રતિજ્ઞા ન પાળી શકયો અને બ્રાહ્મણના બાળકને ન બચાવી શકયો તો પ્રભુએ તેના બધા બાળક લાવી દીધા. ભગવાનની આવી બધી લીલા સાંભળવાથી ભકતમાં પણ સંસાર પ્રતિ વૈરાગ્ય થાય છે. પ્રભુમાં આસકિત દઢ થઈ જવાથી તનુનવત્વનું સંપાદન પ્રભુ કૃપાથી થાય છે.

गोपा मधुरा ૮/૧ : ઐશ્વર્ય ધર્મ સ્મરશ્રમજલ સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

વનમાં ગાયો ચારવા જતાં ભગવાનના જે સખા મિત્રો છે તે પણ મધુર છે. ભગવાનના સખાઓ હંમેશાં ભગવાનનું હિત કરવા તત્પર હોય તેથી ગોપો પણ મધુર છે. ભગવાનની માખણચોરી વ લીલાઓમાં તેઓ ભગવાનના સહભાગી હોય છે. છાકલીલામાં એકબીજાના હાથમાંથી ઝૂંટવી લેવામાં મજા માણે છે. ભગવાન ભોજન પીરસે છે ત્યારે ભગવાનના હાથે પિરસેલું તેઓ આરોગે છે. વનમાં ભગવાનને વિંટળાઈને ચાલે છે. પ્રભુ બપોરે વૃક્ષની છાયા નીચે પોઢે ત્યારે

ભગવાન માટે શૈયા તૈયાર કરે છે, આપ થાકી ગયા હશે એમ જાણી આપની ચરણસેવા કરે છે. ભગવાન જેમના ખભે હાથનો ટેકો લઈને ચાલે છે તેવા આ બડભાગી ગોપો છે. આ ગોપો ગાયોને લઈને દૂર ગયા હોય અને છાકનો સમય થયો હોય, કે ઘરે પાછા ફરવાનું હોય તો ભગવાન સૌના નામ દઈ દઈને બોલાવે છે. વનમાં આ ગોપો સાથે જાત જાતની રમતો રમીને આનંદ પામતા ભગવાન – વનમાં ભગવાનને મારવા કંસે મોકલેલા વત્સાસુર, બકાસુર, અઘાસુર વગેરેને જોતાં ગોપો ડરી જાય છે, ત્યારે ભગવાન તેઓનો વધ કરીને તેમનો ઉદ્ધાર કરે છે, તેથી આ લીલા પણ મધુરમ્ બની રહે છે.

ભગવાને ઈન્દ્રકોપ વખતે ગિરિરાજને ઉઠાવી લીધો ત્યારે ગોપોએ ભગવાનને સહાયરૂપ થવા ટેકો કર્યો. આ ગોપો વનમાં ભગવાન સાથે જે અનેક દિવ્ય લીલાનો અનુભવ કરતા, તે રાત્રે ઘરે જઈને પોતાની પત્ની ગોપીઓને કહેતા. ભગવાન સાથે તેઓ વનમાં ગાન કરતા, ગોપીઓએ કહેલી રાત્રી લીલાનું ગાન કરતા. આમ તેઓ ભગવાનની વનમાં સેવા પણ કરતા તથા ભગવાનની રાત્રી લીલાનું સ્મરણ પણ કરતા, આથી આ ગોપોને ભગવાનની મધુર લીલાનો સંસ્પર્શ થતો. તો શ્રીયમુનાજીમાં ભગવાન સાથે સ્નાન કરતા આ ગોપો તો પ્રભુનું રક્ષણ કરીને ચાલતા કે જેમનું રક્ષણ પ્રભુ ડગલે ને પગલે કરતા, અત્રે પ્રભુ તો પુરા વિશ્વના ભકતોનું અનેક દુરિતથી રક્ષણ કરવા સર્વદા તત્પર રહે છે કેમ કે પ્રભુમાંથી સર્વને ઐશ્વર્ય પ્રાપ્ત થયું છે. અહીં આ લીલામાં આપે ઐશ્વર્ય ધર્મને પ્રકટ કર્યો છે.

गावो मधुरा ८/२ : વીર્યધર્મ મધુરલીલાનુભવ સંપાદકત્વ સિદ્ધિ

ભગવાનને ગાયો અતીશય પ્રિય છે તેથી તો પ્રભુ નાના હતા ત્યારથી સીમમાં વાછડાં ચારવા જતાં અને માંડ પાંચ વરસના થતાં તો વનમાં ગાયો ચારવા જતા. ભગવાને ગાયોને પોતાના આત્મા સાથે જોડેલી તેમ જણાય છે કેમકે ગાયો ખૂલ્લા પગે ચાલતી તેથી ભગવાન પણ ખૂલ્લા પગે જ વનમાં ચાલતા.

માએ કનૈયાને પૂછયું – તેં આવો ભારે ગિરિરાજ કઈ રાત્રે ઊંચકયો ? તો ભગવાને તેનો યશ પોતાની પ્રિય ગાયોના દુધને આપ્યો. પ્રભુને ગાયોનું ઘૈયા–માખણ બહુ પ્રિય હતું. ભગવાન પોતાની ગાયોને જોવા તથા દોહવા સાંજે ખિરકમાં જતા. પ્રભુ ગોપીઓને અને ગાયોને મળવા ખિરકમાં જતા ત્યારે ગોપીઓની ગાયોને પણ દોહી દેતા. વનમાં દાવાનલ લાગ્યો ત્યારે પ્રભુને પોતાની ગાયોની ચિંતા થઈ અને ગાયો ખાતર દાવાનલ પણ પી ગયા. આમ ભગવાને પોતાનું વીર્ય પ્રકટ કર્યું. છાક વેળા ભગવાન અહીં તહીં ભટકતી ગાયોને તેમના નામ દઈ દઈને બોલાવતા અને ઝાડ તળે એકઠી કરતા તેથી ગાયોને પણ આરામ થાય. દીપાવલી ઉત્સવ ઉપર ગાયોને ખેલાવવા પ્રભુ સ્વયં જતા. નંદરાયજી વગેરે ને બહુ ડર લાગતો કે આ ગાયો પ્રભુને વગાડી ન બેસે પણ પ્રભુ તો ગાયો સાથે હળી ગયા તેથી સુંદર ખેલતા. વર્ષાૠતુમાં ગાયો ભિંજાતી તો પ્રભુ પણ ભિંજાતા. સાંજે વનમાંથી વ્રજમાં આવતા ત્યારે આપના સુંદર વાંકડીયા કેશમાં ગાયોની ખૂરરેણુ ભરાઈ જતી હતી અને તેવા જ દર્શન

વ્રજની ગોપિકાઓને કરાવતા, એ જણાવવા કે વ્રજમાં આવું ત્યારે મને તમો પ્રિય છો અને વનમાં આ ગાયો. પ્રભુને જે પ્રિય હોય તે મધુર, માટે ગાવો મધુરા.

૮૪ વૈષ્ણવની વાર્તામાં અબૂધ પટેલ ગાયોની અનન્યભાવે સેવા કરતો તો શ્રીનાથજી તેને સાનુભવ જતાવતા, તેના ભોજનની ચિંતા શ્રીનાથજી કરતા. કુંભનદાસના બેટા કૃષ્ણદાસે તો વનમાં ગાયોને બચાવતાં પોતાનો પ્રાણ ખોયો કેમ કે પ્રભુને ગાયો પ્રિય છે. પ્રભુ જયારે વેણુનાદ કરતા ત્યારે આ ગાયો સ્થિર થઈ જતી, ખાવાનું એમ જ રહેતું. વાછડાં પણ સ્તનપાન મૂકીને એકતાન થઈ જતાં, આમ ગાયોને પણ ગોપાલ અતીવ પ્રિય હતા ગાવો મધુરા.

यष्टि:मधुरा ८/३ : યશધર્મ ભગવાનની મધુરલીલા સંપાદકત્વ સિદ્ધિ

ભગવાને ગોપાલ ધર્મ સ્વીકાર્યો છે, તેની ઓળખ માટે આપ વનમાં જતાં હંમેશાં યષ્ટિ–લકૂટી પોતાની પાસે રાખતા. ગોપીજનો નાના સા કનૈયાની લકૂટી પડાવી લેતા અને પછી પોતાનાં ધાર્યાં કાર્ય (મનોરથ) પૂરા કરાવી લેતા. સૌનું અવલંબન ભગવાન સર્વ દેશ–કાળમાં છે, પરંતુ ગોકુલાધિપતિએ યષ્ટિનું અવલંબન સ્વીકાર્યુ છે કે જે યષ્ટિનું લૌકિક જગતમાં કોઈ જ મહત્વ નથી, આ પ્રભુની બડાઈ છે યશ છે. શ્રીવલ્લભના પુષ્ટિ ભકિત માર્ગમાં ભગવદ્ સેવાનો પ્રકાર જ એવો છે કે પ્રભુને પોતાથી અવલંબિત કરી દેવા. ભકત જગાડે ત્યારે પ્રભુ જાગે અને જમાડે ત્યારે ભોજન કરે, જે જમાડે તેને સર્વોત્કૃષ્ટ માની પ્રેમથી આરોગે આ પ્રભુનો યશ છે. ભકત પણ પ્રભુને શ્રમ ન થાય તેનું સર્વકાળમાં ધ્યાન આપે તે ભકિત વનમાં શ્રમ નિવારવા પ્રભુ યષ્ટિના ટેકે ઠાડા રહેતા. યષ્ટિના આધારે તો ગાયોને હાંકી લાવતા. આ યષ્ટિથી તો પ્રભુ ભકતોના મન નિરુદ્ધ કરવા દાનલીલામાં દૂધ–દહીંની હાંડી ફોડતા, આમ પ્રભુલીલામાં ઉપયોગીની યષ્ટિ પણ મધુરા છે. યષ્ટિ એ તો ભગવાનનો દંડ છે, શાસક હોવાનું પ્રજાને પ્રતીત કરાવે છે. ઈન્દ્રના ગર્વનું ખંડન કર્યું. વરુણનો સત્કાર સ્વીકાર્યો. ગોકુલના રાજા નંદજી છે. છતાં ગોકુલધિપ પ્રભુ છે કેમ કે ગોકુલના પ્રત્યેક વ્રજવાસીના હૃદય સમ્રાટ આપ છે, તે જ રીતે મથુરા અને દ્વારકાના રાજા ઉગ્રસેન છે પરંતુ શાસક યષ્ટિ ધારણ કરતા પ્રભુ છે કેમ કે આપની ઈચ્છા મુજબ જ પ્રત્યેક નિર્ણય લેવાય છે અને સર્વના હૃદયના આસન પર આપ બિરાજો છો. જયાં પણ દ્વારકાલીલામાં ભગવાનની આજ્ઞાનો લોપ થયો ત્યાં મુશ્કેલી જ આવી છે. ભગવાનની યષ્ટિ– શાસનમાં રહેનારા નિભર્ય રહે છે માટે તો યષ્ટિ મધુરા છે.

વેદ ભગવાનની યષ્ટિરૂપ છે કેમ કે જીવો ઉપર શાસન કરનાર શાસ્ત્રો છે. યષ્ટિ અને બંશી બન્ને જંગલના વૃક્ષમાંથી તાઢ તડકો ખમીને તૈયાર થયા છે, એક ઘન છે મર્યાદારૂપ તો એક પોલું છે ભકિત પ્રેમરૂપ. ભકિતની વ્યાખ્યામાં સ્નેહના અંગ રૂપે માહાત્મ્યજ્ઞાન આવશ્યક છે તેથી ભગવાને બન્નેને ધારણ કર્યા છે.

सृष्टि : मधुरा ८/४ : શ્રીધર્મ ભગવાનની મુધરલીલાનો સાનુભવ સંપાદકત્વ સિદ્ધિ

ગોકુલના નાથ થઈને જે પધાર્યા છે તેમની સૃષ્ટિ પણ હમણાં તો ગોકુલ, ગાયો, ગોપો તથા વ્રજ વૃંદાવનનાં સમસ્ત સ્થાવર–જંગમ પદાર્થો છે. આ બધું જ મુધરાધિપતિના સંબંધને કારણે મધુર છે. તેઓ પ્રભુલીલામાં સાક્ષાત્ સહભાગી થવાના હોવાથી જે અલૌકિક ગુણોના શૃંગાર ધર્યા છે ચિર ધર્યા છે, તેના પર મધુરતા રૂપ સુગંધી છાંટી છે.

પ્રભુએ જે સૃષ્ટિકે જગતની રચના કરી પછી તેમાં પ્રવેશ કર્યો તેથી સર્વ કંઈ ભગવદાત્મક થઈ ગયું, મધુર થઈ ગયું, જે લોકો એમ માનતા હોય કે સૃષ્ટિ માયાએ બનાવી છે, તેમના માટે સૃષ્ટિ આભાસ, મિથ્યા કે અમધુર ભલે હોય ! પીરીયો થયો હોય કે બિમાર થયો હોય તેને સત્ય કેમ સમજાવાય ? શ્રી આચાર્યજીએ અનવતારકાલીન જીવોને બ્રહ્મસંબંધ કરાવીને સર્વ બ્રહ્માત્મક–કૃષ્ણાત્મક કરાવી દીધું, એટલું જ નહિ સર્વનું સમર્પણ કરાવી આધિભૌતિક આધ્યાત્મિક અહંતા–મમતાનું ઉઠામણું કરાવી દીધું, જે આધિદૈવિક, અહંતા, મમતા રહી તે પણ સૃષ્ટિના જ અંશરૂપ હોવા છતાં તે મધુર થઈ ગઈ. ‘ગંગાત્વં સર્વ દોષાણાં ગુણ દોષાદિ વર્ણના’ એમ થયું, તેથી પ્રભુને જીવ જે કંઈ, જયારે, જયાં, જે પ્રકારે સમર્પિત કરે છે તે પ્રભુ પ્રસન્નતાથી સ્વીકારે છે કેમ કે સર્વ કંઈ મધુર. સર્વકંઈમાં મધુરતા હોવી કે મધુરતાનો અનુભવ થવો તે જ તો પ્રભુના શ્રી ધર્મના કારણે છે અને જે ભગવદીયને આવો ભાવ સ્થાયી થઈ જાય તે ભગવાનની મધુરલીલાનો સદા સાનુભવ કરતો રહે છે.

दलितं मधुरम् ८/५ : જ્ઞાન ધર્મ સ્મરશ્રમજલ/માધુર્ય સંપાદકત્વ સિદ્ધિ

આપણને પ્રાથમિક દષ્ટિએ લાગે કે પ્રભુ અસૂરોને કચડી નાખે, હણી નાખે તેમાં મધુરતા કેવી ? પ્રભુએ જોયું કે વ્રજભકતો કાચા હીરા જેવા છે, પ્રેમ ભરપૂર છે પણ શાસ્ત્રોથી અજ્ઞાત છે, સંસારમાં ડૂબેલા છે તેથી તેમના જેવા થઈ, તેમની વચ્ચે રહી તેમનામાં રહેલા આસૂરી ભાવોનો વિનાશ કરવો, તો તેમનાં પ્રેમભાવ રૂપ કાચાહીરાને પાસા પડે અને શોભી ઉઠે. તેથી ભગવાને પૂતનાતે મારીને વ્રજવાસીઓની આધિભૌતિક આવિદ્યાનો નાશ કર્યો. તે પછી કાલીયનું મર્દન કરી ભકતોની ઈન્દ્રિયો મધુર કરી, દાવાનલને પી જઈને પ્રાણાધ્યાસને દૂર કરી પ્રાણને મધુર કર્યા. ભગવાને બકાસુરને માર્યો પ્રલંબાસુરને માર્યો અઘાસુરને માર્યો બીજીવાર દાવાનલપાન કર્યું. આમ વિવિધ લીલાઓ દ્વારા વ્રજભકતોના અધ્યાસ દૂર કરી દીધા. જેમ પૂતનાને મારી દેહને મધુરમ્ કર્યો તે પછી અસૂરોને મારીને ઈન્દ્રિયો મધુરમ્ કરી અને સ્વરૂપ વિસ્મૃતિ દૂર કરીને અંતઃકરણ મધુરમ્ કર્યું પ્રભુ નંદભવનના આંગણામાં રીંગણલીલા કરે છે ત્યારે ઢીંચણીયાથી ચાલતાં અસૂરોનો વિનાશ (દલિત) કરે છે, અસૂરોનો ઉદ્ધાર કરે છે, તેમને મધુરતાનું દાન કરે છે. ભગવાન સર્વજ્ઞાનના કારણરૂપ અક્ષર પણ છે. તેથી તો આપ સર્વના મનની વાત જાણે છે અને સર્વને જાણે છે તેથી ભગવાન ભકતોને મધુરમ્ કરવા દૈત્યોનું દલન કરે છે. તેથી તો દૈત્યોનો આસરુી ભાવ પણ નાશ પામે છે અને મધુરભકતો ભગવાન સાથેની માધુર્યલીલા માટેના અધિકારી બને છે. આમ ભગવાનનું દલિતં પણ મધુરમ્ છે.

फलितं मधुरम् ८/६ : વૈરાગ્યધર્મ મધુરલીલા સંબંધ સંપાદકત્વ સિદ્ધિ

ફલ પ્રકરણમાં ભગવાન એવ ફલમ્ છે. ભગવાનની લીલાઓ પણ ફલાત્મક છે અને ભકતોની નિશ્છલ એકાંતિક ભકિત પણ ફલાત્મિકા છે. શ્રીમદ્ ભાગવતમાં અ. ૨૬ થી ૩૨ સુબોધિની (અધ્યાય કે ૨૯ થી ૩૫) તામસ ફલ પ્રકરણમાં છે, જેમાં ભગવાનના રૂપ ગુણો અને ધર્મને ફલરૂપ કહ્યા છે. ભકતોને ભગવાને બોલાવ્યા અને સંયોગસુખ આપ્યું તેથી તેમને કંઈક ગર્વ થયો ત્યારે ભગવાન અંતર્ધાન થયા પછી જયારે ભકતો વિપ્રયોગ કરી ફરી નિર્મળ થયા ત્યારે ભગવાને મહારાસમાં પરમફલ સ્વરૂપ દાન કર્યું, ભગવાને ભકતોનો મનોરથ પૂરો કર્યો. ભગવાન તો સર્વ પ્રાકૃત જેવી લીલા વૈરાગ્યભાવથી ભકતોનો નિરોધ સિદ્ધ કરી ફલાનુભવ કરાવવા કરે છે. તેથી અહીં ફલિતં મધુરમ્માં ભગવાનનો વૈરાગ્ય ધર્મ પ્રકટ થાય છે. ભકતો સાથે ભગવાન માધુર્યલીલા કરે છે, ભગવાને ગોપીઓ સાથે આત્માથી ક્રિડા કરી છે અને ગોપીઓ ભગવાનનું જ અવરરૂપ હોવાથી ભગવાન પોતાની સાથે જ ક્રિડા કરે છે. આમ વૈરાગ્યભાવ પ્રકટ થાય છે.

અનઅવતાર કાલમાં શ્રીઆચાર્યજીએ ઘરે ઘરે સેવા પધરાવી છે. જેઓ સમર્પણભાવ પૂર્વક પોતાના તન, ધન, મન થી સેવા કરે છે તેમને પ્રભુ કોઈને કોઈ સાનુભવ જતાવે છે તેમને સ્વરૂપાનંદ મળે છે માટે તો નિત્ય સેવા જીવનભર કરે છે, તેમાં તેમને કંટાળો નથી આવતો બલ્કે અધિક અને અધિક આંદન થાય છે. આ જ તો ફલિતં મધુરમ્ છે.

ધર્મીસ્વરૂપ : મધુરાષ્ટક જોતાં લાગે છે કે શ્રીઆચાર્યજીને વ્રજાધિપ પ્રભુનુ શૃંગારાત્મક સ્વરૂપ એટલું બધું પ્રિય છે કે તેનાથી સંબંધિત સર્વ કંઈ અને સર્વ કોઈ મધુરું લાગે છે. ઠાકોરજી તો રસોવૈસઃ હોવાથી ખાંડની પૂતળીની જેમ સર્વત્ર મધુર છે જ પણ પારસમણિની જેમ આપનું સંબંધિત બધું મધુર થઈ જાય છે. તેથી જ આપ કહે છે મધુરાધિપતે રખિલં મધુરં.. પ્રભુના શ્રીઅંગમાંથી પ્રગટ થયેલા દૈવી જીવોને પણ આપ મધુરં જાણે છે તેથી જેમ મધમાખી ફૂલનો રસ શોધવા ભમે, સહજતાથી ત્યાં જાય તેમ મહાપ્રુભજી પણ વીસ વીસ વર્ષ સુધી ભ્રમરની જેમ ભારતભૂમિ પર દૈવી–મધુર જીવોને મધુરાધિપતિનો સંગમ કરાવવા ભમતા રહ્યા અને તે પછીના વર્ષોમાં એવા અને એટલા ગ્રંથો પ્રકટ કર્યા કે જે મધુરતાના માર્ગ પર ચાલવા માગતા હોય તે આપના ભૂતલત્યાગ પછી પણ પ્રભુ સમ્મુખ થઈ શકે. શ્રીમદ્ભાગવત ભાગવતની આનંદમયી–મધુર લીલાઓ જ છે છતાં પણ આપે તેણે સુબોધિનિરૂપ મધુરતાથી લપેટીની વિશેષ મધુર કર્યું. ભગવાન સ્વયંની સાક્ષાત્ સેવા અને ભગવત્ કથામાં ચિત્તને કાનને વાણીને ભગવાનમાં જોડી રાખવારૂપે સર્વેન્દ્રિયોનો વિનિયોગ આપે ભકતો પાસે કરાવ્યો કેમ કે જીવ પ્રભુની મુધરતા દરેક ઈન્દ્રિયથી માણે. પ્રભુ સર્વથા મધુર છે એટલું કહીને ન અટકતાં આપે તેનું વિસ્તૃત વર્ણન કર્યું. વળી સૃષ્ટિમાં જયાં જયાં મધુરતા જણાય છે તેનું હેતુ–કારણ મધુરાધિપતિની મુધરતા જ છે એમ આપની દઢ માન્યતા છે તેમ લાગે છે તેથી તો આપ કહે છે મધુરાધિપતિ રખિલં મધુરં.

અહિં જે વિવરણ કર્યું છે તે મહાપ્રભુજીએ માણેલી કૃષ્ણ–મધુરતાનો વિસ્તાર માત્ર છે. અહીં દરેક શ્લોકમાં છ અંગો છે એટલે કે તેને પ્રભુના છ ધર્મો સાથે જોડયા છે અને દરેક શ્લોકને પ્રભુદત્ત સિદ્ધિ સાથે જોડયું છે, જેમ યુમનાજીને પ્રભુદત્ત અષ્ટસિદ્ધિ દાતા કહી છે તે રીતે. આમ અહીં અષ્ટસિદ્ધિ અને ૪૮ ભગવદ્ અંગભૂત સામગ્રીનું વર્ણન વિસ્તારથી યથામતિ શ્રીમહાજીપ્રભુજીની કૃપાથી કર્યું છે. અસ્તુ...

શ્લોક–૧	**શ્લોક–૨**	**શ્લોક–૩**	**શ્લોક–૪**
અધર	વચન	વેણુ	ગીત
વદન	ચરિત્ર	રેણુ	પાન
નયન	વસન	હસ્ત	ભોગ
હાસ્ય	અવરોધ (વલિત)	પાદ	શયન
હૃદય	ચલિત	નૃત્ય	રૂપ
ગમન	ભ્રમિત	સખ્ય	તીલક

શ્લોક–૫	**શ્લોક–૬**	**શ્લોક–૭**	**શ્લોક–૮**
કરણ	ગુંજા	ગોપી	ગોપ
તરણ	માલા	લીલા	ગાય
હરણ	યમુના	યુકત	યષ્ટિ
રમણ	વિચી (તરંગ)	મુકત	સૃષ્ટિ
વમિત	સલિલ	દષ્ટ	દલન
શમિત	કમલ	શિષ્ટ	ફલિત

અષ્ટસિદ્ધિ

૧. સકલ સિદ્ધિના હેતુરૂપ
૨. ભગવદ્રતિ વર્ધકત્વ
૩. ભગવત્ સંબંધમાં પ્રતિબંધકત્વ નિવૃતકત્વ
૪. ભગવત્ સંબંધ સંપાકદત્વ
૫. ભકત કલેશ નિવૃતકત્વ
૬. ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ
૭. તનુનવત્વ સંપાદકત્વ
૮. સ્મરશ્રમજલ સંબંધ સંપાદકત્વ
(મધુરલીલા સંબંધ સંપાદકત્વ)

ઉપસંહાર મધુરાષ્ટક :

શ્લોક–૧

ભગવાન રસઘન સ્વરૂપ છે, પૂર્ણાનંદ છે, પ્રેમનો સાગર હોવા સાથે પુષ્ટિની ભરતી તેમા આવે છે જે અંતરંગ ભકતો માટે જ છે. આ બધું જ પ્રભુનું મધુરમ્ છે. પહેલી પુષ્ટિ કે પહેલી ભકિત ? તેનું કોઈ સીધું સીધું – સાદું સૂત્ર નથી પરંતુ પહેલી ભગવદીચ્છા તે નક્કી છે. પ્રભુએ વેણુનાદ કર્યો ત્યારે પ્રભુમાંથી મધુરતા ટપકી તો જડ તેવા વૃક્ષોમાંથી રસ ઝરવા લાગ્યો તે પણ મધુરતાનો પ્રતિભાવ રૂપ આનંદ હતો. ભકતને ભકિતની સિદ્ધિના કારણરૂપ ભગવાન જ છે તે સમજ ભકતના જ હૃદયમાંથી ગુંજતી મધુરતા છે. ભકતથી ભગવાન મોહિત થઈ ગયા છે તેવું દર્શાવવા પ્રભુ લાળ ટપકાવે છે જે પ્રભુની હડપચી પર સ્થિર થઈ જાય મધુરતા રૂપે. પ્રભુનું વદનકમળ પોતાની મધુરતા પ્રગટ કરે કે પ્રભુનાં નયનોમાંથી મુધરતાની ટસરો ફૂટે કે પ્રભુના મુખમાંથી હાસ્ય–તરંગો રૂપે મધુરતા વહે કે પ્રભુ ભકત હૃદયમાં મધુરતા પ્રગટાવે કે ભકત પ્રભુના હૃદયનો ભાવ જાણી લે કે પ્રભુનું આગમન કે ગમન ભકતમાં અલૌકિક સંયોગાનંદ કે અલૌકિક વિપ્રયોગાનંદ પ્રગટાવે. આ બધી જ સિદ્ધિ હાંસલ થવામાં પ્રભુની મધુરતા છે.

પ્રભુની મધુરતા એ તો સ્નેહરસથી ભરેલું ફળ છે તેની ઉપર ભગવન્માહાત્મ્યનું એક પડ છે. તે પડમાં ભકિતરૂપી સોયથી એક છિદ્ર કરી, માહાત્મ્યજ્ઞાનને સ્હેજ હટાવાય તો મુધરરસ ટપકી પડે. જેનાથી ભકત પ્લાવિત થઈ જાય તે રસને મધુરરસને ભજનાનંદ કહે છે.

શ્લોક–૨ : ‘ભગવાન રસો વૈસ’ હોવાથી આપની લીલા પણ રસરૂપ મધુરી છે. આપ મા–મિત્રો–ગોપી કે ભકતો સાથે જે વચનો ઉચ્ચારે તેમાંથી રસ જ ટપકે અને ભકતોની પ્રભુ પ્રતિ રતિનું વર્ધન જ થાય.

આખું ભાગવત પુરાણ આપની આનંદમયી લીલાના ચરિત્રરૂપ છે અને શુકદેવજી કહે છે. તેનાથી જીવમાં પરમાત્મા પ્રતિ રતિ પ્રકટન–વર્ધન થાય છે. ઠાકરોજીનો વસન પર ગોપીજનો મોહિત હતા તો ઠાકોરજી અવરોધ પર કંસ–શિશુપાલ મોહિત હતા. ભગવાનનું ચાલવું અને ઘુમવું બન્ને વિરુદ્ધ પ્રકારની ક્રિયા છે કેમ કે ચલિતંથી ગતિ પણ ભકત/અભકત ગતિ કરીને મોક્ષના દ્વારે પહોંચે છે તો ધુમવાની ક્રિયા કયાંય લઈ જતી નથી પણ પ્રભુની રુદ્ધ કરનાર છે. આથી તો પ્રભુની આ લીલા આપના વીર્ય ધર્મ દર્શક છે.

શ્લોક–3 : વેણુગીતનો પાંચમો શ્લોક કહે છે.

રન્ધ્રાન્ વેણોરધર સુધયા પૂરચન્ ગોપ વૃંદે.
વૃન્દારણ્યં સ્વપદરમણં પ્રાવીશદ્ ગીતકીર્તિ.

આ શ્લોકમાં વેણુની મધુરતા બતાવી છે. ‘સ્વપદ રમણં’થી રેણુ અને પાદની મુધરતા બતાવી છે, તથા નૃત્યથી મધુરતા બતાવી છે ગોપવૃન્દૈઃ કહેતાં સખ્યપણાની મધુરતા પણ બતાવી છે અને ગીતકીર્તિથી શ્રી હસ્તની મધુરતા રન્ધ્રાન વેણારધર સૂધયા પૂટયનથી બતાવી છે.

તદુપરાંત ગીત કીર્તિથી પ્રભુનો યદાધર્મ પણ ગોપવૃંદ પ્રકટ કરી રહ્યા છે. વેણુગીતમાં જે પ્રકારે વર્ણન છે એટલે કે જડ–ચેતનની પર પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક ભગવદ આસકિત દર્શાવી છે તેથી જણાય છે કે આ પ્રભુની લીલાત્મક ક્રિયાઓ ભગવત્ સંબંધમાં પ્રતિબંધક નિવૃત્તક છે.

શ્લોક–૪ : પ્રભુ પોતે વેણુનાદ રૂપ ગીત દ્વારા ભકતના કર્ણ પડિયા દ્વારા હૃદયમાં બિરાજીને હૃદયને મધુરતાથી ભરી દે છે તો તે ભકત કિર્તન દ્વારા તે જ મધુરતાને પાછી પ્રભુને સમર્પિત કરતાં મુધરતાને ઝારીથી માં ભરીને પ્રભુને પીવડાવે છે. પાવું અને પીવું એ પ્રભુધર્મ છે તે જ રિતે પ્રભુ ભકતના ભાવનો ભાગ કરે છે. જેમ સર્ગલીલા કરીને નિરોધ સુધીની લીલા વડે ભકતના ભાવનો મર્યાદા જીવોના શાસ્ત્ર નિષ્ઠાનો અને પ્રવાહી જીવોની સ્વચ્છંદતાનો ભોગ કરે છે. તો મુકિતલીલા રૂપ શયન કરીને તે લીલાને શયન પણ કરાવી દે છે પ્રભુ સર્વત્ર અંદર અને બહાર રૂપલીલા કરી રહ્યા છે તો પ્રભુ વ્રજમાં બિરાજીને માત્ર પોતાના એકાંતિક ભકિત નિષ્ઠો સાથે અંતરંગ લીલા પણ કરે છે આ ભકતો પ્રભુ માટે તીલક સમાન છે જેમ ભકતના મસ્તક પર તિલકરૂપે પ્રભુના ચરણારવિંદ બિરાજે છે તેમ પ્રભુના શ્રીમસ્તક ઉપર તિલક રૂપે વ્રજભંકતો ભાવ બિરાજે છે. પ્રભુની આ બધી જ આનંદમીય લીલા છે તે સ્વતંત્ર છે અને અડચણ વગર ચાલ્યા જ કરે છે માટે તો અહીં આ શ્લોકમાં પ્રભુનો શ્રીધર્મ પ્રકટ થાય છે. આવા ભકતોને કે જે પ્રભુના મધુરરસને પીવે છે અને તેનો જ પ્રભુને ભોગ ધરે છે તેમને ભગવત્સંબંધ સંપાદકત્વ પ્રભુ સ્વયં કરી આપે છે.

શ્લોક–૫ : ભગવાને જ પ્રવુતિ ધર્મ પ્રકટ કરીને કર્મમાર્ગ પ્રકટ કર્યો (કરણં મધુરમ્) ભકત ભગવાન સંબંધી ક્રિયા (સેવા કે કથા) કરે તો તેને પ્રભુની મધુરતાના અનુભવ થવાથી અન્ય સર્વ કલેશ નિવૃત્ત થઈ જાય છે પ્રભુએ નિવૃત્તિ માર્ગ પ્રકટ કરીને મર્યાદા ભકતોને સંસર સાગર તરાવી દે છે તો પુષ્ટિભકતોને બ્રહ્માનંદસાગર તરાવી છે (તરણં મધુરમ્) ભગવત્કૃપા લાભાર્થીને આ બન્નેય માં ભગવાનની મધુરતાનો જ અનુભવ થાય. તે જ રીતે મર્યાદા ભકતોના સંસારના તાપાત્મક દુઃખોનું હરણ (હરણં મધુરમ્) કરી લે છે ભકત્ ભગવાનનું માહાત્મ્યજ્ઞાનમાં ડૂબેલો રહે અને હરાઈ જાય છે. ભક તગવલ્લીલાની મધુરતાનો આસ્વાદ લેતો જાય ત્યારે કયારે દુઃખો હરાઈ ગયા તેની પણ ખબર ન પડે. તો પુષ્ટિભકતો તો પોતાની સર્વ ઈન્દ્રિયો અને અંત કરણ મન તથા આત્માથી પ્રભુ સાથે રમણ કરે છે તેથી તેને પણ સાંસારિક કે વૈદિક દુઃખોનો સ્પર્શ નથી થતો. તે તો મુધરસપાનમાં મદમતે જ રહે છે. ભગવાન સેવાફળમાં કહ્યા પ્રમાણે સાયુજ્યરૂપ ફલ આપીને પોતાનામાં સમાવી લે છે ત્યાં પણ તે ભકત પ્રભુરસમાં ડૂબેલો રહે છે અને જેને પ્રભુ બહાર કાઢી ‘લમિતં મધુરમ્’ રસાનુભવ કરાવે છે

તે પણ મધુરતાથી ધન્ય થઈ જાય છે. ભગવાનનું માહાત્મ્યજ્ઞાન જ એવું છે કે કયાંક રાગ પ્રગટાવે તો કયાંક ત્યાગ. કયાંક પ્રપંચશકિતનું હરણ કરે તો કયાંક ભગવદાસશકિતથી રમણ કરાવે કયાંક ભકત સાથે પ્રત્યક્ષ ખેલે બહિઃરમણ કરે તો કયાંક અંતઃરમણ કરે. પ્રભુની આ વિરુદ્ધ–ધર્માશ્રયી લીલા જ ભગવાનનું માહાત્મ્ય છે. ભગવાનનું માહાત્મ્ય ભકતના કલેશને નિવૃત્ત કરનારું છે.

શ્લોક–૬ : આ શ્લોકના નામો ભગવત્ પ્રિયત્વ સંપાદકત્વ છે. પ્રભુ ધારે તો રંકને રાજા બનાવી દે તેવી ઈશ્વરતા આપી દે, જો તે ભકત હોય અને નિઃસાધન હોય ગુંજાફળની માળા નથી કોમળ, નથી આકર્ષક પણ પ્રભુ તેની દીનતાથી પ્રસન્ન થઈ ગયા અને કંઠે ધારણ કરી પ્રભુને વનમાળામાં પોતાના પ્રિય ભકતો જણાય છે અને તેમને પ્રભુ કંઠમાં ધારી રાખે છે. યમુના પ્રભુનો યશ ગાતી વહે છે. અને પ્રભુની વાણી સાંભળવા તેના તરંગો સ્થિર થઈ જાય છે આ જ તો તરંગોની શોભા–શ્ર છે. રાસલીલા પછી આવા યમુના જળમાં પ્રભુ ક્રીડા કરે છે તેથી તો યમુનાજી તે જલ ભગવત્ પ્રિયત્વ સંપાદક છે અને પ્રભુ ને કમલ અતીશય પ્રિય છે કેમ કે તેમાં નિર્ગુણતાના ભાવ સાથે દિવ્ય ગુણો ઝળકે છે આમ આ બધા જ પદોમાં ભગવદ્ ધર્મો પ્રકટ જણાય છે તથા તે ભગવદ્ પ્રિયત્વ સંપાદન કરાવી આપનારા છે કે તેવો બોધ કરનારા છે. મધુરતાને માણનારા અને સંપાદન કરાવનારા છે.

શ્લોક–૭ : જે કો ભગવન્મય થઈ ગયા છે તેમનો દેહ અલૌકિક બની જાય છે. તેઓ ભગવદ્રૂપ બની જાય છે જેમકે ગોપીઓ, ભગવાનની લીલામાં તેન્મય થયેલાઓ, ભગવાનમાં નિરુદ્ધ થયેલા (યુકત) કે ભગવાન સિવાય સર્વથી મુકત, કે જે કોઈ પ્રભુની દષ્ટિમાં વસી ગયો હોય અથવા જે કોઈ પ્રભુની શરણાગત અને સમર્પિત તેવો શિષ્ટ છે. આ સૌને આ દેહથી જ ભગવત્ સ્વરૂપાનંદ પ્રાપ્ત થાય છે. કમે કે આ બધામાં ભગવદ્ધર્મો પ્રકટ થઈ ચૂકયા છે. ભગવાનની મધુરતા તેમનામાં પ્રકટ થઈ ચૂકી છે. તેમના આધિપતિ એકમાત્ર મધુરાધિપતિ કૃષ્ણ જ છે.

શ્લોક–૮ : ભગવાને પોતાનું સમાનશીલ જેમને ગણ્યા છે તેવા ગોપો, ગાયો અને લકુટી લીલાસ્થલીને અનુક્રમે ઐશ્વર્ય વીર્ય યશ અને શ્વીનું દાન કર્યું છે. ગોપોને ઈશ્વરતા આપી છે તો પ્રભુ કહે છે પ્રિય ગાયોનું દૂધ પીને મારામાં વીર્ય બળ આવ્યું છે. અને મારી લકુટી–તો સૃષ્ટિને નિયમમાં બાંધનારી છે તેનાથી તો યશ પ્રકટ થાય છે. તથા વ્રજભૂમિ–લીલાભૂમિની શોભાનું વર્ણન તો દસમસ્કંધના તામસ પ્રકરણમા છે જ. અહીં બધે જ પોતાની મધુરતાને પ્રભુએ છૂટા હાથે વેરી છે. આ મધુરતાનો ક્ષય કરનારા તત્વોનું પ્રભુ દલન પણ કુશળતા પૂર્વક કરી દે છે અને દલન થનાર માટે પણ તે ફલરૂપ બની જાય છે તે તો પ્રભુની મધુરતા છે. દૈત્યોને માર્યા છતાં મુકિત આપી તે મધુરતા નથી તો શું છે?

લીલાના પાત્રો છે, મધુરતારૂપ પ્રભુનો શૃંગાર છે. અને તે મધુરાધિપતિનો શૃંગાર છે તેવો ભાવ રાખનારને પ્રભુની મધુરલીલાનું ભાવ સંપાદન થાય છે.

મધુરાષ્ટકની સંગતિ દશવિધલીલા સાથે

બ્રહ્મમાં મધુરતાં કેવી? પરંતુ જ્યારે તે લીલાર્થે અનેક રૂપ, નામ, ક્રિયા માં પરિણમે છે ત્યારે તે રસોવૈસઃની રસમયતા ટપકી પડે છે ત્યારે જ જ્ઞાનીઓને જણાય છે કે તે રસોવૈસઃ છે અને ભકતોને રસરૂપ પ્રભુ અનુભવાય છે કેમ કે તે મધુરાધિપતિ છે

મધુરાષ્ટકના પ્રત્યેક શ્લોકમાં મધુરાધિપતિની છ મધુરલીલા છે જે આપના ઐશ્વર્યાદિ છ ધર્મોમાંથી પ્રકટી છે અથવા ઐશ્વર્યાદિ છ ધર્મોને પ્રગટાવે છે ! માટે જ દરેક શ્લોકને અંતે શ્રી આચાર્યજી પ્રભુ અને પ્રભુની લીલા પર ઓવારી જઈને કહે છે – મધુરાધિપતે રખિલં મધુરમ્

આ મધુરાષ્ટકમાં શ્રીઆચાર્યજીએ લીલાકર્તા અને લીલાને ગુંથ્યા છે, શ્રીમદ્ભાગવતના શાસ્ત્રાર્થથી. શ્રી આચાર્યજી આપણને બોધ કરે છે કે પ્રભુની આનંદમયી લીલા, તે સમસ્ત ભાગવતનો ટૂંકાક્ષરી અર્થ છે અને ભાગવત એ ભગવાનની લીલા વર્ણવે છે કેમકે તેનો ઉદ્દેશ દૈવીજીવોનો ઉદ્ધાર કરવાનો છે. પ્રભુ તો સૃષ્ટિલીલા પણ કરે, અવતાર લીલા પણ કરે, સારસ્વત કલ્પમાં કૃષ્ણ લીલા પણ કરે, ઘરનો ઠાકુર બનીને પ્રત્યેક ભકત સાથે અને ભકત હૃદયમાં પણ લીલા કરે. તેના આ રાસમંડળના અનેક કુંડાળા છે.

અહીં શ્રીમદ્ભાગવતમાં પ્રભુએ કરેલી લીલાને ભાગવતકારે દશ વિભાગમાં વહેંચી છે તે છે સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વંતર, ઈશાનુકથા, નિરોધ, મુકિત, આશ્રય

અહીં આ મધુરાષ્ટકના વિવરણ ગ્રંથમાં પ્રભુની આ દશવિધ લીલાને મુધરાષ્ટકની લીલાના પાત્રો સાથે જોડવા સંગતિ કરવા પ્રયાસ કર્યા છે જે આ પ્રમાણે છે.

લીલા	**મધુરાષ્ટકમાંના લીલા પાત્રો**					
સર્ગ	સૃષ્ટિ	વચન	વેણુ	ગીત	વમિત	સલિલ
વિસર્ગ	લીલા	કરણ	વસન	વિચી		
સ્થાન	યમુના	ચલિત	ગમન	કમલ		
પોષણ	ગાવઃ	ભુકત	નયન	પીત	હરણ	
ઊતિ	દલિત	વલિત	ભ્રમિત	પાણિ		
મન્વંતર	હાસ્ય	માલા	યષ્ટિ	શિષ્ટ	દષ્ટ	
ઈશાનુકથા	ચરિત	રેણુ	તીલક	ગુંજા	ગોપ	
નિરોધ	હૃદય	મૃત્ય	સખ્ય	અધર	વદન	રૂપ
મુકિત	મુકત	તરણ	શમિત	સુપ્ત		
આશ્રય	ફલિત	પાદ	યુકત	રમણ	ગોપી	

સર્ગ લીલા એકે અનેક થવા મધુર સૃષ્ટિ રચી—સૃષ્ટિ મધુરા.

એટલું જ નહિ શબ્દ સૃષ્ટિ રચી—વચનં મધુરમ્

શબ્દ સૃષ્ટિરૂપ વેદ રચાયા—વેણુ મધુરા

ગદ્ય જ નહિ પદ્યસૃષ્ટિ રચીને ગીતં મધુરમ્,

આ બધી સૃષ્ટિ પ્રભુએ જે પોતાની અંદર સ્થિત હતી તેને બહાર પ્રકટ કરી—વમિતં મધુરમ્.

સૃષ્ટિના આધાર માટે જલરાશી પ્રકટ કર્યો— સલિલં મધુરમ્.

વિસર્ગ લીલા આ સૃષ્ટિ પ્રભુએ પોતાના લીલાર્થે પ્રકટ કરી. લીલા મધુરા

આ સર્ગ પ્રભુની કૃતિ છે માયાની નહિ તેથી કરણં મધુરમ્

સૃષ્ટિના રક્ષણ અને પોષણ માટે આવરણો પંચમહાભૂતાદિ બન્યા વસનં મુધરમ્

તેમની હિલચાલ શરૂ થઈ તેથી વિચિ મધુરા.

સ્થાન લીલા પ્રભુએ દૈવીજીવો માટે ભકિતરૂપ આદર્શ સ્થાન યમુનાજી પ્રકટ કર્યા કે જે નિર્ગુણતાના પ્રતિક છે— યમુના મધુરા

તો કમલ જેવી મધુરતા—કોમલતા ભકિતમાં પ્રકટ કરી—કમલં મધુરમ્

ભકિત માર્ગમાં પુષ્ટિલીલા સ્થિતનું પોષણ. પ્રભુમાં જ ઈન્દ્રિયોનું (ગો) વિનિયોગ તે બતાવ્યું કર્મમાર્ગી માટે યજ્ઞને અર્થ ગાયો ઈન્દ્રિયોનું બધેથી છોડાવી આત્મામાં સ્થિતિ કરવાનું ગાવો મધુરા

સ્થિતિ માટે ભોગ આવશ્યક છે પણ તે ભગવદર્થે જ કરવો—ભુકતં મધુરમ્.

જે કંઈ પાન કરવું તે પ્રભુના સ્વરૂપનું તેથી નયનમ્ મધુરમ્. તથા પિતમ્ મધુરમ્

અવિદ્યાગ્રસ્ત વિષયોનો ત્યાગ કરશું તો જ ભકિતરૂપ સ્થાન સ્થિર થશે માટે હરણં મધુરમ્.

ઊતિ લીલા પ્રભુ પોતાના જનોને ભકિતમાં અવરોધ કરતી આસુરીવૃત્તિઓનું દલન કરે છે. તેથી દલિતં મધુરમ્,

સંસારમાં આજ સુધી ભમી રહેલા ભકિત માર્ગીય જીવને પ્રભુ પોતાના શ્રીહસ્તથી ઉગારે છે તેથી—ભ્રમિતં મધુરં

પાણિઃ મધુરઃ પ્રભુ જીવની યાત્રામાં આડે આવતી વાસનાને અટકાવે છે ચાહે તે સદ્ અસદ્ કે મિશ્ર વાસના હોય! તેનામાં ભગવદ્ વાસના પ્રગટાવે છે વલિતં મધુરમ્

મન્વંતર લીલા ભગવાને સૃષ્ટિને નિયમમાં—મર્યાદામાં બાંધવા માટે મનુઓને સત્તા આપી.

રાજદંડ આપ્યો. પ્રભુ ગાયોને વિખૂટી ન પડી જાય માટે જેમ યષ્ટિ લાકડી વાપરે છે તેમ મનુને રાજયદંડ આપ્યો યષ્ટિ મધુરા

સાધન દશામાં તેમના માટે પ્રભુ શિષ્ટમ્ મધુરમ્ છે

છતાં ય પ્રભુની જીવ પ્રતિની દષ્ટિ તો કૃપાયુકત જ હોય છે તેથી કહે છે દષ્ટમ્ મધુરમ્

પ્રભુની દષ્ટિ જીવ પર હંમેશાં હોય છે કે જેથી તે માર્ગ પરથી હટી ન જાય આ પણ પ્રભુની રાજદંડ દષ્ટિ છે.

પ્રભુ જે ભકતોને પોતાની સમિપ રાખે છે તે માલારૂપે રહે છે પરંતુ તે પુષ્પો કે જે ભગવદભકતો છે તે ભકિતમાર્ગીય મર્યાદા સૂત્રથી તો બંધાયેલા જ રહે છે કે જેથી તે ભગવન મહાત્મ્યને વિસરી ન જાય તેથી શ્રીઆચાર્યજી કહે છે—માલા મથુરા.

આમ પ્રભુ ભકતોને મર્યાદામાં રાખે છે કે જેથી તે સારી રીતે ભગવાનની મધુરતા માનવા લાગે. આ પ્રભુની મધુર મન્વંતર લીલા છે.

ઈશાનુકથા લીલા ભગવાનના બાળલીલાના ચરિત્રો તો અતી મધુર છે. જીવનું પ્રભુ પ્રતિ સહજ આકર્ષણ ચરિત્રોથી જ થાય છે તેથી ભગવાનના અનુગામી ભકતો માટે પ્રભુ ચરિત્રો કરે છે તેથી શ્રી આચાર્યજી કહે છે—ચરિતં મધુરમ્ પ્રભુની ચરણરજ ભકત માટે અમૂલ્ય સંપતિ છે, તો ભકત પ્રભુના ચરણોને પોતાના મસ્તક પર તીલકરૂપે ધારણ કરે છે અને પ્રભુને સર્વોત્તમ—તીલક રૂપ જાણે છે તેથી તીલકં મધુરમ્ ભકતો ભગવાનના તીલકને અનુસરનારા છે.

ભગવાન નિઃસાધન ભકતોને પોતાના કંઠમાં ધારણ કરે છે તેથી ગુંજામધુરા કહ્યું છે. પોતાના ભકત મિત્રો ગોપોનું પ્રભુ હિતેચ્છુ છે. ગોપો પ્રભૂ—ઈશનું અનુસરણ કરનારા છે તેથી આચાર્યજી કહે છે ગોપા મધુરા.

નિરોધ લીલા : જેમનું ચિત્ત—દેહ—વાણી સર્વ કંઈ પ્રભુમાં જ સ્થિત છે અને પ્રભુ પણ તેવા ભકતોના હૃદયમાં બિરાજેલા રહે છે તેથી પ્રભુનું તેવું હૃદયં મધુરમ્ કહ્યું છે.

આવા નિરુદ્ધ જીવો સાથે અને જીવો માટે પ્રભુ રાસની રચના કરે છે. રસની આપ લે કરે છે. નૃત્ય કરે છે. નૃત્યમ્ મધુરમ્.

તેમના સ્કન્ધ પર તથા કંઠમાં ભૂજા રાખે છે કેમ કે પ્રભુ તેમને સખાનું સ્થાન આપે છે. તેવું પ્રભુનું સખ્યમ્ મધરુમ્ છે.

તેવા ભકતોને પ્રભુ સર્વાભોગ્યા અધરસુધાનું દાન પણ કરે છે. તો તેવા ભકતોની અધર સુધા ભગવદ્ ભોગ્યા પણ બને છે, તેથી આચાર્યજી કહે છે—અધરં મધુરમ્ ગોપીજનો પ્રભુના મુખારવિંદમાં નિરુદ્ધ થઈ ગયા છે તેથી તો આપ કહે છે—વદનં

મધુરમ્

અહીં આપે રૂપથી માધુર્યનું દાન કર્યુ છે તેથી રૂપં મધુરમ્

આપે લોભામણું હાસ્ય કરીને વ્રજવનિતાઓને પોતાનામાં નિરુદ્ધ કર્યા છે તેથી હસિતં મધુરમ્ કહ્યું છે.

મુક્તિ લીલા : પ્રભુ નિજભકતોને સંસારમાંથી મુક્ત કરે છે. તેથી આપનું મુક્તં મધુરમ્ છે.

મધુરમ્ એટલા માટે કે મુક્ત કર્યા પછી પાછા પોતાનામાં આસકત કરે છે. પ્રભુ તેમને ભવસાગરમાંથી તારે છે પણ પોતે તેમના સંસારમાં સાથે સાથે તરે છે તેથી તેમનું તરવું મધુરં બની જાય છે. તેથી આચાર્યજી કહે છે–તરણં મધુરમ્.

ભગવાન આવા નિરુદ્ધ ભકતોના ત્રિવિધ તાપનું શમન કરી દે છે તેથી સમિતમ્ મધુરમ્.

પ્રભુ મુક્તિ લીલામાં પોતાની શકિતઓને પોઢાવીને પોઢવાની લીલા કરે છે તેથી સુપ્તમ્ મધુરમ્.

આશ્રય લીલા : પ્રભુ સ્વયં ફલરૂપ છે અને ભકતો માટે ભગવાન જ આશ્રયરૂપ છે. ભગવાનની લીલા પણ ફલરૂપ છે તથા મધુર છે તેથી શ્રીમહા પ્રભુજી ફલિતમ્ મધુરમ્ કહે છે.

ભગવાનના ચરણમાં જેની પ્રપત્તિ છે તે પણ પ્રભુની આશ્રય લીલા છે તેથી–પાદૌ મધુરૌ.

પ્રભુના ભકતજીવનું સાયુજય થાય કે જેમાં પ્રભુ ઈચ્છે. ત્યારે ભકતને પોતાના રૂપ– લીલા–સેવાનો અનુભવ પણ કરાવે છે તે પણ આશ્રય લીલા છે તેથી યુકતં મધુરમ્ કહ્યું છે.

જે શ્રેષ્ઠ ભકતો સાથે પ્રભુ સદા રમણ કરે છે તેમનામાં તો અલૌકિક સામર્થ્ય પ્રભુ જ પ્રકટ કરે છે. તેથી ‘રમણં મધુરમ્’

આવા ભકતો તો ગોપીભાવવાળા હોય છે તેઓ તો પ્રભુની સર્વોચ્ચ આશ્રય લીલાથી લાભાન્વીત થાય છે તેથી આપ કહે છે ‘ગોપી મધુરા’

અહીં સેવાફલમાં વર્ણવેલા ત્રણે ફલ સમાઈ જાય છે તે ઉપરાંત કૃષ્ણાશ્રયમાં બતાવેલ પ્રપત્તિ પણ આવી જાય છે. આ બધી જ પ્રભુની લીલા તો ભકતોને મધુરતા જ આપે છે કેમ કે મધુરાધિપતિ રખિલં મુધરમ્ છે.

મધુરાષ્ટક–કીર્તન   સંગતિ

અધરં   મધુરમ્

– માધૌજુ તનકસૌ વદન તનકસે ચરન તનક કરન પર તનકસૌ માખન
તનકસે અધર તકનસી દતિયાં તનક હંસન હરિ લેત સબન મન

– જબ જાનત આધીન ભયે હૈ દેખત ગ્રીવ નવાવત
પોઢત અધર ચલત કર પલ્લવ રંધ્ર ચરન લપટાવત

વદનં   મધુરમ્

– કઠુલા કંઠ ચિબુક તરે મુખ દસન બિરાજે
ખંચન બિચ શુક આનીકૈ મનુ પર્યો દુરાજે

– હો વારી તેરે મુખ પર
મેરી દષ્ટિ જિન લાગો માઈ મસિ બિંદુકો દેહું ભ્રુપર

નયનં   મધુરમ્

– યહ તન કમલ નૈન પર વારોં સામ લિયા મોહી ભાવૈરી

– આજ નંદલાલ મુખચંદ નૈનન નિરખી પરમ મંગલ ભયો ભ્વ્ન મેરે

– સુભગ વિકસીત વદન નૈન અતી રસમસે
મોરી મુખ હાસ કછુ સકુચ કીની

હસિતં   મધુરમ્

– કબ હંસી બાત કહેગો મોસૌ યહ સુખ સબ દૂરી કરૈં
શ્યામ અકેલો અંગના છાંડીકે આપ ગઈ કછુ કામ ધરૈ.

– ઘોસનારી સંગ મોહન રચ્યો રાસ બનાય
કહત જનનિ બ્યાહકી તબ હસત વદન દુરાય

હૃદયં મધુરમ્

– ચપલા ચમકે તન બિજુ છટૈ ઉર મોતીન માલ અમોલનકી
– કબહૂંક હૃદય લગાય ચૂમ તિ મુખ બૈઠી અંચલ ડારી
– ભાવ બિન માલ નફા નહિ પાવે
ભાવ બિન ભકતનકો સર્વસ્વ ભાવ હી હૃદય બઢાવૈ
– હરિલીલા ઉર આવે તાકે સકલ વાસના નાસે

ગમનં મધુરમ્

– પ્રથમ ગોચારન ચલે કન્હાઈ
ગોપાલ માઈ કાનન ચલે સબેરે
– વ્રજજન ફૂલે અંગ ન માત
આજુ ગયે ગૌચારન આજ્ઞા દીની તાત

વચનં મધુરમ્

– કબ દતિયાં દ્વૈ દૂધકી દેખો કબ તોતરે મુખ વચન ઉચ્ચરૈ
કબ અરુ નંદબાબા કહી ટેરૈ કબ મૈયા કહી મોહી રરૈ
– બાલવિનોદ આંગનમેં ડોલની
મનિમયભૂમિ સુભગનંદાલય બલિ બલિ ગઈ તોતરી બોલની
– અલબલ બોલત બાની તોતરી
સુનિસુનિ વ્રજલલના કહે બલિ બલિ હિયે લાય આનંદ હોતરિ

ચરિતં મધુરમ્

– મોહન વ્રજ કેરૌ રતન
એક ચરિત્ર આજ મેં દેખ્યૌ પૂતના પતન
– શ્રી ગિરિવરધર હટરી બૈઠે નંદબાવાકે સાથ
નાનાવિધકે મેવા આને બાંટત અપને હાથ

વસનં મધુરમ્

– બાગો લાલ સુનેરી છાપો હરિ ઈજાર વિરચાઉ
પટુકા સરસ બેંગની રંગકોં હંસલી હાર હમેલ બનાઉં
– લટપટી પાગ બની સિર આજ
ટેઢી ઘટી ચંદ્રિકા સુંદર ભઈ મન્મથ મન લાજ

વલિતં મધુરમ્

– ભોર હી કાન્હ કરત મોંસો ઝગરો
સબન છાંડી કરત હઠ મૌસોં નિત ઊઠી રોકી રહત હે ડગરો
– આવન કહ ગયે અજહૂ ન આયે પ્રિય
સબ નિસિ બિતી મોહે ગિનત હી તારે
– પનઘટ રોકે હીર ટહત કન્હાઈ
યમુનાજલ કોઉ ભર ન પાવત દેખત હી ફિર આઈ

ચલિતં મધુરમ્

(૧) ચલત ઘુટુરુવન ચપલ મોહન હંસત કછુ એક મંદ
દાસ ગોવિંદ પ્રભુ વિલોકતી હોત જીય આનંદ
(૨) સિખવત ચલન યશોદા મૈયા
અરબરાય કર પાન ગહાવત ડગમગાત ધરની પરે પૈયાં
(૩) મારગ ચલત અનીત કરત હરિ હટકે માખન ખાત
(૪) આંગન પંકરાગ તન સોહત ચલ નુપૂર ધૂનિ સુનિમન મોહ
પરમસનેહ બઢાવત ભાયન રવકિ રવકિ બૈઠત ચઢી ગોદ

ભ્રમિતં મધુરમ્

– દેખત દરપન કહત ગોપાલ
અરિ મૈયા યહ કૌન દૂસરૌ મોહીસૌ તેરો લાલ
– બાલ વિનોદ ખરે જીય ભાવત
મુખ પ્રતિબિંબ પકરીબેકો હરિ હુલસી ઘુટુરુવન ધાવત

વેણુઃ મધુરઃ

– ખેલનહી ચલે વ્રજરાઈ
કરતલ વેણુ લકુટીયા કાંધે કટિમેખલા બનાઈ
– મુરલીવારે સાંવરે નેક મારગ મોહી બતાવરી
– મુરલી હરિકો નાચ નચાવત
એતે પર યહ બાંસ બંસુરીયા નંદનંદનકો ભાવત

રેણુઃ મધુરઃ

– ચરન કમલકી રેનુ યશોદા લૈ લૈ શીશ ચઢાવૈરી
– શોભિત કર નવનિત લીયે
ઘુટુરુવન ચલત રેનુ તન મંડિત મુખદધિ લેપ કીયે
– સૂરદાસ જસુમતિ રજ ઝારત કહાં ભરી યહ ખેહ
– કર પહૂંચી પાયન પનસૂરા તન રંજિત રજ સિત

પાણિઃ મધુરઃ

– માખન તનક લેત કર અપને તનક બદન યે નાવત
કબહૂં પ્રતિબિંબ ખંભ કો લો નીલે દીખરાવત
– મહાબલ કીનો હો વ્રજનાથ
ઈત મુરલી ઉત ગોપીનસોં રતિ ઈત ગોવર્ધન હાથ
– મેરે લાડીલે ગોપાલ ગિરિ કર ધર્યો સાત વરસ કે સાત દ્યૌસ
બલહારી યા બામ ભૂજાકી યા ઢોટા પર
સૂરન સહિત સૂરપતિ ડાર્યો

પાદૌ મધુરૌ

– યશોમતિ મન અભિલાષ કરૈં
કબ મેરો મોહન ઘુરુરુવન રેંગૈ કબ દ્વેક પગ ધરની ધરૈ
– ઉઠત તાનતરંગ બીચ બીચ જમી રાગ રંગની
ધરત પગ ડગમગત આંગન ચલત ત્રિભુવન ધની
– ગિરિધર ડોલત પાંયન પાંયન
અંગુરી ગહેં નંદબાબાકી ઘુટુરુવનકે ચાઈન

નૃત્યં મધુરમ્

– આંગન સ્યામ નચાવહી જસુમતિ નંદરાની
તારી દૈ દૈ ગાવહી મધુરે સૂર બાની
– લિખ્યો દ્વારૈ નાગકારો સ્યા દેખી ડરાય.
સહસ્ત્ર ફન પર નિર્ત કિનૌ સપ્ત તાલ બજાય

સખ્યં મધુરમ્

– બેઠે જાય સઘન વન અંતર, ગોદુહી મથત હે ઘૈયા
આપુન પિવત ઔરન પ્યાવત રસિક સદા બલ જૈયા
– આસપાસ બ્રજબાલક મંડલી મધિ બલમોહન બૈઠ
ખાત ખવાવત પ્રેમ પ્રમોદન
બાલકેલી ક્રિડત ગોવિંદ પ્રભુ
હસિ દૂરી જાત સુબલકી ગોદન

ગીતં મધુરમ્

– હરિ અપને આગે કછુ ગાવત
તનક તનક ચરણન સોં નાચત મનહી મન રિઝાવતી
– બલિ બલિ જાઉં મધુર સૂર ગાવ હૂં
અબકી બાર મેરે કુંવર કનૈયા નંદહી નાચ દિખાવહુ

પીતં મધુરમ્

– તનક પ્યાય પાની યહ મિસ ગયે વાકે ગેહ
કનક કલસ જલ ભરિ લાઈ વ્રજસુંદરી
અચવન લાગે ઓક ઢીલી કરી
તબ ગ્વાલીન મંદ મંદ મુસીકાની
– દૂધ પીઓ મનમોહન પ્યારે
– બોલત બીરા ખાત હંસત ડોલત

ભુક્તં   મધુરમ્

– કબ મેરો અંચલ ગહી મોહન દ્વૈ દ્વૈ કહી મોહસે ઝગરે
કબ ધોં તનક તનક કછું ખેહેં અપનો કર લૈ મુખ હી ભરૈ
– લોનીકર પસરત આનન પર કછુક ખાત કછુ લગ્યૌ કપોલનિ
કહીં ધોં સૂર કહાં લગી બરનોં ધન્ય નંદજીવન જગ તોલનિ

સુપ્તં   મધુરમ્

– દ્વાર દ્વાર પ્રતિ સખા બુલાયે બછવા ઢીલવો ભાઈ
ભોર ભયે અબ તૂમ કહા સોબત જાગહૂ નંદ દુહાઈ
– દોઉ મિલી પોઢે એકહી સંગ
સીયરી બ્યાર ઝરોંખન આવત કરત કેલી રસરંગ

રૂપં   મધુરમ્

– રૂપ દેખી નૈના પલક લાગે નહિ
– ચત્રભૂજ પ્રભુ ગિરિધરકો સ્વરૂપ સુધા
પાન કીજૈ જીજૈ સદાહી સરન
– ચત્ર ભૂજ પ્રભુ ગિરિધરકો રૂપરસ પીવત
નૈનપુટ ત્રુપતિ ન પાવત

તિલકં   મધુરમ્

– કઠુલાકંઠ રુચિર કેહરી નખ વ્રજમાલ બહુ મોલનિ
બદન સરોજ તિલક ગૌરોચન લટલટકન મધુપગન ટોલની
– ચારુકપોલ લોલ લોચન છબિ ગોરોચનકો તિલક દીયે
લર લટકન માનોં મત્ત મધુપગન માદિક મધુ હી પીએ.

કરણં   મધુરમ્

– મુકરી ગયે મૈં સુની ન દેખી જૂઠેઈ આની બનાઈ
દૈ પ્રતીતિ પસારિ વદન તબ સબ વસુધા દરસાઈ
– શિવ વિરંચિ મહિમા નહિ જાનત સો તો ગાય સંગ ધાયૌ

તાતેં તૂં પહચાનત નાંહી કૌન પુન્ય તેં પાયો.
– તૂણાવર્ત આકાશતેં પટકયૌ હન્યૌ મુષ્ટ ફિરાય
ડરત લલના ઝૂલત પલના ખરે દેત ઝુલાય.

તરણં   મધુરમ્

– બડોધન હરિજનકો હરિનામ
– શિવ વિરંચી ઈન્દ્રાદિ દેવતા મુનિજન કરત નામકી આસ
ભકતવત્સલ હરિનામ કલ્પતરુ વરદાયક પરમાનંદ દાસ
– ચક્રકે ધરનહાર ગરૂડકે અસવાર નંદકે કુમાર મેરો સંકટ નિવારોજૂ
જે પદ પદ્‌મ પરસિ ઋષિ પત્ની મૃગઅરુ વ્યાધ અમિત ખલ તારે

હરણં   મધુરમ્

– જે પદપદ્‌મ લોકત્રય પાવન સૂરસૂરી દરસ કરત અઘ ભાર
– સૂરદાસ તેઈ પદપંકજ ત્રિવિધ તાપકે હરન હમારે
– પરમાનંદ દાસકો ઠાકુર દીનાનાથ અભય પદદાયક

રમણં   મધુરમ્

– ઘોષનારી સંગ મોહન રચ્યો રાસ બનાય
કહત જનની બ્યાહકી બાત તબ હસત વદન દુરાય
– નાચત લાડીલી લાલન રાસમેં સૂનૌ હો સહેલી રંગ રહ્યો
– નવલ નાગરી સંગ નવલ નાગર રાઈ
નવલ કુંજ બિહારી મનમથ મનુહારી
સુરતી કેલી અંગ અંગ સુખદાઈ

વમિતં   મધુરમ્

– હોં ભોરી મેરૌ કાન સયાનૌ
યાહિતે લાલ ખિજત હી તુમસોં દૂધકોં ગઈ તોલોં માર ઢુરાનોં
– એક સમે સુતકો હુલરાવતિ જસુમતિ મુદિત કરત મૃદુગાને
વિધુસૌ વદન કમલદલ લોચન સુંદરશ્યામ તબૈ જુંભાને

શમિતં મધુરમ્

– તુમ જીન ડરૌ નૈન સબ મુંદૌ હંસી બોલે નંદ લાલ
સૂર અનલ સબ બદન સમાનૌ નિરભૈ કિયે વ્રજબાલ
– જાકે સરન ગયે ભય નાંહિ સો સિંધુ પરમાનંદ દાસ

ગુંજા મધુરા

– વહી સુંદર સીસમુકુટ ગુંજામની લાવન
પરમાનંદ સ્વામી ગોપાલ અંગ અંગ નચાવન
– ગોપ ભેષ નટલીલા વિગ્રહ વૃંદાવનતે આવની
ધાતુ પ્રબાલ કુસુમ ગુંજામની દેહ સિંગાર બનાવની

માલા મધુરા

– અલક બિથુરે વદન મૃગમદ તિલક સોહે ભાલ
દગન અંજન ભ્રૌંહ બિંદુકા અધર રસત રસાલ
– કંઠ બધના ચરન નૂપુર કિંકની કલનાદ
કરન પહોંચી ઉરસિ માલા શબ્દ સુની અહ્લાદ

યમુના મધુરા

– દેખો માઈ યા બાલકકી બાત
બન ઉપવન સરિતા સબ મોહે દેખત સાંવલ ગાત
– શ્રી યમુનાજી પતિત પાવન કર્યે
– યહ જમુના ગોપાલ હી ભાવે

વિચિ મધુરા

– દોઉ કૂલ ખંભ તરંગ સીઢી શ્રીયમુના જગત વૈકુંઠનિ શ્રેની
– પ્રફૂલ્લિત બન વિવિધ રંગ ઝલકત યમુના તરંગ
– જલતરંગન પરસકર પયપાન સો મુખ ભર્યે
નામ સુમરત ગઈ દુરમતિ કૃષ્ણજસ વિસ્તય

સલિલં મધુરમ્

– અતીમંજુલ જલપ્રવાહ મનોહર સુખ અવગાહત
વિદિત રાજત અતિ તરણિનંદિની
– જલક્રિડા કરત તેરે તટ તુમ સમ નહિ કોઉ તીનૌ ભવને
સૂર નરમુનિકે ધ્યાન ન આવત સો પ્રભુ તિહારે ગૃહ ગવને

કમલં મધુરમ્

– દેખો સાઠ કમલ ઈક ઠૌર
તામેં બીસ પ્રકટ દેખીયત હૈ રાધા નંદકિશોર
– ચરણકમલ વંદો જગદીશ
– સુંદર વદન કમલદલ લોચન ગોધન કે સંગ આવે.

ગોપી મધુરા

– સબ ગ્વાલ નાચેં ગોપી ગાવૈ
પ્રેમ મગન કછુ કહત ન આવૈ
– આંગન નંદકે દધિ કાદો
છિરકત ગોપી ગ્વાલ પરસ્પર પ્રગટે જગમેં જાદોં

લીલા મધુરા

– કબ કેરો અંચર ગહી મોહન દ્વૈ દ્વૈ કહી મોસોં ઝગરૈ
કબ ધોં તનક તનક કછુ ખેહેં અપની કરલૈ મુખહી ભરૈ
– તેરી સોં કહા કહૂ યશોદા ઉરાહનૌ દેત લજાત
જબ હરિ આવત તેરે આગે સકૂચિ તનક વ્હૈ જાત
– અતી અલૌકિક બાલલીલા કયો હૂં જાની ન જાઈ
મુગ્ધતા સૌં મહારસ સુખ દેત રસિક મિલાઈ

યુક્તં મધુરમ્

– મેરો સાંવરો કન્હાઈ માઈ એકૌ દ્વૈ ન જાને
દૂધ ઔર દાવાનલ દોઉ એક હી કરીકે માને
કમલ ઔર ગોવર્ધન લાલા દોઉ એક કરી લેખે
– સૂર લીલા કેતી કરિ ગાવૈ દેવ સપને હૂં નહિ દેખે.

મુક્તં મધુરમ્

– પદ્યપિ પરબ્રહ્મ અવિનાશી મહતારી ડર માનૈ
પરમાનંદ પ્રીતિ ઐસી પુનિ શુક મુનિ વ્યાસ બખાનૈ
– જે નર વિમુખ ભયે ગોવિંદસોં જન્મ જન્મ બહુતે દુઃખ પાયો
શ્રીભટકે પ્રભુ દીયો અભયપદ યમ ડરપ્યો તબ દાસ કહાયો

દષ્ટં મધુરમ્

– જારી અટારી ઝરોખન મોખન ઝાંકત દૂર દૂર ઠોર ઠોરતે
– બિન દેખે ગિરિધરન લાલ મુખ યુગ ભર જાત ઘરી
– મોહી લૈ ઈન નયનકી સૈન
– દષ્ટિ પરેં જા દિવસ તેં લાલ તબતેં રુચે ન આન

શિષ્ટં મધુરમ્

– શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ શરણ મમ ઉચ્ચરે
રૈનદિન નિત્ય પ્રતિ સદા પલ છિન ઘડી
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે
– રમા અજ શેષ સનકાદિ શુક સારદા
વ્યાસ નારદ રટે પલક મુખ ના ટરે

ગોપા મધુરા

– ખેલત શ્યામ ગ્વાલન સંગ
સુબલ હલધર અરુ શ્રીદામા કરત નાના રંગ
– ભોજન કરત નંદલાલ સંગ લીયે ગ્વાલ બાલ
– અહો અહો સુબલ અહો શ્રીદામા અર્જુન ભોજ વિશાલ
અપને અપને ઓદન લાઓ આજ્ઞા દઈ હે ગોપાલ

ગાવો મધુરા

– બાંહ ઉઠાય કાજરી ધૌરી ગૌઅન ટૈર બુલાવત
કબહૂંક બાબા નંદ પૂકારત કબહૂંક ઘર હી આવત
– પકરી બછરા પૂંછ ઐંચત અપની દીશ કર જોર
કબહૂં બચ્છ લઈ ભાજત હરિકો યુવતિજનકી ઓર
– કુંજન કુંજન ગૌચરાઈ નિસદિન યમુના જાઉં
બૈઠી પાતાલ કાલિનાગ નાથ્યૌ તહાં ન દેખે હાઉ
મૈયા કૈસે હૈ હાઉ
– યહ સુખ બ્રહ્માદિકકો દુર્લભ જો જીવત સંત આઈન
સો સુખ સૂરશ્યામ કહાં પૈયત જો સુખ વ્રજકી ગાઈન

યષ્ટિ મધુરા

– નવ પિતાંબર લકુટ મુરલિકા શિર સિખંડ બનાયે
પ્રીત સહિત અવલોક ગ્રહત હરિ માતપિતાકે પાય
– કાંધે લકુટ ધરી નંદ ચલે બલદાઉ બાલક લીયે આગે

સૃષ્ટિ મધુરા

– હરે બ્રહ્મા બાલ બચ્છ કૃત હેત દોરી માયા
બચછ ગ્વાલ સમૂહ સબ મિલિ ફીરી વ્રજ રચ્યો હે આય
– દેખો માઈ યા બાલકકી બાત
બન ઉપવન સરિતા સબ મોહે દેખત સાંવલ ગાત

દલિતં મધુરમ્

– તાર્યો સકટ પૂતના મારી તૃણાવર્ત વધકીનો
સાત દિવસ તેરે ઈ ઢોટા એક હાથ ગિરિ લીનો
– તૃણાવર્ત લઈ ગયો અકાશે તાહીકોં ઘતન
જે જે દુષ્ટ ઉપદ્રવઠાનેં તિનહીંકો હતન
– દોઉ ભૈયા ઘુટુરુવન ચલત
હરત દુઃખ વ્રજભૂમિકૌ દે મોદ દૈત્યન દલત.

ફલિતં મધુરમ્

– સદા મન શ્રીગોકુલમૈ રહિયે
– બડો ધન હરિજનકો હરિનામ
– ગિરિધર જબ અપનો કરી જાને
તાકો મન ભકતનકી સેવા ભકત ચરનરજ સદા લુભાને
– હરિરસ વૃંદાવન તેં આયો